કચ્છ ઉદય
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ, અભિનંદન,જાહેર ખબરમાં સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
-: સ્થળ :-
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

સાપ્તાહિક
Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૩૦ જૂન, ૨૦૨૪ રવિવાર
કિમત રૂા.૨/-
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
૩૧ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

◆અંક નંબર : ૦૬◆વર્ષ : ૩૧ ◆પાના - ૮ ◆ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH - 184-2019-2021 ◆RNI No. 97708◆ સંવત ૨૦૮૦ ◆જેઠ વદ-૯ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

‘ટીમ ઇન્ડિયા’ પર દેશને ગર્વ : પીએમ

ટીમ ઇન્ડિયા પર શુભેચ્છાઓનો વરસાદ, PM મોદી, અમિત શાહ, સચિન તેંડુલકર સહિત વિવિધ હસ્તીઓએ પાઠવ્યા અભિનંદન

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : ભારતીય ટીમે ફરી એકવાર વિદેશી ધરતી પર ઈતિહાસ રચ્યો છે. રોહિત શર્માની કેપ્ટન્સીમાં ભારતે T20 વર્લ્ડ કપ ૨૦૨૪ નો ખિતાબ જીત્યો છે. આ ઐતિહાસિક જીત બાદ ટીમ ઈન્ડિયાને (Team India) અભિનંદન આપવાની પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે. ત્યારે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ ટીમ ઈન્ડિયાને વિશ્વ વિજેતા બનવા બદલ શુભેચ્છા પાઠવી હતી અને કહ્યું હતું કે, અમને ભારતીય ક્રિકેટ ટીમ પર ગર્વ છે.

પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર અભિનંદન પાઠવતો એક વીડિયો પણ પોસ્ટ કર્યો છે. આ સાથે તેમણે લખ્યું, “ચેમ્પિયન! અમારી ટીમ T20 વર્લ્ડ કપને શાનદાર અંદાજમાં ઘરે લાવી! અમને ભારતીય ક્રિકેટ ટીમ પર ગર્વ છે. આ મેચ ઐતિહાસિક હતી.”જ્યારે ભારતીય ક્રિકેટ ટીમના ભગવાન ગણાતા સચિન તેંડુલકર પણ ભારતીય ક્રિકેટ ટીમને શુભેચ્છા પાઠવી છે. એક્સ પ્લેટફોર્મ પર ટ્વીટ કરી સચિન તેંડુલકરે લખ્યું કે, ચક દે ઈન્ડિયા!! ગૃહમંત્રી અમિત શાહે પણ ભારતીય ક્રિકેટ ટીમને શુભેચ્છા પાઠવતા ટ્વીટ કર્યું કે, વર્લ્ડ કપ ચેમ્પિયન ટીમને ખૂબ ખૂબ અભિનંદન આપણા રાષ્ટ્ર માટે ગૌરવપૂર્ણ ક્ષણપ. આપણા ખેલાડીઓએ ટીમ ભાવના અને ખેલદિલી સાથે સમગ્ર #T20WorldCup દરમિયાન શાનદાર પ્રદર્શન કર્યું. રાષ્ટ્ર તેમની ઐતિહાસિક સિદ્ધિ પર ગર્વથી ફૂલી જાય છે.

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ ટ્વીટ કરી ટીમ ઈન્ડિયાને શુભેચ્છા પાઠવી છે અને લખ્યું કે, ભારતે ૧૩ વર્ષ બાદ T-૨૦ વર્લ્ડ કપ જીતીને ઈતિહાસ રચ્યો છે. સમગ્ર દેશ માટે આ ખૂબ જ ખુશીનો પ્રસંગ છે. તમામ દેશવાસીઓ અને અમારા તમામ ખેલાડીઓને ખૂબ ખૂબ અભિનંદન ઉપરાંત, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ, ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, અજય દેવગન સહિતની હસ્તીઓએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી ટીમ ઈન્ડિયાને વર્લ્ડ કપ જીતવા બદલ શુભેચ્છા પાઠવી છે.

દેશને બંધારણ પર અતુટ વિશ્વાસ : મોદી

વડાપ્રધાન નરેન્દ્રમોદીએ મન કી બાતના ૧૧૧મા એપીસોડમાં દેશવાસીઓ સાથે કરી વાત : વિવિધ મુદાઓ પર કરી છણાવટ

(એજન્સી દ્વારા)

નવી દીલ્હી : ત્રીજી વખત પીએમ પદની જવાબદારી સંભાળ્યા બાદ પીએમ મોદીનો મન કી બાત કાર્યક્રમ શરૂ થયો છે. મન કી બાત કાર્યક્રમમાં બે રીતે ખાસ છે. એક તો લોકસભાની ચૂંટણીમાં જીત અને બીજુ દેશની કમાન સંભાળ્યા બાદ પીએમ મોદી મનની વાત કાર્યક્રમ કરી રહ્યા છે.બીજી તરફ શનિવારે ૧૭ વર્ષ બાદ એક વાર ફરી ઈતિહાસ રચીને વર્લ્ડકપ પોતાના નામે કરી લીધો છે. ભારતની આ ભવ્ય જીત બાદ પીએમ મોદી મન કી બાત કાર્યક્રમ સંબોધન કરી રહ્યા છે.

પીએમ મોદીએ એક પેડ મા કે નામ અભિયાનનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે મે પણ મારી માતાના નામે એક વૃક્ષ વાવ્યુ. આમ કરવાની આપણી માતાનું સન્માન તો થશે જ પરંતુ ધરતી માનું પણ સન્માન થશે.અલગ અલગ ભાગોમાં ચોમાસુ બેસી રહ્યુ છે.પીએમ મોદીએ કેરળમાં આદિવાસી બહેનો દ્વારા છત્રી બનાવવાના કાર્ય વિશે જાણકારી આપી. તેમણે કહ્યું કે કાર્થોમ્બી છત્રીઓનું ઉત્પાદન કેરળના અટ્ટપ્પડીમાં થાય છે. આ રંગબેરંગી છત્રીઓ ખૂબ જ આકર્ષક હોય છે. આની બીજી ખાસિયત એ છે કે મહિલાઓ તેને તૈયાર કરે છે અને તેની માંગ ઘણી વધી ગઈ છે.

–તો નાગરિકોને નાની રજૂઆતો માટે રાજ્ય સ્વાગતમાં આવવું ના પડે : સીએમ

ગાંધીનગર : મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના જિલ્લા કલેકટરો-વિકાસ અધિકારીઓને સ્પષ્ટપણે જણાવ્યું છે કે, નાગરિકોને પોતાની નાની-નાની રજૂઆતો માટે રાજ્ય સ્વાગત સુધી આવવું જ ન પડે તેવી સમસ્યા નિવારણની સુચારૂ વ્યવસ્થા જિલ્લા કક્ષાએ જ સુનિશ્ચિત કરવામાં આવે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, સામાન્ય માનવીના નાના-મોટા પ્રશ્નોનું નિરાકરણ જિલ્લા સ્વાગતમાં સ્થાનિક વહીવટી તંત્ર જ લાવી દે તો ગાંધીનગર રાજ્ય સ્વાગતમાં આવવાની જરૂરિયાત જ ન ઉભી થાય.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જન ફરિયાદ નિવારણના ઓનલાઈન ઉપક્રમ રાજ્ય સ્વાગતમાં તેમણે રજૂઆત માટે આવેલા અરજદારોની રજૂઆત સાંભળી તેના ત્વરિત અને યોગ્ય નિવારણ માટે સંબંધિત કલેક્ટરો-વિકાસ અધિકારીઓને સૂચનાઓ આપી હતી. જૂન-૨૦૨૪ના આ રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રીશ્રી સમક્ષ ઉદ્યોગ, શહેરી વિકાસ, મહેસૂલ, માર્ગ-મકાન, ગેરકાયદે બાંધકામ દૂર કરવું તથા સરકારી પડતર જમીનમાં દબાણ દૂર કરવા જેવા વિષયોને સ્પર્શતા પ્રશ્નો રજૂ થયા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગેરકાયદે બાંધકામ, જમીન માપણીની ક્ષતિઓ જેવી બાબતોમાં સખતાઈથી કામ લેવા પણ જિલ્લા વહીવટી તંત્રોને સ્પષ્ટ તાકીદ કરી હતી. મુખ્યમંત્રીશ્રીની અધ્યક્ષતામાં નિયમિતપણે દર મહિનાના ચોથા ગુરુવારે યોજવામાં આવતા સ્વાગત ઓનલાઈન જન ફરિયાદ નિવારણ કાર્યક્રમ આ વખતે શાળાપ્રવેશોત્સવના કારણે ૨૯ જૂન, શનિવારે યોજાયો હતો. આ કાર્યક્રમની આજની કડીમાં ૧૨ જેટલા પ્રશ્નો રજૂ થયા હતા. જૂન મહિના દરમિયાન

અનુસંધાન પાના નં.૪ પર

રાજ્ય વેચાણ વેરા વિભાગમાં ધરખમ ફેરફારો કરાયા

ગાંધીધામ ખાતે સહાયક રાજ્ય વેરા કમિશનર ઓડિટ તરીકે ફરજ બજાવતા આર.એમ. પ્રજાપતિને બઢતી આપીને અમદાવાદ ખાતે મુખ્ય રાજ્ય વેરા કમિશનર કચેરીમાં નાયબ રાજ્ય વેરા કમિશનર પદે નિયુક્તિ તો રાજકોટ ખાતે ફરજ બજાવતા એચ. કે. સ્વામી ને બઢતી આપ ીને સંયુક્ત રાજ્ય વેરા કમિશનર વિભાગ ૧૨ ગાંધીધામ ખાતે નિમણૂંક અપાઈ

૧૧ સંયુક્ત રાજ્યવેરા કમિશનરોની બદલી : ૮ નાયબ વેરા કમિશનર ને સંયુક્ત રાજ્યવેરા કમિશનર તરીકે બઢતી અપાઈ : ૧૮ નાયબ રાજ્યવેરા કમિશનરોની બદલી : ૫૪ સહાયક રાજ્ય વેરા કમિશનરોને નાયબ રાજ્ય વેરા કમિશનર તરીકે બઢતી અપાઈ

ગાંધીનગરઃ રાજ્ય સરકારે રાજ્ય વેરા કમિશનર કચેરીના ૧૧ સંયુક્ત રાજ્ય વેરા કમિશનરોની બદલી અને ૮ જેટલા નાયબ રાજ્યવેરા કમિશનરોને સંયુક્ત રાજ્યવેરા કમિશનર તરીકે બઢતી આપતા હુકમો કર્યા છે.

ગાંધીધામ ખાતે સંયુક્ત રાજ્યવેરા કમિશનર વિભાગ-૧૨ તરીકે ફરજ બજાવતા બી.એ.સોલંકી ની બદલી કરીને તેમને મહેસાણા ખાતે સંયુક્ત રાજ્યવેરા કમિશનર વિભાગ -૪ તરીકે નિમણૂંક આપવામાં આવી છે.

આ ઉપરાંત નાયબ રાજ્ય વેરા કમિશનર વર્તુળ-૨૩ રાજકોટ ખાતે ફરજ બજાવતા એચ. કે. સ્વામી ને બઢતી આપીને તેમને સંયુક્ત રાજ્ય વેરા કમિશનર વિભાગ ૧૨ ગાંધીધામ ખાતે નિમણૂંક આપવામાં આવી છે. આ ઉપરાંત ૧૮ નાયબ રાજ્યવેરા કમિશનરોની બદલીઓ કરવામાં આવી છે જેમાં ગાંધીધામ ખાતે નાયબ

અનુસંધાન પાના નં.૪ પર

લશ્કરી ઇતિહાસમાં પ્રથમ વખત, બે ક્લાસમેટ લશ્કર અને નૌકાદળને કમાન્ડ કરશે : બંને પાંચમા ધોરણથી છે મિત્રો

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : ભારતીય સૈન્ય ઈતિહાસમાં પ્રથમ વખત, બે સહાધ્યાયી નૌકાદળ અને સૈન્યને એકસાથે કમાન્ડ કરવા જઈ રહ્યા છે. લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી રવિવારે આર્મી ચીફ તરીકે ચાર્જ સંભાળશે, જ્યારે એડમિરલ દિનેશ ત્રિપાઠી ૩૦ એપ્રિલથી નેવી ચીફ છે.રસપ્રદ વાત એ છે કે નેવી ચીફ એડમિરલ દિનેશ ત્રિપાઠી અને આર્મી ચીફ લેફ્ટનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ મધ્યપ્રદેશના રીવા સ્થિત સૈનિક સ્કૂલમાં અભ્યાસ કર્યો છે.લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદી અને એડમિરલ ત્રિપાઠી છેલ્લી સદીના સિત્તેરના દાયકામાં સૈનિક સ્કૂલ, રીવા ખાતે ધોરણ પાંચમાં ક્લાસમેટ હતા. લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદીનો રોલ નંબર ૯૩૧ હતો અને એડમિરલ ત્રિપાઠીનો રોલ નંબર ૯૩૮ હતો. શાળાના શરૂઆતના દિવસોથી જ તેમની વચ્ચે ગાઢ મિત્રતા છે. લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદી સેનાના ૩૦મા ચીફ હશે. તેઓ જનરલ મનોજ પાંડેનું સ્થાન લેશે જેઓ ૨૬ મહિનાના કાર્યકાળ બાદ રવિવારે નિવૃત્ત થઈ રહ્યા છે.લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદી ચીન-પાકિસ્તાનની સરહદો સારી રીતે જાણે છે.લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદી એવા સમયે

અનુસંધાન પાના નં.૪ પર

૧૮ વર્ષ બાદ કૈલાસનાથનની CMOમાંથી વિદાય.! મોદી સહિત ૪ મુખ્યમંત્રી સાથે કર્યું કામ

ગાંધીનગરઃ મુખ્યમંત્રી કાર્યાલયમાં લગભગ બે દાયકા વીતાવનારા અધિકારી કે.કૈલાસનાથનને વિદાય આપવામાં આવી છે. તેમનું ૩૦ જૂનના રોજ એક્સટેન્શન અને ૬ મહિનાનો કાર્યકાળ પૂર્ણ થઈ ગયો છે.હાલ તેઓ મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ તરીકે ફરજ બજાવી રહ્યા હતા.તેમની સેવાના અંતિમ દિવસ પહેલા જ વિદાય માન આપવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૩માં વય મર્યાદાના કારણે નિવૃત્ત થયા પછી સતત ૧૧ વર્ષ સુધી ગુજરાતના વહીવટી તંત્રમાં કરાર આધારિત સેવા આપી છે.તેમની કેન્દ્ર સરકારમાં નિયુક્તિ અથવા તો કોઈ રાજ્યના રાજ્યપાલ બનાવવામાં આવી શકે છે.કે.કે.તરીકે જાણીતા કૈલાસનાથન ચાર મુખ્યમંત્રીઓ સાથે કામ કરી ચૂક્યા છે. તેઓ ૨૦૦૬થી અત્યાર સુધી મુખ્યમંત્રીના અગ્ર સચિવ તરીકે ફરજ બજાવતા હતા. આ દરમિયાન ગુજરાતના ચાર મુખ્યમંત્રી એવા નરેન્દ્ર મોદી, આનંદીબેન પટેલ, વિજય રૂપાણી અને ભૂપેન્દ્ર પટેલ સાથે કામ કર્યું હતું. માત્ર એટલું જ નહીં, તેમને ઈતિહાસમાં સૌથી વધુ ૧૧ વખત એક્સટેન્શન મળ્યું હતું.

કૈલાસનાથનને સ્વસ્થ, તંદુરસ્ત અને નિરામય નિવૃત્ત જીવન માટે મુખ્યમંત્રીએ શુભેચ્છા પાઠવી

ગાંધીનગરઃ મુખ્યમંત્રી કાર્યાલયમાં મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ તરીકે ફરજ બજાવતા કે કૈલાશનાથન નિવૃત્ત થતા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે કૈલાસનાથનને સ્વસ્થ, તંદુરસ્ત અને નિરામય નિવૃત્ત જીવન માટે શુભેચ્છાઓ પાઠવી હતી.મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે સોશિયલ મીડિયા એક્સ પર પોસ્ટ કરીને કહ્યું હતું કે મારા કાર્યાલયમાં મુખ્ય અગ્ર સચિવ તરીકે સેવાઓ

અનુસંધાન પાના નં.૪ પર

મધ્યપ્રદેશ ભાજપના પૂર્વ અધ્યક્ષ પ્રભાત ઝાને દિલ્હી એરલીફ્ટ કરાયા

નવી દીલ્હી : MP ભાજપના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ પ્રભાત ઝાની તબિયત લથડી હતી. તેમને એરલિફ્ટ કરીને દિલ્હી લઈ જવામાં આવ્યા હતા. તેમને ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.આ પહેલા સ્ના ઝસ ડો. મોહન યાદવ ભાજપના પ્રદેશ મહાસચિવ હિતાનંદ શર્મા સાથે બંસલ હોસ્પિટલ પહોંચ્યા હતા અને તેમની તબિયત વિશે ખબર પુછી હતી. કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ પણ હોસ્પિટલ પહોંચ્યા અને ડોક્ટરો સાથે ઝાના સ્વાસ્થ્ય અંગે ચર્ચા કરી હતી.MP ભાજપના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ પ્રભાત ઝાના પુત્ર આયત્ન ઝાએ કહ્યું કે તેના પિતાના તમામ અંગો સારી રીતે કામ કરી રહ્યા છે. રિપોર્ટ્સ પણ સારા છે. પરંતુ તેને રાત્રે મગજમાં તાવ આવ્યો, તેથી સાવચેતી તરીકે તેને મેદાંતા ખાતે ખસેડવામાં આવ્યા છે. મેદાન્તામાં જ ચાલે છે.

તિકડમ !
- દેવેન વ્યાસ

ગુજરાતમાં મેઘાની જમાવટ : સુરત - વલસાડ જળબંબાકાર

વલસાડ જિલ્લાના વાપીમાં સવારે બે કલાકમાં ૪ ઇંચ થી વધુ વરસાદ : આજે સવારે બે કલાકમાં રાજ્યના ૭૭ તાલુકામાં મેઘમહેર : રાજ્યના ૯ તાલુકામાં ૨ કલાકમાં ૧ ઇંચ થી ૪ ઇંચ વરસાદ

ગાંધીનગરઃ રાજ્યમાં છેલ્લા ત્રણ ચાર દિવસથી દક્ષિણ ગુજરાત મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં મેઘરાજાની મહેર થઈ છે. સતત ૩ દિવસથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં મેઘરાજા મન મૂકીને વરસતા ચોમાસું બરોબર જામ્યું છે. રાજ્યમાં આજે સવારે ૬ વાગ્યાથી ૮ વાગ્યા સુધીના બે કલાકમાં રાજ્યના ૭૭ તાલુકાઓમાં વરસાદ પડ્યો હતો. જેમાં સૌથી વધુ વલસાડ જિલ્લાના વાપી તાલુકામાં બે કલાકમાં ૪ ઈંચ વરસાદ પડતા વાપીના નીચાણવાળા વિસ્તારોમાં માર્ગો પર પાણી ફરી વળ્યા હતા. આજે દિવસ દરમિયાન સવારે બે કલાકમાં વાપી, મહુવા, સંખેડા, બોડેલી, સુરત શહેર, ધોરાજી, ઉમરગામ, ભરૂચ, જાંબુઘોડા, પલસાણા અને ધરમપુર તાલુકામાં એક ઈંચ થી લઈને ચાર ઈંચ જેટલો વરસાદ પડ્યો હોવાના અહેવાલો સાંપડયા છે. આજે દિવસ દરમિયાન પણ દક્ષિણ ગુજરાત મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં સામાન્યથી ભારે વરસાદની

અનુસંધાન પાના નં.૪ પર

રશિયા બાદ વડાપ્રધાન મોદી ઓસ્ટ્રિયા જાય તેવી શક્યતા

(એજન્સી દ્વારા)

નવી દીલ્હી : વડા પ્રધાન નરેન્દ્ર મોદી જુલાઈના બીજા સપ્તાહમાં ઑસ્ટ્રિયાની મુલાકાત લેવાનું આયોજન કરી રહ્યા છે, યોજનાઓથી પરિચિત લોકોએ જણાવ્યું હતું કે, આ મુલાકાત બંને દેશો વચ્ચે સ્ટાર્ટઅપ અને હાઇ-ટેક ક્ષેત્રોમાં સંબંધોને મજબૂત બનાવી શકે છે.મધ્ય યુરોપિયન રાષ્ટ્રની મોદીની પ્રસ્તાવિત મુલાકાત ચાર દાયકામાં ભારતીય વડાપ્રધાનની પ્રથમ મુલાકાત હશે.ઈન્દિરા ગાંધી ૧૯૮૩માં ઓસ્ટ્રિયાની મુલાકાત લેનાર છેલ્લા ભારતીય વડાપ્રધાન હતા. બંને દેશો હાલમાં દ્વિપક્ષીય સંબંધોની સ્થાપ્રાની ૭૫મી વર્ષગાંઠની ઉજવણી કરી રહ્યા છે.

ઓસ્ટ્રિયા નાટોનું સભ્ય નથી અને યુક્રેન સંઘર્ષ વચ્ચે તેણે મોસ્કો સાથે તેના આર્થિક સંબંધો જાળવી રાખ્યા છે. જો કે, તેણે યુક્રેન સંઘર્ષને પગલે રશિયાની નિંદા કરી છે અને વિયેના દુશ્મનાવટને સમાપ્ત કરવા અને રાજકીય શાંતિ પ્રક્રિયા શરૂ કરવાના હેતુથી પ્રયત્નોને સમર્થન આપવાનું ચાલુ રાખે છે. આ યુરોપિયન યુનિયન રાષ્ટ્ર ભારતના સ્ટાર્ટઅપ, હાઇ ટેક અને એજ્યુકેશન સેક્ટરમાં મહત્વની ભૂમિકા ભજવે છે. સંશોધન અને વિકાસ પર તેના ભાર સાથે, ઑસ્ટ્રિયાએ ખાસ કરીને અદ્યતન ઉત્પાદન, નવીનીકરણીય ઉર્જા અને માહિતી ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં સ્ટાર્ટઅપ્સ માટે સારું પ્લેટફોર્મ પૂરું પાડ્યું છે.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
જેઠ વદ - ૯, તા.૩૦ જૂન, રવિવાર

તંત્રી સ્થાનેથી....

'નીટ'નો ગોટાળો રાષ્ટ્રવ્યાપી ?

મેડીકલ અભ્યાસક્રમ પ્રવેશ માટે લેવાતી નીટની પરીક્ષામાં પેપરલીક સહિતના ગોટાળાઓ ગેરરીતિ-ગોલમાલમાં એક પછી એક કાળા ચિઠ્ઠા સામે આવી રહ્યાં છે. ગોધરામાં લાખો રૂપિયા લઈને NEET પરિક્ષાર્થીઓના પેપર 'નિષ્ણાંતો'એ લખ્યા હતા, 'પેપર પેક' કરવા માટે ફાળવાયેલા અર્ધા કલાકમાં જ મોટા ખેલ પડયા સમગ્ર કૌભાંડ જ્યાં થયુ તે ગોધરાની સ્કુલના સંચાલક સામે તપાસ એજન્સી ગંભીરતાથી તપાસ કેમ કરતી નથી ? તેવો ગંભીર પ્રશ્ન અહી ઉઠવા પામી રહ્યો છે. સરકારી ઈજનેરી કોલેજ તૈયાર હોવા છતાં ગોધરા ખાતેની જય જલારામ ઈન્ટરનેશનલ સ્કૂલને NEETનું પરીક્ષા કેન્દ્ર કેવી રીતે ફાળવણી કરવામાં આવી ? NEET પરીક્ષાના દશ દિવસ પહેલા ટ્રસ્ટી વડોદરાથી દિલ્હી કયા મહાનુભાવોને મળવા ગયા હતા ? કોની બેઠક કરી ? આ મુલાકાત અંગે પણ તટસ્થ તપાસ થવી જોઈએ.પસંદગીના નાના સેન્ટરોના પરીક્ષા કેન્દ્રોની ફાળવણી તે તપાસનો વિષય છે.નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા કોમ્પ્યુટર આધારિત રેન્ડમ પધ્ધતિ જ અપનાવવામાં આવતી હોય છે. કોમ્પ્યુટર આધારિત પ્રક્રિયા જ અપનાવવામાં આવતી હોય છે. કોમ્પ્યુટર આધારિત પ્રક્રિયા હોય તો વિદ્યાર્થીઓને ચોક્કસ કેન્દ્રો કેવી રીતે મળી શકે તે ગંભીર સવાલ છે. સમગ્ર દેશમાં વિદ્યાર્થી-વાલીઓ દ્વારા વ્યાપક જનઆંદોલન બાદ કેન્દ્ર સરકારે નીટની પરીક્ષાના વિવાદ વચ્ચે સમગ્ર તપાસ સીબીઆઈને સોંપી દેવામાં આવી છે. આ સમગ્ર કૌભાંડમાં ગુજરાત, બિહાર તથા ઝારખંડના કનેકશન ખુલ્યા જ છે. પરીક્ષા સેન્ટર, ખાનગી કોચીંગ કલાસ અને પેપરલીક કરનારાઓની સાથે અમુક વિદ્યાર્થીઓની ચોકાવનારી સાંઠગાંઠ સામે આવી છે.નિષ્ણાંતોના માનવા પ્રમાણે નીટનો આ ગોટાળો કોઈ એક સેન્ટર કે રાજયના બદલે રાષ્ટ્રવ્યાપી હોવાનું એક પછી એક તપાસમાં સામે આવી રહ્યું છે ત્યારે NEETની પરીક્ષામાં થયેલ ગેરરીતિ-ગોલમાલની સંપૂર્ણ તપાસ કરવામાં આવે જેથી મહેનત કરનાર ગરીબ-સામાન્ય-મધ્યમવર્ગના વિદ્યાર્થીઓને ન્યાય મળે અને કૌભાંડ કરનારાઓને કડકમાં કડક સજા થાય તે જરૂરી બન્યું છે.

ભુજ શહેરમાં છત્રપતિ શિવાજી અને મહારાણા પ્રતાપની પ્રતિમા મૂકાશે

ભુજ નગરપાલિકાની કારોબારી બેઠકમાં લેવાયો નિર્ણય : શહેરના વિવિધ વિકાસકામો માટેના ઓનલાઈન ટેન્ડર ખોલાયા : ૭ કરોડના ખર્ચે ભુજમાં મોડલ ફાયર સ્ટેશન બનશે : પાણી વિતરણ માટે જનરેટરની વ્યવસ્થા ઊભી કરાશે : મહીદીપસિંહ જાડેજા (કારોબારી ચેરમેન)

ભુજ : શહેરના યુવાનોને રાષ્ટ્રભક્તિની પ્રેરણા મળે તેવા શુભાશયથી શહેરમાં માર્ગો પર છત્રપતિ શિવાજી મહારાજ અને મહારાણા પ્રતાપની પ્રતિમાઓ મૂકવાનો નિર્ણય ભુજ નગરપાલિકાની કારોબારી સમિતિની બેઠકમાં લેવાયો હતો. શહેરની એક સંસ્થાએ બન્ને પ્રતિમાઓનો ખર્ચ ઉપાડવાની તૈયારી દર્શાવી છે ત્યારે સુધરાઈ તંત્ર દ્વારા ફાઉન્ડેશન તૈયાર કરી અદર્શ મહાપુરુષોની પ્રતિમાની સ્થાપના કરવામાં આવશે.

ભુજ નગરપાલિકાના કારોબારી ચેરમેન મહિદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, આજે મળેલી કારોબારી સમિતિની બેઠકમાં શહેરના વિવિધ ગ્રાંટ અને જનભાગીદારીથી થનારા કામો માટે મંગાવવામાં આવેલા ઓનલાઈન ટેન્ડર આજે ખોલવામાં આવ્યા હતા. રૂા.૧૩.૫૦ કરોડના વિવિધ કામો માટે એજન્સી નક્કી કરવામાં આવી છે. આગામી દિવસોમાં વર્કઓર્ડર બહાર પાડવામાં આવશે. આજે ખોલવામાં આવેલા ટેન્ડરમાં યુડીપીની ગ્રાંટમાંથી શહેરના વિવિધ બોર્ડ વિસ્તારોમાં રસ્તાઓ સહિતના કામો માટે એજન્સીઓ નક્કી કરવામાં આવી છે. ભુજ શહેરમાં સાત કરોડના માતબર ખર્ચે મોડલ ફાયર સ્ટેશન બનાવવામાં આવશે. આ ઉપરાંત પાણી, ગટર, કમ્પાઉન્ડ વોલ સહિતન કામો અંગે નિર્ણય લેવાયા હતા.

ભુજ શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા વધુ મજબૂત કરવા જનરેટરનો ઉપયોગ કરવાનો નિર્ણય લેવાયો છે. વીજ પુરવઠો ખોરવાઈ જવાના કારણે શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થાને અસર થતી હોય યે જેથી પાણી વિતરણ માટે જનરેટરનો ઉપયોગ લેવાનો નિર્ણય કરાયો હોવાનું તેમણે વધુમાં જણાવ્યું હતું.

કચ્છના ચાર એએસઆઈને પીએસઆઈ તરીકે બઢતી અપાઈ

ભુજ : ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા લેવામાં આવેલી ખાતાકીય બઢતી પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલા એએસઆઈને બિન હથિયારી પીએસઆઈ તરીકે બઢતી આપવામાં આવી છે. રાજયમાં કુલ્લ ૧૯ એએસઆઈને પ્રમોશન અપાયું છે. જેમાં પશ્ચિમ કચ્છમાં ફરજ બજાવતા વેટીમલ્લા રજીથોમસ, ડાંગી મુકેશભાઈ ધનજીભાઈ, ઝાલા પ્રદીપસિંહ નથુભા અને પૂર્વ કચ્છમાં પારગી જયેશકુમાર નાનજીભાઈને આ બઢતી આપવામાં આવી છે. જેમાં મુકેશભાઈ અને જયેશભાઈને બઢતી સાથે રાજકોટ શહેરમાં બદલી અપાઈ છે. જયારે ઝાલા પ્રદીપસિંહને પૂર્વ કચ્છમાં મુકાયા છે.

ભુજમાં પાણીજન્ય રોગચાળાની ભીતિ : સુધરાઈ કહે છે સબ સલામત

ભુજના હમીરસર તળાવમાં વરસાદી પાણી સાથે ગટરના પાણી ઠલવાયા : નગર અધ્યક્ષાએ દોષનો ટોપલો વીજતંત્રના શીરે નાખ્યો : પમ્પિંગ સ્ટેશન પર વીજ પુરવઠો ઠપ્પ થઈ જતાં દુષિત પાણી હમીરસરમાં ઠલવાયું

માંડવી અને ગાંધીધામમાં પાણીજન્ય બિમારીએ ભરડો લીધો છે ત્યારે જિલ્લા મથકમાં કોલેરા જેવો રોગચાળો ફાળી નિકળવાની ભીતિ : નગરપાલિકા તંત્ર કલોરીનેશન અને દવા છંટકાવ કરશે તેવી સુધરાઈ પ્રમુખે આપી ખાતરી : સામાન્ય વરસાદમાં પાણીમાં વહી ગયેલા રસ્તાઓનું સમારકામ કોન્ટ્રાકટરના ખર્ચે થશે

ભુજ : ચોમાસાની સીઝનમાં પાણી જન્ય રોગનું પ્રમાણ વધે છે. કચ્છમાં માંડવી શહેરને કોરોનાગ્રસ્ત જાહેર કરવામાં આવ્યું છે, તો ગાંધીધામમાં પણ શંકાસ્પદ લક્ષણો ધરાવતા દર્દીઓ જોવા મળ્યા છે. દુષિત પાણીના કારણે ફેલાતા કોલેરાના રોગચાળાને નાથવા જિલ્લા આરોગ્ય તંત્રએ કવાયત આદરી છે. તો નગરપાલિકાઓને પણ રોગચાળાને અટકાવવા વિવિધ કામગીરીઓ કરવા તાકીદ કરવામાં આવી છે.

ભુજ શહેરમાં દુષિત પાણીના વિતરણની ફરિયાદો અવારનવાર ઉઠતી રહે છે, જેથી જિલ્લા મથકમાં કોલેરા ફેલાવાનો ભય હંમેશા ઝળુંબંતો રહે છે. ભુજ નગરપાલિકાના પ્રમુખ રશ્મિબેન સોલંકીએ જણાવ્યું હતું કે, ભુજમાં પાણીજન્ય રોગ ન ફેલાય તે માટે નગરપાલિકા તંત્ર દ્વારા જરૂરી તકેદારીના પગલાંઓ લેવામાં આવશે. ભુજ શહેરમાં રહેણાંકના મકાનોના ટાંકામાં ક્લોરીન ટેબ્લેટ નાખવાની કામગીરી લાંબા સમયથી બંધ થઈ છે. ચોમાસા દરમ્યાન નગરપાલિકા દ્વારા કલોરીનેશનની કામગીરી પુનઃ શરૂ કરવામાં આવશે તેવું તેમણે જણાવ્યું હતું. વરસાદ દરમ્યાન શહેરમાં ઠેર - ઠેર ભરાતા પાણીના ખાબોચિયામાં પણ દવાઓનો છંટકાવ કરવામાં આવશે. શહેરીજનોને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે સુધરાઈના તમામ જવાબદાર અધિકારીઓ અને નગરસેવકોની બેઠક બોલાવી જરૂરી નિર્ણય કરવામાં આવશે તેવું તેમણે વધુમાં ઉમેર્યું હતું.

ભુજ શહેરના મુંદરા રિલોકેશન સાઈટ પર સામાન્ય વરસાદમાં જ રસ્તાઓનું ધોવાણ થયું છે, ત્યારે સ્થાનિક રહેવાસીઓ અને વિપક્ષી નગરસેવકો રસ્તાના કામમાં મોટા ભ્રષ્ટાચાર સાથે તદન હલકી ગુણવત્તાનું મટેરીયલ વપરાયાનો આક્ષેપ કર્યો છે. પ્રમુખ સ્વામીનગર પાસે સામાન્ય વરસાદમાં જ આખો રોડ પાણીમાં વહી જતાં સ્થાનિક રહેવાસીઓમાં ભારે આક્રોશ ભભુકી રહ્યો છે. નગર અધ્યક્ષા રશ્મિબેન સોલંકીએ આ બાબતે તપાસ કરવામાં આવશે અને કોન્ટ્રાકટરના ખર્ચે જ રસ્તાનું કામ કરાવવામાં આવશે.

ભુજમાં થયેલા વરસાદના પગલે હમીરસર તળાવમાં પાણીના નવા નીરની આવક થઈ હતી, જો કે, મોટાબંધથી હમીરસર તરફ આવી રહેલા પાણીમાં ગટરનું પાણી પણ મિશ્રિત હોવાનું સામે આવ્યું હતું. ગટરના પાણીથી ભુજનું ઐતિહાસિક તળાવ જળકુંભીથી બરબાદ થઈ ગયું છે. લાખોનો ખર્ચ કરવા પછી પણ સુધરાઈ તંત્ર દેશલસર તળાવમાંથી જળકુંભી દૂર કરી શકયું નથી તેવામાં ભુજની શોભા સમાન હમીરસર તળાવમાં પણ ગટરનું દુષિત પાણી ઠલવાતા શહેરીજનોમાં રોષની લાગણી ફેલાઈ હતી, જો કે, નગર અધ્યક્ષા રશ્મિબેન સોલંકીએ આ ઘટના માટે પીજીવીસીએલ તંત્ર પર દોષનો ટોપલો ઢોળ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, શહેરના એક પમ્પિંગ સ્ટેશન પર વીજ પુરવઠો ખોરવાઈ જતાં દુષિત પાણી હમીરસરની આવમાં આવ્યું હતું. નગરપાલિકાએ ચોમાસા પૂર્વે જ શહેરની તમામ ગટરની ચેમ્બર અને નાળાઓની સફાઈ કરી હતી, પરંતુ એક પમ્પિંગ સ્ટેશન પર વીજ પુરવઠો ખોરવાઈ જતાં દુષિત પાણી હમીરસર તળાવમાં ઠલવાયા હતા તેવું તેમણે વધુમાં જણાવ્યું હતું.

અનેક સમસ્યાઓનું નગર અધ્યક્ષા પાસે એક જ સમાધાન

ભુજ : ચોમાસાની સીઝન હજુ શરૂ જ માંડ થઈ છે તેવામાં જિલ્લા મથક ભુજમાં દુષિત પાણી, રોડ - રસ્તા, ઉભરાતી ગટરની સમસ્યાએ માથુ ઉંચકયું છે. ભુજ નગરપાલિકાના પ્રમુખ રશ્મિબેન સોલંકીને આ અંગે પુછતાં મોટાભાગની સમસ્યાઓના સમાધાન માટે તેમણે આવનાર સમયમાં જવાબદાર અધિકારીઓ અને નગરસેવકોની મિટિંગ બોલાવી નિર્ણય લેવાશે તેવો રાગ આલાપ્યો હતો.

ભુજ શહેરમાં કોલેરા જેવો રોગચાળો ફાટી નીકળે નહીં તે માટે શહેરમાં ભરાતા પાણીના ખાબોચિયામાં ક્લોરીનેશન થશે તેવું નગર અધ્યક્ષાએ જણાવ્યું હતુ. ખરેખર તો કોલેરા એ પાણીના ખાબોચિયામાં ભરાતા પાણીના કારણે ફેલાતો રોગ નથી. જળભરાવથી મચ્છરજન્ય મેલેરિયા જેવો રોગચાળો ફાટી નીકળે છે. સુધરાઈ તંત્ર જન આરોગ્ય માટે ચિંતિત જ હોય તો જિલ્લા આરોગ્યની ટીમ સાથે સંકલન સાધી તેના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી કરવી જોઈએ.

આદીપુરના પોકસોના ગુનામાં ૧૦ મહિનામાં અદાલતે આરોપીને ૨૦ વર્ષની સજાનો ચુકાદો સંભળાવ્યો

ગાંધીધામ : આદીપુર વિસ્તારમાં ગત તા. ૩૦ ઓગસ્ટના સાત વર્ષની બાળકી સાથે દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું. જે બાબતે ગુનો દાખલ થતા આરોપીની ધરપકડ કરી લેવાઈ હતી. શ્રમજીવી પરિવાર હોવાથી એસપી દ્વારા પરિવારજનોને ન્યાય મળે તે માટે તાકીદે ચાર્જશીટ રજુ કરવા સુચના અપાઈ હતી.

પોલીસે આરોપી મેઘપર બોરીચીના નુરીનગરમાં રહેતા પુષ્પરાજ ઉર્ફે વિકી સંતકુમાર ગંગારામાણીની અટક કરી પુરાવા એકત્ર કરી ૧૫ દિવસમાં ગાંધીધામ સેસન્સ કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી હતી. સદર કેસ બીજા અધિક સેસન્સ જજની કોર્ટમાં જતા ૧૦ મહિનામાં જ ચુકાદો અપાયો છે. આરોપીને તકસીરવાન ઠેરવી ૨૦ વર્ષની સખત કેદની સજા અને ૨૦ હજારનો દંડ ફટકારાયો છે. જો દંડ ન ભરે તો વધુ છ માસની સજા ફરમાવાઈ છે. તેમજ ભોગ બનનારની આર્થિક સામાજીક પરિસ્થિતિ બે લાખનું વળતર ચુકવવા માટે જિલ્લા લીગલ સર્વિસ ઓથોરિટીને ભલામણ કરી હતી. આ કેસમાં સરકારી વકીલ એચ. પી. ગઢવીએ દલીલો કરી હતી.

વાંઢાય આશ્રમ ખાતે વાલરામજી મહારાજની નિર્વાણતિથિ ઉજવાશે

પાદુકા પૂજન, નેત્ર નિદાન કેમ્પ સહિતના કાર્યક્રમો યોજાશે

ભુજ : આગામી તા. ૨ જુલાઈના વાંઢાયના ઈશ્વર આશ્રમ ખાતે પૂ. વાલરામજી મહારાજની નિર્વાણતિથિ ઉજવાશે. ઈશ્વર આશ્રમના ગાદિપતિ મોહનરામજી મહારાજના સાનિધ્યમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. સવારે ૮ કલાકે સમાધિ દર્શન બાદ પાદુકા પૂજન, આશિર્વચનના કાર્યક્રમ યોજાશે.

કેસીઆરસી ભુજ હોસ્પિટલના ઉપક્રમે નેત્ર નિદાન કેમ્પનું પણ આયોજન કરાયું છે, જેમાં દર્દીઓના આંખની તપાસ, નિદાન અને નિઃશુલ્ક સારવાર અપાશે. જરૂરતમંદ દર્દીઓને આંખના ઓપરેશન પણ ભુજની હોસ્પિટલમાં વિનામુલ્યે કરી આપવામાં આવશે. આ ઉપરાંત ઈશ્વર આશ્રમ ખાતે મહાપ્રસાદનું પણ આયોજન કરાયું છે. સર્વ ભાવિકજનોને મહત્વ અને કેમ્પનો લાભ લેવા અનુરોધ કરાયો છે.

જાહેર નોટીસ
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ, મુંદરાની કોર્ટમા
જન્મ મરણ અરજી ૪૦/૨૦૨૪
શ્રી હેતલ મધુસુદન દરજી
એ. ૯૪/એ, વલ્લભાચાર્યાર્ક, બારોઈ તા. મુંદરા, ... અરજદાર
વિરૂધ્ધ
જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી અને
તલાટી સહ મંત્રીશ્રી મોટી ભુજપુર ગ્રામ પંચાયત, તા. મુંદરા-કચ્છ. ..... સામાવાળા
વિષય :- જન્મનું પ્રમાણપત્ર મળવા અંગે.
અરજદારના વકીલશ્રી જયેશ એન. રાઠોડ વિગેરે.
અહી નોટીસ આપવામાં આવે છે કે, શ્રી હેતલ મધુસુદન દરજી રહે.૯૪/એ, વલ્લભાચાર્યાર્ક, બારોઈ તા.મુંદરા-કચ્છ વાળાનો જન્મ તા. ૨૧/૦૯/૧૯૮૨ના રોજ ગામ મોટી ભુજપુર તા.મુંદરા ખાતે થયેલ છે. પરંતુ તેમનો જન્મની નોંધણી કોઈ જગ્યાએ થયેલ ન હોઈ તેમણે મોટી ભુજપુર ગ્રામ પંચાયત, તા.મુંદરાના જન્મ નોંધણી રજીસ્ટ્રારના નોંધ કરવા અરજી કરેલ અને તેમની કોર્ટમાં જન્મ મરણ નોંધણી અધિનિયમ કલમ ૧૩(૩) હેઠળ અરજી નં.૪૦/૨૦૨૪ વાળી દાખલ કરી છે. તે અંગે જો કોઈને વાંધો તકરાર હોય તો નોટીસ પ્રસિધ્ધ થયાના દિન ૩૦ દરમ્યાન અત્રેની કોર્ટ મારે વાંધા રજુ કરવો. જો વાંધો રજુ કરવામાં નહી આવે તો કોઈને વાંધો નથી તેમ માનીને કાયદાકીય રહે અંદરા કરવામાં આવશે.જેની નોંધ લેશો.
આજ તા. ૧૧/૦૬/૨૦૨૪ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યું.
તૈયાર કરનાર (એમ. જે. સુથાર) કારકુન
મુકાબીલ કરનાર (એચ.એ. કટારા) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને નાયબ મામલતદાર
કોર્ટનું સીલ
આદેશથી (કે.એમ. ગોંડિયા) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર - મુંદરા

મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, ગાંધીધામ-કચ્છ.
સેક્ટર-૧-એ,ગાંધીધામ,પિન:૩૭૦૨૦૧
Email : mam-gandhidham@gujarat.gov.in ફોન નં./ફેક્ષ નં. (02836)250270
જાહેર નોટીસ
અરજી નં.૧૨/૨૦૨૪
શ્રી કપીલ નારણ મકેશરી, રહે. પ્લોટ નં ૪૫૮, સેક્ટર નં.૬, ગણેશનગર, ગાંધીધામ ..... અરજદાર
વિરૂધ્ધ
તલાટી સહ મંત્રીશ્રી, ગામ-હિંડણા, તા. ગાંધીધામ-કચ્છ. ..... સામાવાળા
વિષય :- જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત.
સંદર્ભ:- અરજદારશ્રીની તા.૦૮/૦૬/૨૦૨૪ વાળી અરજી
અહીં આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે, શ્રી કપીલ નારણ મકેશરી, રહે. પ્લોટ નં.૪૫૮, સેક્ટર નં.૬, ગણેશનગર, ગાંધીધામ વાળાની ઉંમર સંદર્ભવાળી વાળી અરજી તેમની પુત્રની રીમાન કપીલ મકેશરીનો જન્મ તા.૧૦/૫/૨૦૨૧ ના રોજ ગામ-હિંડણા, તા.ગાંધીધામ ખાતે થયેલ છે. પરંતુ તેમના પુત્રનીની નોંધ તલાટી સહ મંત્રીશ્રી, ગામ- હિંડણા, તા.ગાંધીધામ-કચ્છના જન્મ રજીસ્ટરમાં થયેલ નથી. તેથી જન્મ નોંધણીનો હુકમ કરવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેના જન્મની અરજી નં.૧૨/૨૦૨૪ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ તેમના પુત્રનીની જન્મ નોંધણી જે તે વખતે કાયદાકીય અજ્ઞાનતાના કારણે કરવવાની રહી ગયેલ હોઈ સદર જન્મની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે.તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઇસમોને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહિ આવે તો કોઈને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.
(કી. એમ. પરમાર)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ગાંધીધામ કચ્છ.

આર. આર. ખાંભરા, એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, અંજારની કોર્ટ
જન્મ-મરણ/૨૭ નં. ૧૮/૨૦૨૪
શ્રી બાવડ જેનાબેન ભયુભાઈ
રહેઃ- બાવડ ફળીવું ટેવળીયાનાકા, તા.અંજાર-કચ્છ. ..... અરજદાર
વિરૂધ્ધ
રજીસ્ટ્રારશ્રી, અંજાર નગરપાલિકા, તા.અંજાર કચ્છ. ..... સામાવાળા
વિષયઃ- જન્મ/મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ મરણની નોંધણી કરાવવા બાબત.
આથી આ જાહેર નોટીસથી લાગતા-વળગતા તમામ ઇસમોને જણાવવામાં આવે છે કે, અરજદારશ્રી બાવડ જેનાબેન ભયુભાઈ, રહે, બાવડ ફળીવું ટેવળીયાનાકા, અંજાર-કચ્છ, તરફથી તા.૦૬/૦૩/૨૦૨૪ વાળી અરજીથી સ્વ.શાંતાબાઈ જુમાભાઈ બાવડનું તા.૮/૦૩/૨૦૦૧ ના રોજ અંજાર તાલુકાના અંજાર ગામે અવસાન થયેલ પરંતુ તેમની મરણ નોંધણી કરાવી શકાયેલ ના હોવાનું જણાવી મરણ નોંધણીનો હુકમ કરવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. જેના મરણ અરજી નં.૧૮/૨૦૨૪ છે. અરજદારશ્રીના જણાવ્યા મુજબ તેમના માતાના મરણ નોંધણી જે તે વખતે કાયદાકીય અજ્ઞાનતાના કારણે કરવવાની રહી ગયેલ હોઈ સદર મરણની નોંધણી કરાવવા અરજી દાખલ કરેલ છે.તો સદર મરણની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈપણ ઇસમોને વાંધો કે તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં વાંધો રજુ કરવો જો નિયત સમયમાં વાંધો કે તકરાર નહિ આવે તો કોઈને વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.
તા. ૨૯/૦૬/૨૦૨૪
(આર.આર. ખાંભરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
અંજાર-કચ્છ.

માધાપર જુનાવાસમાં પાણી મુદ્દે મહિલાઓ આકરા પાણીએ

સફાઈ અને ગટર મુદ્દે અગાઉ પણ કરાઈ હતી રજૂઆતો

ભુજ : હાલમાં થોડા દિવસ ભુજ અને માધાપર વીજ સમસ્યાના કારણે લોકો જિલ્લા કલેકટરના નિવાસસ્થાને પહોંચ્યા હતા. ત્યારે ભુજની ભાગોળે આવેલા માધાપર જુનાવાસમાં પાણીની સમસ્યા બાબતે રોષે ભરાયેલી મહિલાઓ ગ્રામ પંચાયતમાં લાંબા સમયથી રજુઆત કરી હોવા છતાં કોઈ નિકાલ ન આવતા સરપંચના ઘરે પહોંચી હતી. તો સરપંચપતિ દ્વારા મોરચા સ્વરૂપે આવેલી મહિલાઓને ઉડાઉ જવાબ આપ્યા હોવાનો આક્રોશ મહિલાઓ વ્યકત કર્યો હતો. માધાપર જુનાવાસ ખાતે પાણીની સમસ્યા છેલ્લા ૪ દિવસથી છે, જેના કારણે અહીં વસવાટ કરતા લોકો પાણીની પોકાર લઈ ગ્રામ પંચાયત પહોચ્યા હતા. અગાઉ ઘણી વખત રજુઆતો કાર્યા છતાં પાણીનો પ્રશ્ન હલ ન થતા મહિલા સરપંચના ઘરે રજુઆત કરવામાં પહોચ્યા હતા. અહી વસતા લોકો પાણીની સમસ્યાથી વાજ આવી જતાં તેની રજૂઆત કરવા સોસાયટી તથા આસપાસની મહિલાઓ પ્રથમ ગ્રામ પંચાયત કચેરીએ ગયા હતા, ત્યાં સરપંચ હાજર ન રહેતા ઘરે જઈ રજૂઆત કરવા માટે લોકો સહમત થતાં મહિલાઓ સરપંચના ઘરે પહોંચી ગઈ હતી. સરપંચ પતિએ રજૂઆત કરવા આવેલી મહિલાઓને ઉડાઉ જવાબ આપ્યો હોવાના આક્ષેપ કર્યા હતા. આ ઘટનાનો વીડિયો સોશ્યિલ મીડિયામાં વાયરલ થયો હતો. હાલ કાળઝાળ ગરમીમાં ઉથી ૪ દિવસથી પાણી ન આવતા લોકો રોષ જોવા મળી રહ્યો છે.

બીજી તરફ આ જ વિસ્તારમાં થતા બાંધકામમાં પુષ્કળ પાણી અપાઈ રહ્યું હોવાનું પણ બહાર આવ્યું છે.પંચાયતના પદાધિકારીઓ દ્વારા પાણીની લાઈન બદલાવવાના વાયદાઓ આપી પોતાની જવાબદારીમાંથી તેઓ છટકી રહ્યા છે. આ કાળઝાળ ઉનાળામાં જીવન જરૂરી એવા પાણી માટે ટેન્કર મારફતે પાણી મંગાવવા અહીંના રહેવાસીઓ મોટી રકમ ચૂકવી રહ્યા છે. તો બીજી તરફ ગેસની લાઈન નાખવા વાળા કે જેઓ ગેસની લાઈન ખોદીને કાટમાળ સમથળ કરતા નથી, જેના કારણે મસમોટા ખાડાઓ પડી ગયા છે અને વરસાદનું પાણી ભરાવાથી મચ્છરોનો ઉપદ્રવ વધી રહ્યો છે તેમજ રહેવાસીઓને આ દુર્ગંધથી ખૂબ જ પરેશાનીઓ વેઠવી પડે છે અને અમુક અમુક જગ્યાએ તો ગટરોના ઢાંકણામાંથી થોડો પણ વરસાદ પડે તો ગટરનું પાણી તે ઢાંકણા મારફત પાછુ આવે છે અને ગટર ઉભરાય છે, જેથી તેના થકી કોઈ મોટો રોગચાળો ફાટી નીકળે તેનો ભય સતત સતાવે છે. તાકીદે આ સમસ્યાનો ઉકેલ આવે તેવી રહેવાસીઓની માંગણી છે.

મોટી વિરાણીમાં દુકાનમાં જ યુવકે આપઘાત કર્યો

નખત્રાણા : તાલુકાના મોટી વિરાણી ગામે રહેતા યુવાને પોતાની દુકાનમાં જ ફાંસો ખાઈ લીધો હતો. હતભાગી ૨૨ વર્ષિય અશ્વિન દેવજી વણકર નામના યુવાને કોઈ અગમ્ય કારણોસર પોતાની ઓટો પાર્ટની દુકાનની અંદર આવેલ છતના હુકમાં પ્લાસ્ટિકની દોરી બાંધીને જીવાદોરી ટુંકાવી લીધી હતી. મોતનું કારણ અકબંધ રહેવા પામ્યુ છે. નખત્રાણા પોલીસે એડી દાખલ કરી છે. આ તરફ અંજાર તાલુકાના વરસામેડીમાં આવેલ વેલસ્પન કોલોનીમાં રહેતા મુળ યુપીના ૩૨ વર્ષિય ચંચલકુમાર રામાનારાયણ ગૌડ રૂમમાં મૃત હાલતમાં જોવા મળતા અંજાર પોલીસે એડી દાખલ કરી મોતના કારણો જાણવા તપાસ હાથ ધરી છે.

નિરોણામાં વીજલાઈન પર લંગર નાખી ૪.૩૦ લાખનું નુકશાન કરાયું

નખત્રાણા : તાલુકાના નિરોણા ગામે વીજલાઈન પર લંગર નાખીને વીજલાઈન ટ્રીપ કરી નુકશાન કરવામાં આવ્યું હતું. જેથી ફરિયાદ નોંધાઈ છે. નિરોણા સીમ વિસ્તારમાં સર્વે નંબર ૨૦૩/૧ તથા સર્વે નં. ૨૦૩/૨ વાળી જમીનમાં

આ બનાવ બન્યો હતો. ફરિયાદી માતાનામઢમાં રહેતા લગધીરસિંહ બુધુભા જાડેજાએ નિરોણા પોલીસમાં આરોપી નિરોણાના પરબત વસ્તા આહિર સામે ફરિયાદ લખાવી હતી. જે પ્રમાણે આરોપીએ ટાવર નં. ૬/૦ અને ૫/૦ વચ્ચેના વીજલાઈનના રેસા પર લંગર નાખીને વીજલાઈન ટ્રીપ કરી લાઈન બંધ કરી વિદ્યુત કંપનીને નુકશાન પહોંચાડી ૪.૩૦ લાખનું નુકશાન પહોંચાડયું હતું. તેમજ પોતાની અને અન્ય લોકોની જિંદગી જોખમાય તેવું કર્યું હતું.

આદીપુરમાં ૩ર હજારનો દારૂ ઝડપાયો

ગાંધીધામ : આદીપુરના વોર્ડ નં. ૪-એ વિસ્તારમાં પેટ્રોલીંગમાં રહેલી સ્થાનીક પોલીસે વિનોદ ઉર્ફે બાદશાહ હીરજી મહેશ્વરીને દારૂ સાથે ઝડપી લીધો હતો. આરોપીના કબજામાંથી અલગ અલગ બ્રાન્ડની દારૂની બોટલ અને કવાટરીયા તેમજ ૪૫ હજારની એકસેસ અને ૫ હજારનું મોબાઈલ મળી કુલ્લ ૮૨,૧૯૦/-નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. માલ આપનાર આદીપુરનો હરેશ ઘનશ્યામભાઈ પીમનાણી હાજર મળી આવ્યો નથી.

ઓનલાઈન ઠગાઈના બનાવમાં બોટાદથી આરોપી ઝડપાયો

ભુજ : લાકડીયા પોલીસ સ્ટેશનમાં નોધાયેલા ઠગાઈના ગુના કામે બોટાદથી આરોપીને ઝડપી લેવાયો હતો. ફેસબુકમાં રૂપિયાનું રોકાણ કરી વધુ નફો મેળવવાની લોભામણી લાલચ અપાઈ હતી.

જેમાં આકર્ષાઈને ફરિયાદીએ રસ દાખવતા વોટસઅપના માધ્યમથી એપ્લીકેશન ડાઉનલોડ કરાવી ૪.૫૯

ગાંધીધામમાં ફર્નિચરની દુનિયામાં લોકોને નવી પસંદ અને ડિઝાઈન મળશે

ભુજ : કચ્છમાં ઔદ્યોગિક પાટનગર ગણાતા ગાંધીધામ-આદિપુર સંકુલ હવે ઈન્ટિયર ડેકોરેશન અને ફર્નિચરની દુનિયામાં લોકોને નવી પસંદ અને નવી ડિઝાઈન ઘર આંગણે મળશે.

આદિપુરમાં શિણાય રોડ પર 'યુ લાઈક' નામથી શરૂ થયેલા ઈન્ટિરિયર એન્ડ ફર્નિચર કન્સલ્ટન્ટના પરાગ એસ. ઠક્કર, સ્મિત એસ. ઠક્કર (તરૂણ એડ), તરૂણભાઈ એમ. ઠક્કર (તરૂણ એડ), વત્સલ સોમપુરા દ્વારા એક યાદીમાં જણાવ્યું કે, લોકોને હવે પોતાના મકાન કે ઓફિસમાં એક નવી જ પ્રકારના અદ્યતન નવા લુક અને મનપસંદ ઈન્ટિરિયર ડિઝાઈન અને ડેકોરેશન તેમજ ટર્ન કી પ્રોજેક્ટ અમારી અત્યાધુનિક સેવાઓ થકી સૌને પરવડે તેવા વ્યાજબી ભાવથી કરી આપીશું, જે લોકો માટે ફાયદાકારક બની રહેશે.

ભુજ તાલુકા શિક્ષક મંડળીએ તેજસ્વી તારલાઓને સન્માન્યા

સભાસદોને સ્થળ પર જ ૧૦ ટકા લેખે ડિવિડન્ડ તથા ફરજિયાત બચત પર વ્યાજની રકમ મળી કુલ રૂા. ૧૨ લાખની રોકડમાં ચૂકવણી કરાઈ

ભુજ : તાલુકા પંચાયત પ્રાથમિક શિક્ષક કર્મચારીઓની ધિરાણ સહકારી મંડળીની વાર્ષિક સાધારણ સભા નવી લોહાણા મહાજનવાડી ભુજ ખાતે યોજાઈ હતી. પ્રમુખ નિલેશ ગોરના અધ્યક્ષસ્થાને યોજાયેલી સાધારણ સભામાં યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા પ્રા.શિક્ષક સંઘના પ્રમુખ નયનસિંહ જાડેજા, ખજાનચી ધર્મેન્દ્રસિંહ જાડેજા, વિલાસબા જાડેજા, તાલુકા મંડળીના પૂર્વ પ્રમુખ ઠાકરશી મચ્છર, જિલ્લા મંડળીના પ્રમુખ રાજેશ ગોર, પૂર્વ પ્રમુખ ધીરજ ઠક્કર, ભુજ તાલુકા સંઘના પ્રમુખ ઘનશ્યામસિંહ જાડેજા, મહામંત્રી મેહુલ જોષી, બી.આર.સી. કો. ઓર્ડીનેટર ભરત પટોડિયા, જીતેન્દ્ર ઠક્કર, વસંત ગોર, રશ્મિકાંત ઠક્કર સહિતના આગેવાનો ઉપરાંત બહોળી સંખ્યામાં સભાસદો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

સમૂહપ્રાર્થના બાદ મંડળીના ઉપપ્રમુખ ભાવેશ મોતાએ સૌને આવકાર્યા હતા. સંસ્થાના માનદમંત્રી હરિસિંહ જાડેજાએ ગત સાધારણ સભાની કાર્યવાહીનું વાંચન કર્યું હતું અને વર્ષ ૨૦૨૩-૨૪ના વાર્ષિક હિસાબો રજૂ કર્યા હતા. જેને સભ્યોએ બહાલી આપી હતી. ગત વર્ષ દરમ્યાન મંડળીએ કરેલા રૂા. ૨૧ લાખ ૩૩ હજાર જેટલા નફાનો શ્રેય તેમણે સૌ સભાસદોને આપ્યો હતો. કારોબારી સભ્ય ઉમંગ પરમાર દ્વારા મંડળીએ કરેલા નફાની નિયમાનુસારની ફાળવણી કરવામાં આવી હતી. મંડળીની મોબાઈલ એપ એપેક્ષ વેબ સોસાયટીનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. સભાસદોના હિતમાં ફરજિયાત બચત પર ૫ ટકા વ્યાજ આપવા સાથે ધિરાણ મર્યાદા ૬ લાખ કરવા જાહેરાત કરી હતી જેને સૌએ વધાવી લીધી હતી.ધો.૧૦ અને ૧૨ ની પરીક્ષામાં ૬૦ ટકા કે તેથી વધારે ગુણથી ઉતીર્ણ થયેલા હતા તેવા તમામ ૪૪ જેટલા તેજસ્વી તારલાઓનું મીનાબેન પ્રવિણ ભદ્રા પરિવાર, કૃપાબેન રસિકલાલ નાકર પરિવાર તથા તાલુકા મંડળીવતી શિલ્ડ, મેડલ, શૈક્ષણિક કીટ તથા રોકડ પુરસ્કારથી મંચસ્થ મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. હિમધી ચૌહાણ અને મંડળીના પૂર્વ કોમ્પુટર ઓપરેટર ચિંતન કાપડીનું મંડળી દ્વારા વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ભેટ આપનાર ૧૪ જેટલા દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા શિક્ષણાધિકારી ડો. સંજય પરમાર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ભૂપેન્દ્રસિંહ વાઘેલાએ બાળકોને પ્રોત્સાહિત કરી તેમની ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સભાસદોને સ્થળ પર જ ૧૦ ટકા લેખે ડિવિડન્ડ તથા ફરજિયાત બચત પર વ્યાજની રકમ મળી કુલ રૂા. ૧૨ લાખની રોકડમાં ચૂકવણી કરવામાં આવી હતી. સંચાલન જયેન્દ્રસિંહ ઝાલા અને કૃપા નાકરે જ્યારે આભારવિધિ અશોક જાટીયાએ કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા પરેશ મોતા, ધીરજભા વાઘેલા, કિશોર ડાભી, ઉત્તમ મોતા, આશુતોષ પંડયા, મહેશ બારોટ, મયુર ભાનુશાલી, રવિ સોલંકી, મીત મેર, કરસન ચૌધરી, જીતેન્દ્ર ભીમાણી, અશોક ભાનુશાલી વગેરે વગેરેએ જહેમત ઉઠાવી હતી.

અગ્રવાલ સમાજ મહીલા મંડળ દ્વારા સેવાભાવી પ્રવૃતીઓની સરવાણી વહેવડાવાઈ

ગરમી-ઉકળાટમાં બફાતા લોકોને રાહત આપવા નિશુલ્ક છાશનું વિતરણ કરાયુ, તો અન્યત્ર શાળામાં બાળકોને શેરડીના રસનુ કરાવાયું

મેઘપર બોરીચીની શાળામાં વૃક્ષારોપણ કરી પર્યાવરણ જતનનો આપ્યો સંદેશ

ગાંધીધામ : શ્રી અગ્રવાલ સમાજ મહીલા મંડળ ગાંધીધામ દ્વારા સેવાભાવી પ્રવૃતીઓની સરવાણી વહેવડાવા સમાન પ્રવૃતીઓ હાથ ધરવામા આવી હતી. તાજેતરમાં જ વરસાદ પહેલા લોકો કાળજાળ ગરમીમાં અકળાઈ ઉઠયા હતા ત્યારે શહેરના અલગ અલગ વિસ્તારોમાં અગ્રવાલ સમાજ દ્વારા નિશુલ્ક ઠંડી છાશનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. તો વળી ક્યાંક શાળામાં બાળકોને શરેડીના રસનુ પણ પાન કરાવાયું છે. સંસ્થાની યાદીમાં જણાવાયા અનુસાર શ્રી અગ્રવાલ સમાજ મહીલા મંડળ દ્વારા ગરમીથી લોકોને રાહત આપવા નિશુલ્ક છાશનુ વિતરણ કરાયુ હતુ. એ જ રીતે શહેરના કાર્ગો ઝુપડપટ્ટી વિસ્તારમાં આવેલી સરકારી શાળાના બાળકોને નિશુલ્ક શેરડીના રસનું પાન કરાવાયુ હતુ. મેઘપર બોરીચી અંજાર ખાતે આવેલી રેઈન્બો શાળામાં વૃક્ષારોપણ કરી અને પર્યાવરણ જતનનો પણ સંદેશ વહેતો કર્યો હતો. સંસ્થાના પ્રમુખ પાયલબેન બિંદલ, ઉમા બંસલ, રેખાબેન, મીતુબેન ગોયલ, અને અન્ય બહેનો આ કાર્યક્રમોમાં સહયોગી નીવડયા હતા.

રાપર ખાતે રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નેત્ર નિદાન સારવાર કેમ્પ યોજાયો

રાપર : વાગડ વિસ્તારના મુખ્ય મથક રાપર ખાતે આવેલા દરીયાસ્થાન મંદિર ખાતે દર મહિને ૨૯ તારીખ ના રાજકોટ સ્થિત રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નેત્રનિદાન સારવાર કેમ્પ નું આયોજન કરે છે તે અંતર્ગત આજે જલારામ ગ્રુપ ના યજમાન પદે યોજાયેલા નેત્ર નિદાન સારવાર કેમ્પ મા ૧૪૦ દર્દીઓ ની તપાસ કરવા મા આવી હતી જેમાં ૫૭ લોકો ના મોતીયા અને વેલ ના ઓપરેશન રાજકોટ ખાતે રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટ ની હોસ્પિટલ ખાતે કરવામાં આવશે આજે યોજાયેલા કેમ્પ દરમિયાન લોહાણા સમાજ દરીયાસ્થાન મંદિર નો સહયોગ મળ્યો હતો કેમ્પ દરમિયાન રશિકલાલ આદુઆણી, દિનેશ ચંદે, ભરત રાજદે, નીલેશભાઈ કારીયા, ધનસુખભાઈ લુહાર, શૈલેષ ભાઈ ભીડિ, ચાંદ ભીડિ, ગોવિંદભાઈ ઠક્કર, વેલજીભાઈ લુહાર, જયેશ મજીઠીયા વિગેરે ઉપસ્થિત રહ્યા હતા વાગડ વિસ્તારમાં છેલ્લાં પાંચ વર્ષ થી વધુ સમય થયા રાજકોટ સ્થિત માનવ સેવા ને વરેલા રણછોડદાસજી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા દર મહિનાની ઓગણત્રીસ તારીખે નેત્ર નિદાન સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

કચ્છ જિલ્લાના ૧૭ આરોગ્ય કર્મચારીને નિમણૂંકના દિવસથી તમામ લાભો આપવા હાઈકોર્ટે કર્યો આદેશ

સિંગલ જજે આદેશ કર્યો હતો, પરંતુ ગુજરાત સરકાર તેનું પાલન ન કર્યું

ભુજ : ગુજરાત હાઈકોર્ટની વિભાગીય બેન્ચે હાઈકોર્ટના સિંગલ બેન્ચના આદેશને માન્યતા આપી કચ્છ જિલ્લાના ૧૭ આરોગ્ય કર્મચારીને તેમની નિમણૂંકના દિવસથી તમામ લાભો આપવા માટે કહ્યું છે. વિભાગીય બેન્ચે રાજ્યની અપીલને ફગાવી દીધી છે.

૧૭ આરોગ્ય કર્મચારીને પ્રથમ અને બીજા પગાર ગ્રેડ - સ્કેલ સહિતના તમામ લાભો આપવા આદેશ આપ્યો છે. સિંગલ જજએ આ આદેશ તા.૧૯-૧૦-૨૩ના આપ્યો હતો, પરંતુ ગુજરાત સરકાર આ આદેશનું પાલન કરવામાં નિષ્ફળ રહી અપીલનો રસ્તો પસંદ કર્યો હતો. વિભાગીય બેન્ચે આખો મામલો સાંભળ્યો અને અપીલ માટેનો કોઈ આધાર ન હોવાનું માન્યું હતું. સિંગલ જજએ પહેલેથી જ આદેશ આપ્યો હતો. નિમણૂંકના દિવસથી ઉચ્ચગ્રેડના ધોરણે પગાર આપવાનો છે. આ અંગે વિભાગીય બેંચે રાજ્યની અપીલને ફગાવી દીધી છે અને ૧૭ આરોગ્ય કર્મચારીને તેમની નિમણૂંકના દિવસથી તમામ મળતા લાભો પ્રથમ અને બીજા પગાર ગ્રેડ સ્કેલ સહિત આપવાનો આદેશ કર્યો છે. અરજી કર્તા વતી ધારાશાસ્ત્રી અમન એ. સમા અને મીત ડી. કાકડિયા દ્વારા ધારદાર દલીલો કરાઈ હતી.

સામત્રા ટોલનાકા પર નાના વાહનો પાસેથી ટોલટેક્સ ઉઘરાવવું અયોગ્ય

રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ દ્વારા કલેક્ટરને પાઠવાયું આવેદન

ભુજ : ભુજ - નખત્રાણા હાઈવે પર સામત્રા ખાતે ટોલનાકા પર આ અગાઉ નાના માલવાહક વાહનો પાસેથી કોઈ ટોલટેક્સ ઉઘરાવવામાં આવતું ન હતું, પણ હાલ નવી આવેલી એજન્સી દ્વારા ટોલટેક્સ ઉઘરાવાની પ્રક્રિયા ચાલુ કરવામાં આવી છે, જ્યારે આવા નાના વાહનધારકો ટોલટેક્સના કારણે આર્થિક નુકસાન થાય છે. તેઓના ભાડા નિમ્ન હોય છે. તેઓ ડીઝલ અથવા આ ટોલટેક્સ એનામાંથી કાઢે તો એમના હાથમાં કોઈ વધારે રકમ આવતી નથી, જેથી તેમની આજીવિકા ઉપર સીધી અસર પડે છે. આ બધા ધંધાર્થીઓ દેશલપર ગામના હોવાથી દેશલપર ગામ આ ટોલનાકાથી બે કિલોમીટરના અંતર ઉપર આવેલું છે, જેથી ધંધા દરમિયાન આ ટોલનાકા પાસેથી દિવસમાં ઘણી બધી વખત અવર-જવર કરવાનું થાય છે અને જો આ ટોલટેક્સ આપવામાં જાય તો તેમની પાસે કોઈ જ આવક વધી શકતી નથી માટે રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ અને આ નાના ધંધાર્થીઓએ સાથે મળી કચ્છ કલેકટરને આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી.

આ રજૂઆતમાં જણાવાયું હતું કે, આ સાથે થોડા દિવસ અગાઉ અંગિયા ટોલનાકા ઉપર પણ આવી જ રજૂઆત કરવામાં આવી હતી ત્યાં પણ જાગૃત આગેવાનો - સરપંચો વગેરે મળીને સ્થાનિક ધંધાર્થીઓ માટે આવી છૂટછાટ માટે નખત્રાણા પ્રાંત અધિકારીને રજૂઆત કરી હતી. આ બાબતે કલેકટરને રજૂઆત કરી અને જણાવવામાં આવ્યું હતું કે, આવા નાના ધંધાર્થીઓ જે દિવસનું કમાઈ ખાતા હોય છે તેવા ધંધાર્થીઓ માટે આવી છૂટછાટ યોગ્ય રહેશે કારણ કે તેઓ જે નિમ્ન ભાડામાં કામ કરતા હોય છે તેનામાં આવા ટેક્સ ખૂબ જ અસરકારક નિવડે છે. માટે વહેલી તકે ટોલટેક્સ ચલાવતી એજન્સીને સૂચના આપી અને આ ટોલટેક્સમાં મુક્તિ આપવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી.

ભુજની ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કલને "અમૃત મહોત્સવ" માટે રૂા. ૨ લાખની સહાય જાહેર કરાઈ

ભુજ : સને ૧૯૪૯માં સ્થાપિત કચ્છની ઐતિહાસિક મહા કન્યાશાળા ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કુલ - ભુજના સ્થાપક શ્રદ્ધેય દાતા સ્વ.કરમચંદ લાલચંદ થાવરના દોઈત્રી એલીના નિખિલ મેસવાની (મુંબઈ) જેઓ આંતરરાષ્ટ્રીય કક્ષાએ કાર્યરત "ગેટ-વે સ્કૂલ ઓફ મુંબઈ" દિવ્યાંગોની સંસ્થાના બોર્ડના સભ્ય છે તથા તેમના પતિ નિખિલ મેસવાની (મુંબઈ) જેઓ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીમાં એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર છે અને અંબાણી પરિવારના નિકટના સગા છે. આ દંપતી તરફથી ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કુલ - ભુજને ૭૫ વર્ષ પૂર્ણ થતા અને આગામી "અમૃત મહોત્સવ" નિમિતે આઈજીએચએસની આર્થિક રીતે નબળા પરિવારોની વિદ્યાર્થીનીઓ માટે પાઠ્ય પુસ્તકો, નોટબુકો, ગણવેશ તથા અન્ય સહાય માટે રૂપિયા ૨ લાખ જાહેર કરેલ છે. આ બાદન બદલ સમગ્ર શાળા પરિવાર તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

મુન્દ્રાની દેવશી સારંગ કન્યા વિદ્યાલય મુકામે શાળા પ્રવેશ મહોત્સવ

મુન્દ્રાની દેવશી સારંગ કન્યા વિદ્યાલય મુકામે શાળા પ્રવેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વોર્ડ નં. ૫ ના મહિલા કાઉન્સિલર મુન્દ્રા નગરપાલિકા રોડ લાઈટ સમિતિના ચેરપર્સન તૃપ્તિબેન પ્રકાશભાઈ ઠક્કર હાજર રહી. વિદ્યાર્થીનીઓને આવકાર આપ્યો હતો. અને નાની બાળાઓને શિક્ષણ ક્ષેત્રે આગળ વધવાની શીખ આપી હતી. ઉપહારમાં ટિફિન બોક્સ તથા વોટર બેગ ભેટ આપવામાં આવી હતી. આ પ્રવેશ મહોત્સવ પ્રસંગે શાળાના આચાર્યશ્રી તથા શિક્ષિકા બહેનો હાજર રહી હતી. શહેર ભાજપના માજી મહામંત્રી પ્રકાશ ઠક્કરની યાદીમાં જણાવ્યું હતું.

માનકૂવાના ખૂન કેસમાં આરોપીના જામીન મંજૂર

ભુજ : તાલુકાના માનકૂવા ગામના ચકચારી હત્યાના કેસમાં અદાલતે આચોરીપના જામીન મંજૂર કર્યા હતા. આ કેસની હકિકત મુજબ આ કામના મરણજનારને કોઈ અજાણ્યા ઈસમે કોઈ અગમ્ય કારણોસર માથાના ભાગે બોથડ પદાર્થથી ગંભીર પ્રકારની ઈજાઓ કરી તેમજ ડાબા પડખામાં કોઈ તિક્ષ્ણ હથિયાર વડે જીવલેણ ઘા મારી મોત નિપજાવી તેમજ જિલ્લા મેજિસ્ટ્રેટના હથિયારબંધીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા બાબતની ફરિયાદ મરણ જનારના પુત્રએ માનકૂવા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. આરોપી સમીર હુશેન સુલેમાન શેખનાઓએ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રેગ્યુલર જામીન અરજી કરી જે અરજીના ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ એમ.આર. મેંગડેનાઓએ મંજૂર રાખી આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો. વકિલ તરીકે ધ્રુવસિંહ ચૌધરીએ હાજર રહી દલીલો કરી હતી.

ડીપીએ કંડલાની કાર્ગો હેન્ડલીંગમાં વધુ એક સિદ્ધી

૨૪ કલાકમાં દેશના તમામ મહાબંદરોમાં સર્વાધિક કાર્ગો હેન્ડલ કરાયો

ગાંધીધામ : દેશના મહાબંદર પૈકીના એક એવા દીનદયાલ પોર્ટ ઓથોરીટી કંડલાની સિદ્ધીમાં વધુ એકનો ઉમેરો થવા પામ્યો છે. એક જ દીવસમાં સર્વાધિક કાર્ગો હેન્ડલ કરવાનો ડીપીએ દ્વારા વધુ એક કીર્તીમાન સિદ્ધ કરાયો છે. પાછલા ૧૬ વર્ષથી કાર્ગો હેન્ડલીંગમાં અગ્રેસર રહેનાર ડીપીએ કંડલાની યશકલગીમાં વધુ એક છોગું ઉમેરાવવા પામ્યું છે.

ડીપીએ દ્વારા ગત રોજ ૨૪ કલાકમા ૬,૭૭,૨૦૪ મેટ્રીક ટન કાર્ગો હેન્ડલ કરીને નવી સફળતા હંસલ કરી છે. આ આંકડો દેશના તમામ મહાબંદરોના ૨૪ કલાકના કાર્ગો હેન્ડલીંગના આંકડાઓ સર્વાધીક છે. અગાઉ વર્ષ ૨૦૨૩મા ૨૪ કલાકમા ૬,૬૪,૯૦૪ મેટ્રીક ટન કાર્ગો હેન્ડલ કરાયો હતો. ટ્રાફિક મેનેજર રત્નાશેખર રાવ, ડેપ્યુટી કન્ઝર્વેટર કેપ્ટન પ્રદીપ મોહંતી અને તેમની ટીમને આ સફળતા મેળવી હતી. ચેરમેન અને ડે.ચેરમેન દ્વારા સમગ્ર ટીમને આ સિદ્ધી બદલ અભિનંદન પાઠવવામા આવ્યા હતા.

એક જ આરોપીને ચેક બાઉન્સના બે કેસમાં ૧૨ માસની સજાનો ટ્રાયલ કોર્ટનો હુકમ સેશન્સ કોર્ટએ માન્ય રાખ્યો

ગાંધીધામ : એક જ આરોપીને ચેક બાઉન્સના બે કેસમાં ગાંધીધામની ટ્રાયલ કોર્ટએ કરેલ ૧૨-૧૨ માસની સજા સામે દાખલ કરેલ અપીલો નામંજુર કરી સજાના હુકમને માન્ય રાખતુ ચુકાદો સંભળાવ્યો હતો. આ કેસોની વિગતોમાં આદીપુર મધ્યે રહેતા શ્રી પ્રવીણ લક્ષ્મણદાસ ચૌધરી તથા ગાંધીધામ મધ્યે રહેતા શ્રી રાજેશ પરમાનંદ ખિયાણી પાસેથી આરોપી અમિત રજનીકાન્ત જોષીએ હાથ ઉચ્છીની બન્ને ફરીયાદીઓ પાસેથી અલગ-અલગ લીધેલ રકમ રૂા.૫,૦૦,૦૦૦/- ની ચુકવણી પેટે ચેક આપેલ હતા. આ બન્ને ચેક પરત ફર્યા બાદ બે ફરીયાદો દાખલ થતા તે કેસો ચાલી જતા બન્ને કેસમાં ટ્રાયલ કોર્ટએ આરોપી અમિત રજનીકાન્ત જોષીને ૧૨ માસની સજા તથા ચેકની રકમ વળતર પેટે મુળ ફરીયાદીને ચુકવી દેવા આદેશ કરેલ હતુ, આરોપી અમિત રજનીકાન્ત જોષીએ તે હુકમ સામે અપીલો કરતા બન્ને પક્ષોની દલીલો બાદ ટ્રાયલ કોર્ટએ બન્ને કેસમાં કરેલ ૧૨-૧૨ માસની સજા તથા ચેકની રકમ વળતર પેટે બન્ને કેસમાં ફરીયાદીને ચુકવી દેવા હુકમને ગાંધીધામના નામદાર બીજા અધિક સેશન્સ જજ સાહેબએ માન્ય રાખતા હુકમો કરેલ છે. આ બન્ને અપીલો દરમ્યાન મુળ ફરીયાદી તરફે એડવોકેટ શ્રી વિનોદભાઈ ડી. આસવાણી અને વિશાલ ઓ. શર્મા હાજર રહેલ હતા.

કચ્છની સાંસ્કૃતિક વિરાસત જગવિખ્યાત છે

માંડવીમાં વિશ્વસંગીત દિને 'સૂર અને સાધક' પુસ્તક વિમોચીત થયું

માંડવી : કચ્છનું એક અલગ અસ્તિત્વ છે. કચ્છ પ્રદેશની એક અલગ સંસ્કૃતિ છે. રાષ્ટ્રીય કક્ષાએ કચ્છની ઓળખકલાના ક્ષેત્રમાં જળવાઈ રહી છે જે પ્રતિપાદીત થાય છે. એવા કેટલાય કિસ્સાઓ આપણને જોવા મળશે કે જેનાથી કચ્છના સંગીત સાધકોની વિશેષ રૂપે ઓળખ મળી શકશે.' માંડવીમાં વિશ્વ સંગીત દિને વી.આર.ડી.આઈ.ના વિવેકગ્રામ પ્રકાશન ધ્વારા પ્રકાશિત અને હસમુખ અબોટી 'ચંદન' લિખીત પુસ્તક 'સૂર અને સાધક'ના વિમોચન પ્રસંગે વરિષ્ઠ પત્રકાર કીર્તિ ખત્રીએ આ મુજબ જણાવીને કચ્છની જગવિખ્યાત સાંસ્કૃતિક વિરાસતને આ પ્રદેશનું ગૌરવ લેખાવ્યું હતું. રોટરી હોલ,માંડવીમાં યોજાયેલ આ કાર્યક્રમના પ્રારંભે સૌને આવકારતાં ગોરધન પટેલ'કવિ'એ સંસ્થાની સાહિત્યિક પ્રવૃતિઓની માહિતી આપવાની સાથે કલાક્ષેત્રના પુસ્તકોનો ઉલ્લેખ કર્યો હતો. મંચસ્થ મહેમાનું સન્માન રમેશ નંદા, મધુકાન્ત આચાર્ય અને લાલ રાંભિયાના હસ્તે કરાયા બાદ પુસ્તકોનું લોકાર્પણ મંચસ્થ મહાનુભાવોને હસ્તે કરાયું હતું. પુસ્તક પરિચય આપતાં સમરંગ,ભુજના પ્રમુખ ઝવેરીલાલ સોનેજીએ કચ્છના શાસ્ત્રીય સંગીતના સાધકોનો પરિચય આપ્યો હતો. તેઓએ શાસ્ત્રીય સંગીત ક્ષેત્રે કચ્છના અનેક સંગીતકારોને યાદ કરીને તેઓએ આ ક્ષેત્રે કચ્છનું નામ રોશન કર્યું હોવાનો મત વ્યકત કર્યો હતો. સર્જક પ્રતિભાવમાં હસમુખ અબોટી'ચંદન'એ કચ્છના ગૌરવશાળી સંગીતકારોનો ઉલ્લેખ કરીને પ્રકાશન સંસ્થાનો આભાર માન્યો હતો. મંચસ્થ દેવેન્દ્રભાઈ શાહે કાર્યક્રમને આવા ઉત્તમ પુસ્તક બદલ રાજીપો વ્યકત કર્યો હતો. આ પ્રસંગે જયંત જયોત સંસ્થા ધ્વારા સર્જકનું સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં સર્વશ્રી ગૌતમ જોશી, અખીલેશ અંતાણી, કૈલાશ ઓઝા, ડી.કે. પંચાલ, દિપક સોની, અપર્ણાબેન વ્યાસ, દાઉદ ટાના, દેવેન્દ્રભાઈ વેદાંત, રામજીભાઈ અબોટી, મહેશ દવે, રાણશીભાઈ ગઢવી, હરીઓમ અબોટી, વિશ્રામ ગઢવી, કેતન ગઢવી, ખેતશી ગઢવી, સલીમ જુમાણી, હસમુખ પટેલ, નિરંજન વ્યાસ, ડો. આદિત્ય ચંદારાણા, રમણીકભાઈ રાયચંદા વિગેરે ઉપસ્થિતરહયા હતા. કાર્યક્રમનું સંચાલન કપિલ ગોરે કર્યું હતું.

શ્રી વાગડ કલા કેન્દ્ર મુંબઈ દ્વારા શ્રી વાગડ વેલ્ફેર સોસાયટી હોસ્પિટલ-ભચાઉ મધ્યે ૯૫ મો ફ્રી સર્જિકલ કેમ્પ

ભચાઉ : શ્રી વાગડ કલા કેન્દ્ર મુંબઈ અને શ્રી વાગડ સર્વોદય ટ્રસ્ટ ભચાઉ દ્વારા એક સદ્ ગૃહસ્થ ના આર્થિક સહયોગ થી તારીખ.૦૭-૦૭-૨૦૨૪ના મુંબઈના પ્રખ્યાત જનરલ સર્જન ડો.કિરીટ નરસણા અને તેમની ટીમ સાથે શ્રી વાગડ કલા કેન્દ્ર દ્વારા ફ્રી સર્જિકલ કેમ્પ નું આયોજન કરવામાં આવેલ છે.જેમાં એપેન્ડીક્સ,સારણગાંઠ, રસોળી, છાતીમાં ગાંઠ,પિતાશયની કોથળીમાં પથરી,વધરાવળ,તેમજ પેટની અન્ય બીમારીઓની તપાસ,સારવાર અને ઓપરેશનો કરવામાં આવશે.તે માટે દર્દીઓએ તેમના રિપોર્ટ જેવાકે એક્સરે,સોનોગ્રાફી,લેબોરેટરી સાથેની ફાઈલ બનાવી હોસ્પિટલના રેગ્યુલર ડો.નિખિલેશ પટેલ (એમ.ડી.ફિઝીશિયન)ની પાસે આવી નામ રજીસ્ટર કરાવી જવું.રજીસ્ટર કરાવેલ નામો વાળા દર્દીઓના જ ઓપરેશનનો તારીખ-૦૭.૦૭.૨૦૨૪ના રોજ થશે.જે માટે દર્દીએ તારીખ-૦૫.૦૭.૨૦૨૪ ના રોજ હોસ્પિટલમાં દાખલ થવાનું રહેશે.તો ઓપરેશન લાયક દર્દીઓ એ તેનો લાભ લેવા અનુરોધ છે.કચ્છ તેમજ ભચાઉ/રાપર તાલુકાનાં દર્દીઓ આ કેમ્પ નો સારા પ્રમાણમાં લાભ લે તેવી અપીલ છે. કેમ્પની વધુ જાણકારી માટે સંપર્ક કરો. મો-૯૦૧૬૨૯૨૩૭૮ / ૯૬૮૭૭૮૦૮૭૩ આ મેગા કેમ્પને સફળ બનાવવા માટે શ્રી વાગડ કલા કેન્દ્ર નાં પ્રમુખ જગશીભાઈ દેઢીયા, ડો.કાન્તિભાઈ સાવલા,ડો.જયંતિ સત્રા, ડો. ઈલાબેન શાહ (એનેસ્થેટિક્સ), શ્રી વાગડ સર્વોદય ટ્રસ્ટ નાં મેનેજીંગ ટ્રસ્ટી ડો.મનહર શાહ, શ્રી તલકશી નંદુ, ડો.વિજય નંદુ તથા હોસ્પિટલ ના ડોક્ટરો, સ્ટાફ,વહીવટી અધિકારી ઈશ્વર ઓઝા અને શીતલ જોષી જહેમત ઉઠાવી રહ્યા છે.

ડી. એ. વી. પબ્લિક સ્કુલ ગાંધીધામમા અલંકરણ સમારોહની કરાઈ ઉજવણી

ગાંધીધામ :નેતા એ છે જે રસ્તો જાણે છે અને બીજાને યોગ્ય રસ્તે દોરવાનું કામ કરે છે. શાળામાં અલંકરણ સમારોહ એક મહત્વપૂર્ણ પ્રસંગ છે. વિદ્યાલય માં નવા નિયુક્ત થયેલ વિદ્યાર્થીઓને આશા, વિશ્વાસ અને જવાબદારી સોંપે છે. તેમનામાં જવાબદારીની ભાવના કેળવાય અને સમાજ સુધારણા માટે તેમની સંભવિતતાને પોષવા માટે એક મંચ તરીકે સેવા આપવા બદલ ડી.એ.વી. પબ્લિક સ્કૂલમાં અલંકરણ સમારોહ ખૂબ જ ઉત્સાહ અને ગૌરવ સાથે ઉજવવામાં આવ્યો.

કાર્યક્રમની શરૂઆત ગાયત્રી મંત્રથી કરવામાં આવી વિધાલય ના ટ્રસ્ટીગણ તરીકે ચેરમેન ગુરુદત્ત સર,ડાયરેકટર ભારતી તલેલે, સી.ઈ.ઓ. હેતલ પરમાર, પ્રિન્સીપાલ દિગંત ધોળકીયા, વાઈસ પ્રિન્સીપાલ છાયા ઠક્કર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ૨૯ નવનિર્વાચિત છાત્રોમાં હેડ બોય, હેડ ગર્લ, સાથે બીજા નવનિર્વાચિત છાત્રોમાં સ્કૂલ કેમ્પસ ઈન્ચાર્જ, ડિસિપ્લિન કમિટી, હાઉસ કેપ્ટન, વાઈસ હાઉસ કેપ્ટન, એક્ટરિંગ કમિટી, પ્રીફેક્ટ સ્પોકન ઈંગલિશ, એસેમ્બલી ઈન્ચાર્જ, ફોટોગ્રાફી ઈન્ચાર્જ, એક્સટેમ્પોર એક્ટિવિટી ઈન્ચાર્જ વગેરે તમામની વરણી કરવામાં આવી, અને નવનિર્વાચિત પદવી ધારકોને શેશે અને બેચ પ્રદાન કરવામાં આવ્યા સાથે પોતાના પદનીસોપણી કરવામાં આવી.

મહેમાનોની ઉપસ્થિતિમાં તમામ પદવી ધારકોએ શપથ ગ્રહણ કરી. વિદ્યાલયના મેનેજિંગ ડાયરેકટર વચોનીધી આચાર્ય તથા ડાયરેકટર સુમન આચાર્ય કે જેઓ હાલ પોતાના કાર્ય હેતુ અમેરિકા ગયેલ છે. તેમણે મોબાઈલ થી વોઈસ મેસેજ દ્વારા ચૂંટાયેલ વિધાર્થીઓને સંબોધન આપતા જણાવ્યું કે પહેલા તમામ પોતે જવાબદારી નિષ્ઠા પૂર્વક વહન કરે તમામ ચૂંટાયેલ નવનિર્વાચીત છાત્રો તેમની ફરજો તેમની શ્રેષ્ઠતા અને ક્ષમતા મુજબ કામગીરી નિભાવશે અને અનુકૂલન ક્ષમતા સુગમતા જેવા ગુણોના વિકાસ પર ધ

અંજાર લોહાણા મહાજનના ટ્રસ્ટીઓની વરણી માટે મતદાન શરૂ

૩૧ ટ્રસ્ટીઓની વરણી માટે નોંધાયેલા ૪૩૦૩ મતદારો કરશે પોતાના મતાધિકારનો ઉપયોગ : કચ્છ રઘુવંશી સમાજના ઈતિહાસમાં હોદેદારોની વરણી માટે સર્વપ્રથમ વખત યોજાઈ રહી છે ચૂંટણી

ચૂંટણી પ્રક્રિયા પુર્ણ થયા બાદ તમામ ૭૧ હરિફ ઉમેદવારો એક બની સમાજના વિકાસ માટે કરશે કાર્ય : કચ્છભરના રઘુવંશી સમાજના વડીલો - મંડળીઓએ વ્યક્તકર્યો વિશ્વાસ : સમાજની એકતા અકબંધ રાખવાની તમામ ઉમેદવારોએ ઉચ્ચારી ખાતરી

અંજાર : કચ્છના રઘુવંશી સમાજના ઈતિહાસમાં સર્વ પ્રથમ વખત અંજાર લોહાણા મહાજનના હોદેદારો અને ટ્રસ્ટીઓની વરણી માટે ચૂંટણી યોજાઈ રહી છે. આજે સવારે અંજાર લોહાણા મહાજનના ૩૧ ટ્રસ્ટીઓની વરણી કરવા મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. અંજાર રઘુવંશી સમાજના વડીલો, આગેવાનો અને જ્ઞાતિજનોની હાજરીમાં શાંતિપુર્ણ રીતે મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

અંજાર રઘુવંશી સમાજના વડિલો, આગેવાનો અને જ્ઞાતિજનોની હાજરીમાં શાંતિપૂર્ણ રીતે મતદાનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. મહાજનના મોવડી મંડળની વરણી માટે ચૂંટણી થઈ છે, પરંતુ મતદાન વખતે શાંતિપૂર્ણ અને ભાઈચારા ભર્યો માહોલ જોવા મળ્યો હતો. અંજાર રઘુવંશી સમાજના મોભી એવા વસંતભાઈ કોડરાણીએ જણાવ્યું હતું કે, મહાજનના હોદ્દેદારોની વરણી સર્વસંમતિથી બિનહરીફ થાય તે દિશામાં શહેર રઘુવંશી સમાજના વડિલોથી માંડી ભુજ, માધાપર, અબડાસા સહિત જિલ્લાભરના રઘુવંશી મહાજનના મોભીઓ અને વડિલો પ્રયાસ કર્યા હતા, પરંતુ કારણવશ તેનો ઉકેલ ન આવતાં તંદુરસ્ત હરિફાઈ સાથે ચૂંટણી યોજાઈ છે. સમાજના લોકોને ટ્રસ્ટીઓની વરણી માટે પસંદગીનો અવસર મળ્યો છે. ચૂંટણી થાય તેમાં કંઈ અજુગતું ન કહેવાય, જે પણ લોકો ચૂંટાશે તે રઘુવંશી સમાજના વિકાસ માટે કાર્ય કરશે. ચૂંટણી પ્રક્રિયા બાદ તમામ હરિફો એકબીજા સમાજને આગળ લઈ જવા યોગદાન આપશે તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો હતો.

અંજાર લોહાણા મહાજનના પિન્ટુભાઈ ચંદેએ જણાવ્યું હતું કે, ચૂંટણીઓ સમાજની વ્યવસ્થાનો એક ભાગ છે. વર્તમાન સમયે જ્યારે એક જ પરિવારમાં પિતા - પુત્ર કે ભાઈ - ભાઈ વચ્ચે વિચારભેદ જોવા મળતા હોય છે, ત્યારે આ એક વિશાળ સમાજ છે. લોકો વચ્ચે વિચારભેદ જરૂર છે, પરંતુ મન ભેદ બિલકુલ નથી, જે પણ સભ્યો ચૂંટાશે તે સમગ્ર સમાજને સાથે રહીને જ કાર્ય કરશે તેવી ખાતરી તેમણે આપી હતી. વર્ષના તમામ તહેવારો સમાજ એક સાથે મળીને ઉજવે છે. વર્ષમાં ૩ વખત તમામ સમાજ એક થઈને ભોજન કરે છે. સમાજની એકતા આવનાર વર્ષોમાં પણ અકબંધ રહેશે તેવો વિશ્વાસ તેમણે દર્શાવ્યો હતો.

અંજાર મહાજનના અગ્રણી પ્રકાશભાઈ કોડરાણીએ જણાવ્યું હતું કે, અંજાર મહાજનના હોદેદારોની વરણી બિનહરીફ થાય તે માટે તમામ પ્રયાસો કરવામાં આવ્યા હતા, પરંતુ કોઈ કારણોસર તે સફળ ન થતાં આજે મતદાન થઈ રહ્યું છે. ચૂંટણી પ્રક્રિયાએ સામાજિક વ્યવસ્થાનો એકભાગ છે. વર્ષ ૧૯૬૧માં અમલમાં આવેલા બંધારણ અનુસાર અંજાર મહાજનના હોદેદારોને ચુંટી કાઢવા તંદુરસ્ત હરિફાઈ થઈ રહી છે, જેમાં કંઈ અયોગ્ય ન કહેવાય. સમાજના લોકોને પસંદગીના ટ્રસ્ટી નિમવાનો અધિકાર બંધારણે આપ્યો છે. ગાંધીધામ રઘુવંશી સમાજના પ્રમુખ અને ચૂંટણી અધિકારી પંકજભાઈ ઠક્કરે વિગતો આપતા જણાવ્યું હતું કે, અંજાર મહાજનના ૩૧ ટ્રસ્ટીઓની નિમણુક માટે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અંજાર મહાજનના નોંધાયેલા ૪૩૦૩ મતદારો પોતાની પસંદગીના ટ્રસ્ટીઓની વરણી માટે મતદાન કરી શકશે. દરેક મતદાન બેલેટ પેપર પર ૭૧ હરીફ ઉમેદારો પૈકી ૩૧ ઉમેદવારોને મત આપી શકશે. ૩૧ કે તેથી ઓછા ઉમેદવારોને અપાયેલ મતપત્રક માન્ય રહેશે. મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મત ગણતરી કરી વધુ મત મેળવનાર ૩૧ ઉમેદવારોને વિજેતા જાહેર કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે, આવનાર દિવસોમાં તમામ ઉમેદવારો એકબીજા સમાજના ઉત્થાન માટે સાથે મળીને કામ કરશે. અંજાર મહાજનની એકતા અકબંધ રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન અંજાર શહેર અને તાલુકા રઘુવંશી સમાજના વડિલો, આગેવાનો ઉપરાંત કચ્છભરમાંથી લોહાણા મહાજનના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમાં વકીલ સુરક્ષા અધિનિયમ પસાર કરવા રજુઆત

રાપર વકીલ મંડળે વહીવટીતંત્ર મારફત રાજયપાલને પાઠવાયું આવેદનપત્ર

રાપર : એડવોકેટ આપણી કાનૂની પ્રણાલીનું અભિન્ન અંગ છે. ન્યાયની પ્રાપ્તિ અને ન્યાય પ્રણાલીની વિધેયતાને સુનિશ્ચિત કરવા માટે મહાન ભુમિકા ભજવે છે. દેશને આઝાદ કરાવાથી લઈને સમાજના વિવિધ પ્રશ્નોના હલ માટે વકીલની ભૂમિકા સમાજ માટે અગત્યની રહી છે અને આવા પ્રશ્નોના હલ માટે વિવિધ વર્ગોના સંપર્કમાં વકીલો આવતા હોય છે અને ન્યાયીક પ્રક્રિયા અને સત્ય માટેની લડાઈમાં અગ્રેસર રહેતા હોય છે.તેમ છતાં છેલ્લા કેટલાંક વર્ષોમાં વકીલાતના વ્યવસાયકો પર થયેલા હુમલાઓ અને હિંસક પ્રવૃત્તિઓમાં વધારો થયો છે. આ તમામ પરીસ્થિતિઓને ધ્યામાં રાખીને ગુજરાત રાજયમાં એક મજબુત (વકીલ સુરક્ષા અધિનિયમ) પસાર કરવાની તાત્કાલીક જરૂરીયાત છે. જો વકીલોને તેઓના પરીવારની સુરક્ષા કાયદા દ્વારા સુનિશ્ચિત નહી હોય તો સમાજની સુરક્ષા સુનિશ્ચિત કરી શકાશે નહી. વકીલો હંમેશા સમાજના હિત માટે સત્ય અસત્ય માટે કાયદાની પ્રક્રિયા દ્વારા અદાલતમાં નિર્ભય થઈને કાર્ય કરી શકે તે માટે રાજયના વકીલો અને તેઓના પરિવારના હિત માટે એડવોકેટ પ્રોટેકશન એકટ લાવવો હાલના સમયમાં ખુબ જરૂરી છે તેવી રાપર બાર એસોસીએશનને વહીવટી તંત્ર મારફતે રાજયપાલને રજુઆત કરી છે.

ઘણી વખત કોર્ટના કામ દરમ્યાન કોર્ટ પ્રિમાયસીસમા જ વકીલોને ધમકીઓ આપવામાં આવી રહી છે. વકીલો પર તદન એફઆઈઆર કરવાના બનાવો સામે આવી રહ્યા છે. વકીલોએ તેમના કામ દરમ્યાન અનેક વખત દુર્વ્યવહારનો સામનો કરવો પડે છે જેથી તેમની વ્યવસાયિક અને વ્યક્તિગત સુરક્ષા પર ખુબ મોટું જોખમ ઉભું થયેલ છે. ન્યાય માટે લડતા વકીલો સામા પક્ષે રોકાયેલ હોવાનું વેર રાખીને અસામાજીક તત્વો દ્વારા વકીલોની હત્યાઓ કરવામા આવીરહી છે.વકીલો અને તેઓના પરિવારની સુરક્ષા જો હવે સુરક્ષિત કરવામાં નહી આવે તો વકીલો ડરતા ડરતા કયાં સુધી કાર્યરત રહી શકે. આ બાબત વકીલ આલમ માટે ખુબ જ ગંભીર છે. વકીલો ન્યાય માટે નિર્ભયપણે લડી શકે તે માટે વકીલ સુરક્ષા અધિનિયમ તાત્કાલીકપણે લાવવો જોઈએ તેવું એસોસીએશને ભારપુર્વક રજુઆત કરતાં જણાવ્યું હતું.

ગુજરાત રાજય વિધાનસભા (વકીલ સુરક્ષા અધિનિયમ) તાત્કાલીક પસાર કરે જે વકીલોના હિતને સુરક્ષિત કરે અને કાનુની વ્યવસાયમાં શાંતિપૂર્ણ અને સુરક્ષિત વાતાવરણ સુનિશ્ચિત કરે. રાપર તાલુકા વકીલ મંડળની રજુઆત ધ્યાને લેવા માંગ કરી હતી.

પહેલા પાનાથી... ગુજરાતમાં મેઘાની

આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

છેલ્લા ૨૪ કલાકમાં રાજયના ૧૯૧ તાલુકામાં મેઘમહેર

સૌથી વધુ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં અઢી ઈંચ કરતા વધુ વરસાદ

ગાંધીનગર : રાજયના મોટાભાગના વિસ્તારોમાં મેઘરાજા મન મૂકીને વરસ્યા હતાં. છેલ્લા ૨૪ કલાકમાં રાજય ના ૧૯૧ તાલુકાઓમાં વરસાદ પડ્યો હતો જેમાં સૌથી વધુ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં અઢી ઈંચ કરતાં વધુ વરસાદ પડ્યો હતો. આ ઉપરાંત પ્રોલ, ઉમરગામ, વાગરા, કામરેજ, આણંદ, માળીયા- હાટીના, મેંદરડા, બોરસદ, વડોદરા, ટંકારા, વિસાવદર ,ગોધરા, જલાલપોર, રાજકોટ, પેટલાદ ,કોટડા સાંગાણી, ચોટીલા, નડિયાદ, પલસાણા ,બોટાદ, ગોંડલ, વાંકાનેર, બારડોલી, આમોદ, કપરાડા, કુતિયાણા, લોધિકા, ઉમરાળા, બાબરા, હાલોલ, માંગરોળ, કેશોદ, નવસારી, વિરમગામ, વઢવાણ, ગઢડા અને ગણદેવી સહિત ૪૨ તાલુકાઓ એવા છે કે જયાં ૧ ઈંચ થી લઈને ૨ ઈંચ જેટલો વરસાદ પડ્યો છે. આ ઉપરાંત રાજયના ૧૨૦ થી વધુ તાલુકાઓ એવા છે કે જયાં સામાન્ય વરસાદ પડ્યો હતો.

પહેલા પાનાથી...

–તો નાગરિકોને

તાલુકા અને ગ્રામ સ્વાગતમાં કુલ-૨,૧૪૫ રજૂઆતોમાંથી ૭૨.૩૧ ટકા એટલે કે ૧,૫૫૧ રજૂઆતોનું સુખદ નિવારણ લાવી દેવાયું છે. આ રાજય સ્વાગતમાં ગાંધીનગરથી મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, ખાસ ફરજ પરના અધિકારી શ્રી ધીરજ પારેખ તથા મુખ્યમંત્રી કાર્યાલયના વરિષ્ઠ અધિકારીઓ જોડાયા હતા. રાજયના જિલ્લાઓના કલેકટર, ડી.ડી.ઓ તથા જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ વિડિયો કોન્ફરન્સથી સહભાગી થયા હતા.

રાજય વેરાણ વેરા

રાજય વેરા કમિશનર વર્તુળ-૨૫ ખાતે ફરજ બજાવતા એન. વી.કામોળ ની બદલી કરીને તેમને મહેસાણા ખાતે અન્વેષણ વિભાગ -૪ તરીકે નિમણૂંક આપવામાં આવી છે. આ ઉપરાંત રાજય વેરા કમિશનર કચેરીના ૫૪ જેટલા સહાયક રાજય વેરા કમિશનરોને નાયબ રાજય વેરા કમિશનર તરીકે બઢતી આપતા હુકમો કરવામાં આવ્યા છે. ગાંધીધામ ખાતે સહાયક રાજય વેરા કમિશનર ઓડિટ તરીકે ફરજ બજાવતા આર.એમ. પ્રજાપતિ ને બઢતી આપીને અમદાવાદ ખાતે મુખ્ય રાજય વેરા કમિશનર કચેરીમાં નાયબ રાજય વેરા કમિશનર તરીકે નિમણૂંક આપવામાં આવી છે.આ ઉપરાંત ગાંધીધામ ખાતે સહાયક રાજયવેરા કમિશનર-૧ ઘટક-૧૦૩ ખાતે ફરજ બજાવતા વાય. આર. ભાંભળા ને બઢતી આપીને નાયબ રાજય વેરા કમિશનર મોબાઈલ સ્કોડ અમદાવાદ ખાતે નિમણૂંક આપવામાં આવી છે. ગાંધીધામ ખાતે સહાયક રાજય વેરા કમિશનર તરીકે ફરજ બજાવતા એચ.એમ.પટેલ ને નાયબ રાજય વેરા કમિશનર તરીકે બઢતી આપીને અન્વેષણ વિભાગ -૧૨ ગાંધીધામ ખાતે નિમણૂંક આપવામાં આવી છે. સહાયક રાજય વેરા કમિશનર ઘટક -૯૧ મોરબી ખાતે ફરજ બજાવતા કુ. જે.પી. રાઠોડ ને બઢતી આપીને ગાંધીધામ ખાતે નાયબ રાજય વેરા કમિશનર વર્તુળ ૨૫ ખાતે નિમણૂંક આપવામાં આવી છે. ભુજ ખાતે સહાયક રાજય વેરા કમિશનર તરીકે ફરજ બજાવતા એ.એલ. રબારી ને નાયબ રાજયવેરા કમિશનર વિભાગ ૩ અન્વેષણ નિમણૂંક આપવામાં આવી છે ગાંધીનગર ખાતે નિમણૂંક આપવામાં આવી છે.

લશ્કરી ઇતિહાસમાં

સમયે આર્મી ચીફનું પદ સંભાળી રહ્યા છે જ્યારે સેનામાં માળખાકીય સુધારા સાથે આધુનિકીકરણ થઈ રહ્યું છે. લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદી ના નોર્થન આર્મી કમાન્ડર તરીકે લાંબો કાર્યકાળ રહ્યો છે. તેમની પાસે ચીન અને પાકિસ્તાન સાથેની સરહદો પર કામગીરીનો બહોળો અનુભવ છે.

લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદી ૧૯૮૪માં જમ્મુ અને કાશ્મીર રાઈફલ્સમાં જોડાયા હતા.

નોંધનીય છે કે ત્રણેય સેનાના વડા ૬૨ વર્ષની ઉંમર સુધી અથવા ત્રણ વર્ષ સુધી (જે પહેલા હોય તે) તેમના પદ પર રહી શકે છે. ૧ જુલાઈ, ૧૯૬૪ના રોજ જન્મેલા લેફ્ટનન્ટ જનરલ દ્વિવેદી ૧૫ ડિસેમ્બર, ૧૯૮૪ના રોજ સેનાની જમ્મુ અને કાશ્મીર રાઈફલ્સમાં જોડાયા હતા.

કૈલાસનાથનને સ્વસ્થ,

આપીને કે. કૈલાસનાથન ૩૦ મી જૂન ૨૦૨૪થી સ્વેચ્છાએ કાર્યનિવૃત્ત થઈ રહ્યા છે.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ૨૦૦૬થી તેઓ મુખ્યમંત્રી કાર્યાલયમાં અગ્ર સચિવ તરીકે સેવારત રહ્યા હતા. ૨૦૧૩માં અધિક મુખ્ય સચિવ તરીકે સનદી સેવામાંથી નિવૃત્ત થયા બાદ તેમણે એક દાયકાથી પણ વધુ સમય સુધી મુખ્યમંત્રી કાર્યાલયના મુખ્ય અગ્ર સચિવ તરીકે સેવા-યોગદાન આપ્યું છે. તેમની વહીવટી કુશળતા, પ્રજાના પ્રશ્નોના નિવારણની આગવી સૂઝ અને કુનેહપૂર્ણ કાર્યશૈલી તેમના સમગ્ર સેવાકાળ દરમિયાન આગવું પાસું બની રહી હતી. કૈલાસનાથન ને સ્વસ્થ, તંદુરસ્ત અને નિરામય નિવૃત્ત જીવન માટે મુખ્યમંત્રી એ શુભેચ્છા પાઠવી હતી.

આખરે નાના કપાયા, બૌરાણા રોડ ખુલ્યો

મુન્દ્રા : તાલુકાના નાના કપાયા, બૌરાણા રોડ પર ૧૦ ટનના બદલે ૧૦૦ ટનથી વધુ ભારે વાહનોનો અવરજવર વધુ હોવાથી ગ્રામજનોએ આ રોડ બંધ કરી દીધો હતો. પ્રશ્ન થાય છે સરકાર આ રોડ બનાવવા ગ્રાન્ટ કેમ નથી ફાળવતી ? વેરહાઉસીંગ ગોડાઉનો વધુ સંખ્યામાં હોઈ અહીં વિવિધ રાજયોના વાહનો ભારે આવનજાવન કરતા હતા. સરકારી રોડો આમ પણ કેવી ગુણવતાના હોય છે. તે કહેવાની જરૂર નથી ત્યારે આ રોડ ભારે વાહનોથી તુટી પડતા માંડવી, ભુજપુર, બૌરાણા સુચિત રોડ થઈ નાના મોટા વાહનોની અવરજવરથી ધમધમતા આ રોડ છેવટે ગ્રામજનો એ બંધ કરી દેતા વેરહાઉસીંગ પર આવતા જતાં વાહનો અટવાઈ ગયા હતા. રોજનું લાખોનું નુકશાન વેરહાઉસીંગના માલિકોને પડતું હતું. છેવટે સમાધાન થતાં આ રોડ બનાવી દેવા સહમત થતાં રોડ પુનઃશરૂ થયું છે.વધુ માહિતી આપતા જિ.પં.ના સભ્ય વિરમભાઈ ગઢવીએ જણાવ્યું હતું કે આ દોઢ રોડ કરોડો ખર્ચે ૧૨૦૦ મીટરનું રોડ બનાવી આપવા વેરહાઉસીંગના માલિકો સહમત થયા છે.જેનું કામ પણ શરૂ થઈગયું છે. આ રોડ સંપૂર્ણ ડામરથી બનાવવામાં આવશે જેથી આ રોડ મજબુત બની રહેશે.

લુણી પ્રાથમિક - માધ્યમિક શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી

મુંદરા :શ્રી લુણી પ્રાથમિક અને સરકારી માધ્યમિક શાળામાં તા-૨૬/૦૬/૨૦૨૪ ના રોજ કન્યાકેળવણી-પ્રવેશોત્સવ-૨૦૨૪ કાર્યક્રમ મુખ્ય અધિકારી વિજયભાઈ મોદી(RF.O. વિસ્તરણ મુંદરા), લાયઝન દશરથભાઈ જોશી(સી.આર.સી.)ની ઉપસ્થિતિમાં યોજાયો. સરપંચ પ્રેમજીભાઈ ડુંગરિયા, એસ.એમ.સી અધ્યક્ષ આલાભાઈ સીધા સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહી બાળવાટિકા ધોરણ-૧ અને ધોરણ-૮ના બાળકોને નવો પ્રવેશ અપાયો. જે અંતર્ગત પ્રવેશપાત્ર બાળકોને આલાભાઇ પ્રેમજીભાઈ અજીતભાઈ (મુ.શિ.) તરફથી સ્કુલબેગ ભેંટ અપાઇ. કિશોરસિંહ સોઢા, હરિસિંહ રાઠોડ તરફથી દરેક બાળકોને બિસ્કિટપેકેટનુ વિતરણ કરાયું. પ્રાથમિકશાળાના આચાર્ય અજીતભાઈ પ્રજાપતિ એ સર્વેનું શાબ્દિક સ્વાગત કર્યું. માધ્યમિક શાળાના આચાર્ય તરુણભાઈ એ આભારવિધિ કરી, પ્રીતિબેન સોલંકી અને બાળકો દ્વારા કાર્યક્રમનું સુંદર સંચાલન કરી સમગ્ર શાળા પરિવારના સહયોગથી કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

ગાંધીધામ વિસ્તાર સતા મંડળનો મામલો મુખ્યમંત્રીના કાર્યાલય સુધી પહોંચ્યો, તપાસનો હુકમ

ગાંધીધામ : વિસ્તાર સતા મંડળના કન્સલ્ટિંગ આર્કિટેકટ તરીકે સલોની ઠક્કરની નિમણુક થઈ હતી અને તેઓ હાલે પણ આ પદ પર ચાલુ હતા, તે દરમિયાન તેમના પિતા દ્વારા રહેણાક પ્લોટ પર આરમાયા નામનો ગેરકાયદેસર કોમર્શિયલ કોમ્પ્લેક્ષ બનાવવામાં આવ્યું હતું, જેના વિરૂદ્ધમાં લેખિત ફરિયાદ કરવા છતાં જીડીએના અધિકારીઓ દ્વારા કાર્યવાહી કરવામાં નહીં આવતા જાગૃત નાગરિક રવિન્દર સબરવાલે ગુજરાત રાજયના મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી, જેને ધ્યાને લઈ તેમની રજૂઆતને સ્વાગત કાર્યક્રમ હેઠળ નોંધણી કરીને મુખ્યમંત્રી કાર્યાલયમાં કલેકટર તરીકે ફરજ બજાવતા અધિકારીએ અગ્ર સચિવ શેરી વિકાસ અને શેરી ગૃહ નિર્માણ વિભાગને પત્ર સાથે રજૂઆત મોકલી સલોની ઠક્કરની સેવાઓને સમાપ્ત કરી તેમનીને સામે તપાસ સોંપવા અને તેમના પિતા દ્વારા બનાવેલા આરમાયા નામના વાણિજય સંકૂલને સીલ મારવા અંગે રજૂઆતને ચકાસીને નિયમ અનુસાર કાર્યવાહી કરવા તથા કરેલી કાર્યવાહીની વિગતો મુખ્યમંત્રીની કચેરીની જાણ હેઠળ સાબાંદીતોને મોકલવા માટે જણાવ્યું છે. સ્થાનિક અધિકારી પાસેથી જાણવા મળેલી વિગતો અનુસાર હાલે પોરબંદર સ્થિત એક આઈએએસ અધિકારી સ્થાનિક અધિકારી પર કાર્યવાહી નહીં કરવા માટે દબાવ બનાવી રહ્યા છે, જે અંગે વિગતો મેળવી આગળના સમયમાં યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેવું રવિન્દર સબરવાલની યાદીમાં જણાવ્યું છે.

રાપર નગરપાલિકા અને વન વિભાગ દ્વારા એક પેડ મા કે નામ કાર્યક્રમ યોજાયો

રાપર : આજના દિવસે એક પેડ મા કે નામ ના કાર્યક્રમ નુ આયોજન રાપર નગરપાલિકા તથા રાપર વન વિભાગ ની વિસ્તરણ રેન્જ દ્વારા યોજવા મા આવ્યું હતું જેમાં અતિથ વિશેષ પદ પર ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા રાપર નગરપાલિકા ના ચીફ ઓફિસર રવાજી જાડેજા આર.એફ.ઓ મહિપતસિંહ ચાવડા રહ્યા હતા આજે યોજાયેલા એક પેડ મા કે નામ કાર્યક્રમ અંતર્ગત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં જેમાં માનવ ધર્મ પ્રસાર આશ્રમ ના સંત રાજેન્દ્રદાસજી મહારાજ રાપર તાલુકા ભાજપના પ્રમુખ નશાભાઈ દૈયા તાલુકા પંચાયત ના માજી પ્રમુખ હમીરજી સોઢા નગરપાલિકા ના માજી પ્રમુખ હઠુભા સોઢાપ્રવિણભાઈ કાકરા, મહેશભાઈ સુથાર, હેતુભા રાઠોડ, આશિષગીરી ગુસાઈ, સંજયસિંહ વાઘેલા, નિલેશભાઈ ઠક્કર , હરદેવસિંહ રાઠોડ, દિવ્યરાજસિંહ જાડેજા, બાબુભાઈ કોળી, દેવાભાઈ ગરચર દેવજી મેરીયા, માવજીભાઈ મેરીયા. સહિત ના આગેવાનો અને શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા આજે યોજાયેલા એક પેડ મા કે નામ કાર્યક્રમ અંતર્ગત દરેક શહેરીજનો ને મા કે નામ કાર્યક્રમ અંતર્ગત વૃક્ષો વાવવા માટે અપીલ કરી હતી આજે યોજાયેલા એક પેડ મા કે નામ કાર્યક્રમ અંતર્ગત સામાજિક સંસ્થાઓ તથા શહેરીજનો મોટી સંખ્યામાં ઉપ સ્થિત રહ્યા હતા

અંજારમાં અકસ્માત કર્યા બાદ મારામારી થઈ

અંજાર : શહેર વિજયનગર ફલોર મિલની સામે ચાર રસ્તા પાસે અકસ્માત બાદ મારામારી થઈ હતી. ફરિયાદી નિધિ જયેશભાઈ બલદાણિયાના જણાવ્યા પ્રમાણે આરોપી નાગલપરના કિશન અમુતલાલ હડિયા, રસીલાબેન કાન્તિલાલ હડિયા અને એક અજાણી સ્ત્રીએ પોતાના કબ્જાની ફોર વ્હીલર પુર ઝડપે ચલાવી ફરિયાદીની ઈલેકટ્રીક સ્કૂટીમાં પાછળથી ભટકાવી અકસ્માત સર્જી ફરિયાદીને મુઢ ઈજાઓ પહોંચાડી ફરિયાદીએ અકસ્માત બાબતે કહેતા ત્રણેય આરોપીઓ ભેગા મળી થપ્પડ વડે માર માર્યો હતો. જેથી ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

મુન્દ્રા તાલુકાના બગડા ગામે 'એક પેડ માં કે નામ'

મુન્દ્રા : "મન કી બાત, મોદીજી કે સાથ" અને 'એક પેડ માં કે નામ' આજરોજ માંડવી વિધાનસભાના મુન્દ્રા તાલુકાના બગડા ગામે બુથ નં. ૧૮૩માં સદૈવ જનતાના હૃદયની અનુભૂતિને વાચા આપતા આદરણીય યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનાં "મન કી બાત" કાર્યક્રમ નિહાળી માર્ગદર્શન પ્રાપ્ત કર્યું. પોતાના ઉર્જાવાન, દૂરગામી અને ઓજસ્વી વક્તવ્યો દ્વારા જન-જનના કલ્યાણ અને રાષ્ટ્રના વેગવંતા વિકાસ અર્થે દૃઢ સંકલ્પિત આદરણીય મોદીજીના વિચારો અને વક્તવ્યો હરહંમેશ એક નવીન ઉર્જાનું સંચાર કરે છે તેમજ પ્રેરણાત્મક શબ્દો થકી આ વખતે પણ જનકલ્યાણ અને રાષ્ટ્રસેવાની અનેકગણી શીખ મળી. આ કાર્યક્રમ દરમિયાન ગામમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત સફાઈ કરવામાં આવી તથા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ 'એક પેડ માં કે નામ' અભિયાન થકી સૌને માતાના નામે વૃક્ષ વાવી અને તેનું જતન કરવા આહ્વાન કર્યું છે.ત્યારે બગડા સૌ ગ્રામજનોએ 'એક પેડ માં કે નામ' મે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે મંડલના પ્રભારી અને મુન્દ્રાના પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી,શાંન્તિલાલ આહિર, ગોપાલભાઈ ગોયલ,શંભુભાઈ ગોયલ,રાખ્યા બાબુ ચાવડા,રામજી કાના ચાવડા, રમેશભાઈ ગોવિંદ ચાવડા, અજા બુધ્ધુ, શંભુ મંગલ ચાવડા, રવા ભચુ આહિર, યોગેશ રવજી, રાજા કરશન તેમજ ભાજપા કાર્યકર્તાઓ,આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

હિઝબુત તહરિર કેસમાં NIAની કાર્યવાહી : તમિલનાડુમાં ૧૦ સ્થળોએ ઝડપી દરોડા

(એજન્સી દ્વારા) નવી દીલ્હી : નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી એ હિઝબુત તહરિર કેસમાં રવિવારે સવારે તમિલનાડુમાં ૧૦ સ્થળોએ મોટાપાયે દરોડા પાડ્યા હતા. આ દરમિયાન એનઆઈએની ટીમે રાજયના ઈરોડ જિલ્લામાં પણ બે સ્થળોએ દરોડા પાડ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે આ દરોડા હજુ પણ ચાલુ છે. તમને જણાવી દઈએ કે રાષ્ટ્રીય તપાસ એજન્સીએ વર્ષ ૨૦૨૧માં મદુરાઈના મામલામાં હિઝબુત તહરિર સાથે જોડાયેલા લોકોના સ્થળો પર દરોડા પાડ્યા હતા. આ દરમિયાન ટીમે એક વ્યક્તિની ધરપકડ પણ કરી હતી. તમને જણાવી દઈએ કે આ દરોડો મુખ્યત્વે બે શકમંદો પર ફોકસ કરવામાં આવ્યો હતો. જેમાં અબ્દુલ ખાન અને અહેમદના નામ સામેલ છે. અબ્દુલ ખાને પુદુક્કોટાઈમાં મડૈયુર પાસે એક ફાર્મ લીઝ પર લીધું હતું. અહેમદ તંજાવુરના કુલંધાઈ અમ્માલ નગરનો રહેવાસી હતો. તમને જણાવી દઈએ કે NIAએ મે મહિનામાં આંતરરાષ્ટ્રીય ઈસ્લામિક સંગઠન હટના છ સભ્યોની ધરપકડ બાદ આ દરોડા પાડ્યા છે. આ લોકોની ચૂંટણી અને લોકશાહી વિરુદ્ધ પ્રચાર જેવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ થવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. ધરપકડ કરાયેલા લોકોમાં એક ૫૦ વર્ષીય વ્યક્તિ અને તેના બે પુત્રો અને અન્ય ત્રણ લોકોનો પણ સમાવેશ થાય છે. તેની ઉંમર ૨૬ થી ૩૩ વર્ષની વચ્ચે હોવાનું કહેવાય છે. તપાસ એજન્સીએ તે તમામ પર ગેરકાનૂની પ્રવૃત્તિઓ નિવારણ અધિનિયમ ની જોગવાઈઓ લાદી હતી. લોકશાહી સામે હિઝબુત તહરીના સભ્યોની એક દલીલ એ હતી કે લોકશાહી અને કાયદાનું શાસન માનવસર્જિત છે. તેમણે કહ્યું કે તેથી તેને બદલી શકાય છે અને તે સંપૂર્ણ નથી, જ્યારે તેમણે કહ્યું કે દૈવી કાયદો આવી શ્રેણીમાં આવતો નથી અને તે સર્વોચ્ચ છે.તમને જણાવી દઈએ કે હિઝબુત તહરિરની સ્થાપના ૧૭ નવેમ્બર ૧૯૫૨ના રોજ પેલેસ્ટાઈનના પૂર્વ જેરુસલેમમાં થઈ હતી. તેની સ્થાપનાનો શ્રેય તાકી અલ-દિન અલ-નબાનીને જાય છે.

રાપરના માનગઢમાં વીજળી પડતા પાડીનું મોત

રાપર : વાગડ વિસ્તારમાં છવાયેલા વરસાદી માહોલ વચ્ચે રાપર તાલુકાના માનગઢ ગામે લીમડાના ઝાડ પર વીજળી પડી હતી. ઝાડની નીચે ઉભેલી એક પાડીનું મોત થયું હતું. વીજપ્રપાતથી ઢોરનું મોત થતા જીવદયા પ્રેમીઓમાં અરેરાટી ફેલાઈ હતી.

ગઢશીશા વિસ્તારમાં ભારે ગાજવીજ સાથે મેઘ મહેર

ગઢશીશા : ગઢશીશા વિસ્તારને ચાતક પક્ષીની જેમ રાહ જોવડાવ્યા બાદ અસહય ગરમ અને બફારા વચ્ચે આજે સવારે ૧૦:૧૫ના અરસા દરમ્યાન ભારે ગાજવીજ સાથે મીઠડી મેઘમહેર થતાં રસ્તાઓ પર જોશભેર પાણી વહી નિકળ્યા હતા. ખેતરોમાં પાણી ભરાવાની સાથે આડબંધોમાં નવા નીરની આવક જોવા મળી હતી.

સવારે ૧૦:૩૦થી ૧૧:૩૦ના અરસામાં સારો વરસાદ વરસતા ધરતીપુત્રોમાં હર્ષ જોવા મળી હતી. જો કે, હજુ વાવણીલાયક સર્વત્ર વરસાદ ન થયો હોવાનું ઉમેર્યું હતું. આગાહીના પગલે ખેડૂતો વાવણી લાયક મુશળ

કચ્છમાં ઉજવાયો વિજયોત્સવ : દિવાળી સમો માહોલ છવાયો

ભુજ-ગાંધીધામ સહિત કચ્છભરમાં ક્રિકેટ રસિકોએ વર્લ્ડ કપના વિજયને વધાવ્યો : ફટાકડા ફોડી ટીમ ઈન્ડિયાની જીતના વધામણા

ભુજ : ટી-૨૦ વર્લ્ડ કપમાં રસાકસીભર્યા જંગમાં ભારતે સાઉથ આફ્રિકાની ટીમને હરાવતા જ કચ્છભરમાં ખેલરસિકોએ જીતની ભવ્ય ઉજવણી કરી હતી. ટીમ ઈન્ડિયાએ વિજય મેળવતા જ લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. ભુજ, ગાંધીધામ, અંજાર સહિત કચ્છભરમાં ટીમ ઈન્ડિયાની જીતનીભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

ખેલરસિકોએ ફટાકડા ફોડી હર્ષના આસું સાથેક્રિકેટ રસિકોભાવુક થયા હતા. અંતિમ ઓવર સુધી રસાકસીભર્યા જંગમાં ભારતે સાઉથ આફ્રિકાને હરાવી ૧૩ વર્ષ બાદ આઈસીસી ટ્રોફી જીતવાનું દેશવાસીઓનું સપનું સાકાર કર્યું હતું.

કચ્છના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં મધરાતે શરૂ થયેલી ઉજવણી મોડીરાત સુધી ચાલી હતી. લોકોઢોલના તાલે ઝુમ્યા હતા. ગાંધીધામ અને ભુજમાં લોકો ઘરની બહાર જીડળ્યા હતા. રસ્તાઓ પર ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ભુજ તાલુકાના સરહદી ખાવડા પંથક, આહિર પટ્ટીના ગામ, મુંદરા-માંડવી, અબડાસા પંથક અને વાગડ વિસ્તારમાં ભારતની ભવ્ય જીત ઉજવાઈ હતી.

ભારતના વિજયને વધાવતા દિવાળી જેવો માહોલ છવાયો હતો. અનેક સ્થળ પર આંખમાં

લોકોએ જાયન્ટ સ્ક્રીન પર મેચ નિહાળી

ભુજ : જિલ્લા મથક ભુજ સહિત કચ્છના વિવિધ વિસ્તારોમાં ટી-૨૦ વર્લ્ડ કપની ફાઈનલ જાયન્ટ સ્ક્રીન પર પ્રસારણ કરવામાં આયોજન થયા હતા. ભુજમાં સિનેમાઘર ઉપરાંત સ્મૃતિવન, જયુબેલી ગ્રાઉન્ડ, વિવિધ સોસાયટી વિસ્તારોમાં મેચનું વિરાટ પડદા પર પ્રસારણ ગોઠવાયું હતું. જાયન્ટ સ્ક્રીન પર મેચ નિહાળવા મોટી સંખ્યામાં ખેલરસિકો ઉમટ્યા હતા. મેચના પલાપલના રોમાંચને માણ્યો હતો. ટીમ ઈન્ડિયાના વિજય સાથે જ લોકો ઝુમી ઉઠ્યા હતા. ભુજના જયુબેલી ગ્રાઉન્ડ પર રોયલ ક્રિકેટ એકેડમીના ઉપક્રમે વિશાળ પડદા પર મેચનું પ્રસારણ કરાયું હતું. એકેડમીના ૧૭૦થી વધુ બાળકો સહિત ઓછી સંખ્યામાં ભુજવાસીઓ મોટા પડદેમેચ જોવા ઉમટ્યા હતા. સ્મૃતિવન ખાતે પણ મેચનું જીવંત પ્રસારણ મોટા પડદે કરાયું હતું. ખેલરસિકોએ મેચની મજા માણી હતી અને ભારતના વિજયની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી.

નાની ઉંમરમાં પણ થઈ શકે છે લકવો

ગાંધીધામના ન્યુરોલોજિસ્ટ ડૉ. આશિષ દ્વારા અપાઈ માહિતી

ગાંધીધામ : સ્ટ્રોક, જેને ઘણીવાર મગજના હુમલા તરીકે ઓળખવામાં આવે છે તે એક ગંભીર તબીબી કટોકટી છે. જ્યારે મગજમાં લોહીનો પ્રવાહ ખોરવાય છે ત્યારે સ્ટ્રોક થાય છે. સ્ટ્રોકની અસરો વિનાશક હોઈ શકે છે, વાણી, હલન ચલન અને જીવનની એકંદર ગુણવત્તાને અસર કરે છે. જ્યારે સ્ટ્રોક સામાન્ય રીતે મોટી વયના લોકો સાથે સંકળાયેલા હોય છે, ત્યારે તેઓ ૪૦ વર્ષથી ઓછી ઉંમરના લોકો સહિત નાની વયની વ્યક્તિઓને પણ પ્રહાર કરી શકે છે.

સ્ટ્રોક ત્યારે થાય છે જ્યારે મગજમાં રક્ત પુરવઠામાં અવરોધ અથવા સુસ્ત પ્રવાહ હોય છે. જેમાં ઇસ્કેમિક સ્ટ્રોક લગભગ ૮૫% માટે જવાબદાર છે. જ્યારે લોહીની ગંઠાઈ (થ્રોમ્બસ) રક્ત વાહિનીને અવરોધે છે, ત્યારે તે ઓક્સિજન અને પોષક તત્વોને મગજના કોષો સુધી પહોંચતા અટકાવે છે.

હેમોરહેજિક સ્ટ્રોક સામાન્ય છે પરંતુ વધુ ગંભીર પ્રકારનો સ્ટ્રોક છે, તે રક્તવાહિની ફાટવાને કારણે મગજની અંદર રક્તસ્રાવને કારણે થાય છે. વધતી ઉંમર એ એક મહત્વપૂર્ણ જોખમ પરિબળ છે, સ્ટ્રોક કોઈને પણ અસર કરી શકે છે. અન્ય જોખમ તત્વો છે - હાઈ બ્લડ પ્રેશર, ધૂમ્રપાન, ડાયાબિટીસ, સ્થૂળતા, બેઠાડુ જીવનશૈલી, સ્ટ્રોક અને હાર્ટ એટેકનો કૌટુંબિક ઈતિહાસ છે. ક્લોટ-ઓપનિંગ / બ્લોક ખોલવાની દવા રક્ત પ્રવાહને પુનઃસ્થાપિત કરી શકે છે અને મગજને થતા નુકસાનને ઘટાડી શકે છે.

સ્ટર્લિંગ હોસ્પિટલ ગાંધીધામના ઈમરજન્સી વિભાગમાં ૩૦ વર્ષના યુવાનને લાવવામાં આવ્યો હતો. તેને ચહેરાના ચિચલનો અને ડાબા હાથ અને પગમાં નબળાઈ અને અસ્પષ્ટ વાણીની ફરિયાદ હતી.

નબળાઈ ખૂબ જ ગંભીર હતી અને તે સહેજ પણ ખસી શકતો ન હતો, અંગોની હિલચાલ બિલકુલ કરી શકાતી નથી. વરિષ્ઠ ન્યુરોલોજીસ્ટ ડૉ. આશિષ સુસવીરકર દ્વારા દર્દીનું તાત્કાલિક મૂલ્યાંકન કરવામાં આવ્યું અને ડૉ. આશિષે એક ખાસ દવાનો ઉપયોગ કરવાનું નક્કી કર્યું ચ થ્રોમ્બોલિસિસ - જે બંધ રક્તવાહિની ખોલે છે અને મગજમાં રક્ત પ્રવાહ પુનઃસ્થાપિત કરે છે, વર્તમાનમાં વૈશ્વિક સ્તરે થ્રોમ્બોલિસિસ એ સ્ટ્રોકમાં સારવારનો શ્રેષ્ઠ વિકલ્પ છે જો વહેલી કલાકોમાં સારવાર કરવામાં આવે છે. વિશેષ દવા આપ્યા પછી, દર્દી બીજા દિવસથી સુધરવા લાગ્યો. અને આગામી ૫ દિવસમાં તે નોંધપાત્ર રીતે સુધર્યો. તેની વાણી ખૂબ સારી રીતે સુધરી હતી અને તેણે તેના હાથ અને પગમાં સારી રિકવરી મેળવી હતી.

ન્યુરોલોજીસ્ટ ડૉ. આશિષે જણાવ્યું હતું કે તેઓ સ્ટ્રોક વિશે જાગૃતિ લાવવા માંગે છે કચ્છમાં પણ શક્ય તેટલા ઓછા સમયમાં સ્ટ્રોકની શ્રેષ્ઠ સારવાર આપવા માંગે છે. સ્ટ્રોક / પેરાલિસિસના લક્ષણો જુઓ ત્યારે દરેક મિનિટ મહત્વપૂર્ણ છે.

નિષ્ણાત ડોકટરો સાથે તમામ સુવિધાઓથી સજ્જ હોસ્પિટલમાં જવું હંમેશા વધુ સારું છે. કચ્છ પ્રદેશ ભાગ્યશાળી છે કે અહીં સ્ટર્લિંગ હોસ્પિટલ જેવું સુસજ્જ સેન્ટર ઉપલબ્ધ છે. વધુમાં જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં હાલમાં એક માત્ર ન્યુરોલોજિસ્ટ છે જેમણે રાષ્ટ્રીય મહત્વની સંસ્થાઓમાંથી ડીએમ અને ડીએનબી અને ફેલોશીપ ડીગ્રીઓ પ્રાપ્ત કરી છે. હાલમાં તેઓ કચ્છ પ્રદેશના સૌથી અનુભવી ન્યુરોલોજીસ્ટ છે.

ગાંધીધામ ખાતે આવેલા ગેમ ઝોન "ફન બ્લાસ્ટ" ને કાયમી ધોરણે બંધ કરવા માંગ

ગાંધીધામ : તાજેતરમાં રાજકોટના ટી આર પી ગેમ ઝોન ભયાનક અગ્નિકાંડ બાદ સફાળી જાગેલી રાજય સરકાર દ્વારા રાજયના વિવિધ ગેમ ઝોન પર સપાટો પાડીને જ્યાં જ્યાં ફાયર સેફ્ટીના નિયમો અવગણીને ગેમ ઝોન ચાલુ હતા તેમને હાલ બંધ કરવાનો આદેશ આપેલ છે ત્યારે ગાંધીધામ ખાતે આવેલા એવા જ એક મોટા ગેમ ઝોન " ફન બ્લાસ્ટ" તાજેતરમાં જ ચાલુ કરાયું છે. તે ગેમ ઝોનમાં પણ ફાયર સેફ્ટીના કોઈપણ નિયમોના પાલન વગર ચાલુ કરાયું હતું.

સવાલ એ થાય છે કે જો ફાયર સેફ્ટીના નિયમો આવા ગેમ ઝોનમાં ફરજિયાત હોય છે તો તેમની મંજૂરી કેમ આપવામાં આવે છે..? અને જો ફાયર સેફ્ટી કે અન્ય નિયમોના ભંગ બદલ જો તેમને બંધ કરવાનો આદેશ આપવામાં આવેલ છે તો અમારી માંગ એ છે કે તાત્કાલિક અસરથી ફન બ્લાસ્ટ ગેમ ઝોનને મંજૂરી આપનાર અધિકારી વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહિ થવી જોઈએ. ફક્ત કામ ચલાઉ નોટીસ આપીને સંતોષ માની લેવું આ પ્રજા સાથે દ્રોહ ગણાય. કારણ કે રાજકોટ ગેમ ઝોનના અગ્નીકાન્ડ કેટલાયે નિર્દોષ લોકો એ પોતાની જાન ગુમાવી છે.

તપાસ બાદ જાણવા મળ્યું કે ત્યાંના ટી પી ઓ કરોડોના આસામી નીકળ્યા કારણ કે બધા નિયમો નેવે મુકીને આવી મંજૂરીઓ ફક્ત રૂપિયાના વ્યવહાર થકી આપવામાં આવે છે..! ત્યારે ગાંધીધામ ખાતે આવેલા ફન બ્લાસ્ટ ગેમ ઝોનની મંજુરીની પણ કડક તપાસ થવી જોઈએ અને મંજુરી આપનાર અને સંચાલકો બંને વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે અને ભવિષ્યમાં પણ આ ફન બ્લાસ્ટ ગેમ ઝોન મંજુરી મળવી જોઈએ નહિ તેવી કડક કાર્યવાહિ થવી જોઈએ. કારણ બીજું પણ છે કે ફન બ્લાસ્ટ ગેમ ઝોનની અડીને નાયરા કંપનીનો પેટ્રોલ પમ્પ આવેલ છે, જે વધુ ગંભીર ગણાય. પેટ્રોલ પમ્પની બાજુ માં આવા ગેમ ઝોનની મંજુરી કેમ મળેલ છે..? તે પણ ગંભીર સવાલ છે. ફન બ્લાસ્ટ ગેમ ઝોનના સંચાલક મુળ અંજારના અને હાલ ગાંધીધામ સ્થિત ભાજપના એક આગેવાન જોડાયેલાં હોવાનું જાણવા મળેલ છે ત્યારે આવા કોઈપણ રાજકીય આગેવાન હોય તો પણ લોકોના જીવન સાથે રમત રમતા આવા રૂપિયા ભુખ્યા નરાધમો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા અને ફન બ્લાસ્ટ ગેમ ઝોનની મંજુરી કાયમ માટે રદ કરવામાં આવે તેવી માંગ જાગૃત શહેરીજનોએ કરી છે.

કચ્છને હરિયાળુ બનાવવા ભાજપ પ્રતિબદ્ધ : દેવજીભાઈ વરચંદ

ભારતીય જનતા પાર્ટી દ્વારા હમીરસર સફાઈ, વૃક્ષારોપણ, મન કી બાત કાર્યક્રમોમાં ભુજના ધારાસભ્ય, નગરપાલિકા સહિતના કાર્યકરો જોડાયા

ભુજ : ભારતીય જનતા પાર્ટી કચ્છ દ્વારા જનસંઘના સ્થાપક શ્યામાપ્રસાદ મુખર્જીની સ્મૃતિ દિવસથી લઈ જન્મ દિવસ સુધીમાં અલગ અલગ કાર્યક્રમો થવાના છે. તે અંતર્ગત આજરોજ સવારે હમીરસર તળાવની સફાઈ, એક પેડ મા કે નામ અને મન કી બાત સાંભળવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં પાર્ટીના પદાધિકારીઓ, ધારાસભ્ય, સહિતના મહાનુભાવો જોડાયા હતા.

જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદના માર્ગદર્શન હેઠળ સવારે કચ્છનો હૃદય હમીરસર તળાવની આથમણી બાજુમાં પાર્ટીના જનસંચય, સ્વચ્છતા યોજના અંતર્ગત અભિયાન રાખવામાં આવ્યો હતો. જેમાં શહેરના સૌ કાર્યકર્તાઓ જોડાયા હતા. ત્યારબાદ ભારતીય જનતા પાર્ટીના કમલમ કાર્યાલયની પાછળનો ભાગ એક પેડ મા કે નામ અભિયાન અંતર્ગત ભારતીય જનતા પાર્ટી દ્વારા ચાલી રહ્યો છે. તે અંતર્ગત આખો ભાગ હરિયાળુ બને તે માટે સૌ કાર્યકરોએ વૃક્ષારોપણ કર્યું હતું. આખા કચ્છમાં એક નાનકડો વૃક્ષ વન બને. આ અંગે તાલુકા કેન્દ્ર ઉપર થયા છે. તેમાં અલગ અલગ સ્થાનો ઉપર કાર્યક્રમો કરવામાં આવ્યા હતા.

૩ મહીના પછી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મન કી બાત કમલમ જિલ્લા કાર્યાલય ખાતે સાંભળવામાં આવી હતી. તે સાંભળવા માટે સૌ કાર્યકરો આવ્યા હતા. ત્રણે કાર્યક્રમમાં જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ, ભુજ વિસ્તારના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, ભુજ નગર અધ્યક્ષા રશ્મીબેન સોલંકી, મહામંત્રી દિલીપભાઈ શાહ, નરેન્દ્ર પ્રજાપતિ, હિતેશ ખંડોલ, ડો. મુકેશભાઈ ચંદે, બાલકૃષ્ણ મોતા, જયંત ઠક્કર, જયદીપસિંહ જાડેજા, દિનેશ ઠક્કર, ગોદાવરીબેન ઠક્કર, હસ્મીતાબેન ગોર તાપસ શાહ, અનીલ છત્રાળા, કમલ ગઢવી, મંદાબેન પટ્ટણી, વંદનાબેન પિંડોરીયા, રિતેન ગોર, હિતેષ ગોસ્વામી વગેરે જોડાયા હતા.

રાપર મામલતદારને વિદાયમાન અપાયું

વય મર્યાદાના લીધે રાપર તાલુકા મામલતદાર એ.એમ. પ્રજાપતિને મામલતદાર કચેરીના સ્ટાફ તથા ફેર પ્રાઈઝ શોપ એસોસિયેશન દ્વારા સંયુક્ત રીતે નિવૃત્તિ વિદાયમાન આપવામાં આવ્યું હતું.

ભારતની જીતની આદિપુર રઘુવંશી દ્વારા ઉજવણી

વર્લ્ડકપની ફાઈનલ મેચમાં ભારતીય ટીમની જીત થતાં ભારતીય ક્રિકેટ ચાહકોની સાથે આદિપુરમાં રઘુવંશી સ્ટ્રકર ક્રિકેટ ટીમના પ્રમુખ ઉમેશ સોમેશ્વર, યુવક મંડળના પ્રમુખ ચિરાગ સોમેશ્વર, હિરેન મજીઠિયા, જેનીલ ઠક્કર, યશ ગંધા, હિતેશ રૈયા, કરણ રૈયા, દિપ ઠક્કર, પીયુષભાઈ સહિત લોકોએ જીતને મનાવ્યો હતો.

મુંદરાની જીંદાલ કંપનીના મેનેજર સાથે શેર માર્કેટના રોકાણના નામે ૯૬.૧૬ લાખની ઠગાઈ

મુંદરા : અહીં આવેલ જીંદાલ કંપનીમાં સિનિયર મેનેજર તરીકે ફરજ બજાવતા મૂળ યુપીના બ્રિજેશકુમાર બાસુદેવસિંહ પટેલ સાથે ઓનલાઈન ઠગાઈ થઈ હતી. ગત ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૩ના ફેશબુક મારફતે યશ વર્લ્ડ ફોરેક્સ નામની ટ્રેડીંગ કંપનીમાં જોડાવાની જાહેરાત આવી હતી. લોભામણી જાહેરાત જોઈને ફરિયાદીએ લીક ખોલી એકાઉન્ટ બનાવ્યું હતું. હર્ષ જૈન નામનો વ્યક્તિ ફરિયાદી સાથે સંપર્કમાં રહી રોકાણ કરવાની સલાહ આપતો હતો. ફરિયાદીએ પોતાના અને દિકરાના બેંક ખાતા મારફતે ૩૪.૮૩ લાખનું રોકાણ કર્યું હતું. રૂપિયા ન મળતાં ફરિયાદીએ સાયબર ક્રાઈમમાં ફોન કરી જાણ કરી હતી. પરંતુ તેમ છતાં ફરિયાદીએ ફેબ્રુઆરી મહિનામાં ફેશબુકના માધ્યમથી અન્ય બાર્કલેજ નામની એપ્લીકેશનમાં ૩૭.૧૩ લાખ, આઈસી ઓર્ગન નેક્સ નામની એપ્લીકેશનમાં ૧૩.૧૮ લાખ, જીએસએમએ એક્સ નામની એપ્લીકેશનમાં ૫.૧૦ લાખ મળી ૯૬.૧૬ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. પણ રૂપિયા પરત ન મળ્યા જેથી બોર્ડર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જેના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.

પંજાબથી ગુમ થયેલી કિશોરીને મુંદરા પોલીસે શોધી

મુંદરા : અહીં પોલીસ કર્મચારીઓ પેટ્રોલિંગમાં હતા એ દરમિયાન શક્તિનગર સર્કલ પાસે ૧૫ વર્ષની કિશોરી જોવા મળી હતી. પુછપરછ કરતાં પિતા સાથે ઝઘડો થતાં ઘરેથી ભાગીને અહીં આવી હોવાનું જણાવતા તેના વાલીનો સંપર્ક કરવામાં આવ્યો હતો. આ સગીરા પંજાબના ડેરાબસ્સીમાં રહે છે. જેથી પંજાબ પોલીસને જાણ કરી પરિવારને વાકેફ કરાતાં ત્યાંથી કિશોરીના પિતા અને પોલીસ આવતા સગીરાનો કબ્જો સોંપવામાં આવ્યો હતો.

મુંદરામાં થયેલી ચોરીના ગુનામાં વધુ એક આરોપી ઝડપાયો

મુંદરા : અહીં દોઢ મહિના અગાઉ ૩.૬૫ લાખની ચોરીનો ગુનો નોંધાયો હતો. જે ગુનામાં એલસીબીએ અરવિંદ પરબત કોલીને ઝડપી લીધા બાદ મુંદરા પોલીસે મૂળ મુંદરાના રમેશ ઉર્ફે ગરીબ પરબતભાઈ કોલીને અંજારથી ઝડપી તેની પાસેથી સોનાના ૧.૨૦ લાખના બે હાર, ૩૦ હજારનો બીજો હાર, ૨૦ હજારની બુટ્ટી, ૪૦ હજારની ચેઈન, ૨ હજારની ચાંદીની વિંટી અને પટા તેમજ ૧૦ હજાર રોકડા કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

અંજારમાં બાવળોની ઝાડીમાં દુષ્કર્મ ગુજારાતા ફરિયાદ

અંજાર : અહીં બાવળોની ઝાડીમાં પરિણીતાને લઈ જઈ બળાત્કાર ગુજારવામાં આવતા ફરિયાદ થઈ છે. ભોગ બનનાર મહિલાએ લખાવેલી ફરિયાદ પ્રમાણે આરોપી ભુજ તાલુકાના વરનોરા ગામના હનીફ ઉર્ફે અભાડો અજીજ મમણે ફરિયાદીના ફોટા વાયરલ કરવાની ધમકી આપી મરજી વિરૂદ્ધ બળાત્કાર ગુજાર્યો હતો. જેથી ગુનો દાખલ કરાયો છે.

કિડાણામાં જુગાર રમતા ૬ ઝડપાયા

ગાંધીધામ : તાલુકાના કિડાણા ગામે આશાપુરા મંદિર પાસે જયનગર સોસાયટીમાં જુગાર રમતા ૬ ઝડપાયા હતા. બી ડિવિઝન પોલીસની કાર્યવાહીમાં આશાબાઈ રાયશીભાઈ મહેશ્વરી, રતનબેન રાણાભાઈ વિંઝોડા, નૂરઝાબાઈ શબ્બીર મામદ લાડક, સોનીબેન માવજીભાઈ બુચિયા, કરીમાબાઈ કારાભાઈ નાયક અને જલાબાઈ જાકીરભાઈ લાડકની અટક કરી રોકડા રૂપિયા ૧૩,૪૦૦ કબ્જે કરવામાં આવ્યા હતા.

અંતરજાળમાં માર મરાતા ફોજદારી

ગાંધીધામ : તાલુકાના અંતરજાળ ગામે માર મરાતા ફોજદારી દાખલ થઈ હતી. ફરિયાદી આદિપુર કેસરનગર-૩માં રહેતા રમેશકુમાર ઉર્ફે કાનો લખુભાઈ ગુજરિયાએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે આરોપીએ ફરિયાદીને લોખંડનો સળિયો અને પથ્થરથી માર મારી ફેકવર સહિતની ઈજા પહોંચી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

કચરાની ગાડીમાં વાગતા સ્વચ્છ ભારતના ગીતથી ભચાઉમાં માર પડ્યો

ગાંધીધામ : શહેરી વિસ્તારમાં નગરપાલિકા દ્વારા ડોર ટૂ ડોર કચરો એકત્ર કરવા માટેના વાહનો ફરે છે, જેમાં સ્વચ્છ ભારત કા ઈરાદા કર લિયા હમને, દેશ સે હમને વાદા કર લિયા ગીત વાગે છે. ભચાઉમાં ડોર ટૂ ડોર કચરો એકત્ર કરવા માટે વાહન સરસ્વતી સોસાયટીમાં પહોંચ્યું ત્યારે સવારે આ ગીત વાગતું હતું. જો કે, અહીં રહેતા પરેશ બાલાશંકરભાઈ મારાજનો પીતો ગયો અને ગીત કેમ વગાડે છે તેમ કહી ફરિયાદી નરસીભાઈ મફાભાઈ સોલંકીનો કોલર પકડી મુઢ મારમારી ઈજા પહોંચાડી ડાબા હાથની કોણીના ભાગે ઘસારાની ઈજા પહોંચાડી કાયદેસરની ફરજમાં રૂકાવટ કરતાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

મથડામાં પત્નીની હત્યા કરનાર પતિને પાંચ વર્ષની સજા ફટકારાઈ

અંજાર : તાલુકાના મથડા ગામે પત્નીની હત્યા કરનાર પતિને પાંચ વર્ષની સજા ફટકારવામાં આવી હતી. ગત ૧૯ એપ્રિલ ૨૦૨૧ની રાત્રે આ બનાવ બન્યો હતો. ભચાઉમાં રહેતા ૨૧ વર્ષિય સલમા જુમાભાઈ આગરિયાના નિકાહ મથડા ગામે રહેતા આરોપી અસગર જુસબ આગરિયા સાથે થયા હતા. જો કે, લગ્ન બાદ પતિને પત્ની ગમતી ન હોઈ અવાર નવાર વિખવાદ થતાં સલમાએ માતાને ફોન કરી હકિકતો જણાવી હતી. ત્યારે માતાએ લગ્ન જીવન ન બગડે તે માટે સારૂ થઈ જશે તેવી હૈયા ધારણા આપી હતી. ૧૯મી એપ્રિલના પતિએ પત્નીની હત્યા કરી લાશને કોથળામાં બાંધી સીમમાં દેહ ફેકી દિધો હતો. અને પરિવારને કહ્યું કે, તમારી દિકરી ભચાઉ ભાગી ગઈ છે, જેથી અંજાર પોલીસમાં જાણ કરવામાં આવી હતી. આ દરમિયાન પરિવારજનોએ ઘરે તપાસ કરતાં લોહીના દાગા મળી આવ્યા હતા. પોલીસે પુછપરછ કરતા હત્યાની કબૂલાત આપવામાં આવી હતી. જેથી કેસ કોર્ટમાં ગયો હતો. ૧૬ સાક્ષી અને ૩૩ દસ્તાવેજી પુરાવાને ધ્યાને રાખી અંજાર અદાલતે આરોપીને ૫ વર્ષની કેદ અને ૫ હજારનો દંડ ફટકાર્યો છે. જો દંડ ન ભરે તો વધુ ૩૦ દિવસની સજા ફટકારાઈ છે. સરકાર તરફે મદદનીશ સરકારી વકિલ આશિષકુમાર પંડ્યા હાજર રહ્યા હતા.

આદિપુરના ડીસી-૫માં પેવર બ્લોકના કામની અધુરાશથી સમસ્યા

ગાંધીધામ : આદિપુર શહેરની હદમાં આવેલ ભુકંપગ્રસ્ત પરિવારોની રિલોકેશન સાઈટ સેકટર ડીસી-૫ની સોસાયટીમાં મકાનોની સામસામી લાઈનોની વચ્ચે નગરપાલિકા દ્વારા આગાઉ ડામરના રસ્તા હતા તેના ઉપર પેવર બ્લોક પાથરવામાં આવેલ છે. પરંતુ, બન્ને લાઈનો પ્રરી થયા બાદ આવેલ આડા રોડ ઉપર પેવરબ્લોક પાથરવામાં આવેલ ન હોવાથી તે આડો ડામર રોડ નીચાણવાળો બની ગયેલ છે, તેથી વરસાદ પડે ત્યારે પેવર બ્લોકના રસ્તા ઉપરથી પાણી વહીને તે આડા ડામર રોડ ઉપર ભરાઈ જાય છે અને દિવસો સુધી તે પાણી ભરાયેલ રહેતું હોવાથી અહીંનાં રહેવાસીઓને ગારો, કીચડ અને ગંદગીનો ત્રાસ સહન કરવો પડે છે. વધુમાં રહેવાસીઓ સવારે પોતાનાં વાહનો ધોઈને ધંધાર્થે જાય છે ત્યારે વરસાદનું પાણી વાહન ઉપર ઉડે છે, જેના કારણે ધોયેલ વાહન ગંદુ થાય છે. આમ પેવર બ્લોકના રસ્તા અધુરા અને ખામીયુક્ત હોવાથી વરસાદનું પાણી ભરાવાની સમસ્યા ઉભી થઈ છે. સેકટર ડીસી-૫ માંથી ચુંટાયેલ ગાંધીધામ નગરપાલિકાના કોઈ સદસ્ય આ વિસ્તારમાં ક્યારેય દેખાતા નથી તેથી લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહેલ છે. પેવર બ્લોકના રસ્તાના બન્ને છેડે વચ્ચેથી નીકળતા આડા ડામર જૂના આડા રોડને પણ ઊંચાણવાળો બનાવી સમથળ કરવા જરુરી કાર્યવાહી કરવા સ્થાનિક રહેવાસીઓએ માંગ કરી છે.

::: જાહેર નોટીસ :::

શ્રી રામ અનુસૂચિત જાતિ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી., ડિડાણા, તા.ગાંધીધામ-કચ્છ દ્વારા આ જાહેર નોટીસથી સર્વેને જણાવવામાં આવે છે કે,

ઉપરોક્ત સોસાયટીના સ્વર્ગીય સભાસદ શ્રી મનુ બળદેવ દેવે ગરવા સોસાયટીના સભાસદ હતા અને સોસાયટી દ્વારા તેઓને શેર સર્ટીફિકેટ નં. ૧૦૩૧ થી ૧૦૩૫ અને પ્લોટ નં.૯૮, મકાન નં.૧૦૨ ફાળવવામાં આવેલ હતા, તેઓનું અવસાન થતાં સ્વર્ગીય સભ્યના નામે ચાલતા શેર-સર્ટીફિકેટ/પ્લોટ/મકાન સોસાયટીની લેણી રકમ ભરપાઈ કરી તેમના ચાર વારસદારો પૈકી કોઈ એકના નામે ટ્રાન્સફર કરાવી લેવા સોસાયટી દ્વારા કૌશિક મનુ દવે ગરવાને અનુક્રમે ત્રણ પત્ર/નોટીસ આપવામાં આવેલ, જેમાં પ્રથમ બે પોસ્ટ રજી.એડી. નોટીસ તેમના દ્વારા સ્વીકારવામાં આવેલ અને ત્રીજી પોસ્ટ રજી.એડી.નોટીસ તેમના દ્વારા સ્વીકારવાની ના પાડવામાં આવેલ તેવા પોસ્ટમેનના શેરા સાથે પરત થયેલ અને સદર શેર/પ્લોટ/મકાન વારસદારોએ તેમના નામે ટ્રાન્સફર કરવાની તસ્દી લેવામાં ન આવતાં, જેથી આ જાહેર નોટીસથી જુજરી જનાર સ્વ. મનુ બળદેવ દવે ગરવા નું નામે સોસાયટીના સભ્યપદેથી કમી/રદ કરવામાં આવે છે. જેથી જુજરી જનારના નામે ચાલતા શેર/પ્લોટ/મકાન આપો આપ રદ થયેલ ગણાશે. જેથી કોઈ વ્યક્તિએ સદર શેર/પ્લોટ/મકાન વેંચસાટ કે ખરીદ કરવા નહી તેમ છતાં વેંચસાટ કે ખરીદ કરવામાં આવશે તો સોસાયટી/મંડળીની કોઈ જવાબદારી રહેશે નહીં. જેની લાગતા વળગતાઓએ સ્પષ્ટનોંધ લેવી.

સ્થળ : ગાંધીધામ
તા. ૩૦/૬/૨૦૨૪

પ્રમુખ — મંત્રી
શ્રી રામ અનુસૂચિત જાતિ કો ઓ હા સો લી
ડિડાણા ગાંધીધામ

પાસપોર્ટ ખોવાયેલ છે.

પાત્રા શમ્પા વા/ઓફ પાત્રા સુબીમલ નામનું ઓરીજન ભારતીય પાસપોર્ટ જે મારા પાસેથી અમારા ગાંધીધામના જુના સરનામા માંથી વર્ષ ૧૯૯૮ ના સમયે આવેલ વાવાઝોડાના સમયે ક્યાંક ગુમ થયેલ છે જેની ગુમ નોંધ ગાંધીધામ એ ડિવીઝન પોલીસ સ્ટેશનમાં સુપ્રીન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ, પૂર્વ વિભાગ, ગાંધીધામ ખાતે કરવામાં આવેલ છે. ઉપરોક્ત પાસપોર્ટ અમોએ દરેક જગ્યાએ શોધખોળ કરેલ પરંતુ મળેલ નથી જે કોઈને પાસપોર્ટ મળેલ હોય તો નીચે જણાવેલ નંબર પર સંપર્ક કરવા વિનંતી.

પાત્રા શમ્પા
વા/ઓફ પાત્રા સુબીમલ
સી-૪૦, પ્રમુખસ્વામી નગર,
જુના પાદરા રોડ, અકોડા.
વડોદરા (ગુજરાત)
મો. 98795 52602

ગાંધીધામમાં શ્રી શારદા મહીલા મંડળ ચેરીટેબલ ટ્રસ્ટનો ૧૩મો સ્થાપના દિવસ ઉજવાયો

ગાંધીધામ : મહીલાઓને સ્વાવલબી બનાવવાની દીશામાં સેવારત શ્રી શારદા મહીલા મંડળ ચેરીટેબલ ટ્રસ્ટનો તાજેતરમાં જ ૧૩મો સ્થાપના દિવસ ઉજવવામા આવ્યો હતો. શહેરના ઉત્તર ભારતીય કચ્છ સેવા સમાજ ખાતે તાજેતરમા જ તા.૨૮મી જુનના રોજ મહીલાઓની સુરક્ષા અને સમસ્યાઓના સમાધાન માટે સદાય તત્પર આ સંસ્થાએ વિશેષ આગેવાનોની ઉપસ્થિતીમાં કાર્યક્રમની ઉજવણી કરી હતી. શિક્ષણ અને બ્યુટીપાર્લરની પાછલા એક વર્ષથી તાલીમ મેળવી રહેલી ૨૦ જેટલી બહેનોને અહી પ્રમાણપત્રો આપવામા આવ્યા હતા. સંસ્થામા જે નવી બહેનો જોડાઈ હતી તેમને નિમણુક પત્રો પણ આપવામાં આવ્યા હતા. સંસ્થા પાસે સ્ત્રીઓના શેષણે લગતી જે મુદ્દાઓ સામે આવ્યા તેની વિગતો બિંદુબેન યાદવે રજુ કરી હતી. પોતાના પ્રવચનમાં મોરારી શર્મા, ઓમપ્રતાપસિંહ, હેમચંદ્ર યાદવ, ન.પા.ના કારોબારી ચેરમેન એ.કે.સીંગ, બીંદુબેન દ્વારા સ્થાપિત સંસ્થાના સભ્ય બહેનોને કોઈ પણ ફરીયાદ-મુશ્કેલી હોય તો મદદરૂપ થવાની ખાત્રી આપી હતી.

આ વેળાએ મુરારી શર્મા, દીપકભાઈ લાખાણી, હેમચંન્દ્ર યાદવ, અખંડપ્રતાપસિંહ, પ્રદીપ પાંડે, હરીઓમ શુકલા, શરદ તિવારી, ઘનશ્યામ યાદવ, શ્યામસિંહ યાદવ, દશરથ જોષી, દીપક લાખાણી, પ્રકાશ મિશ્રા, કૃષ્ણા મિશ્રા, જટાશંકર સાહી, અનીલ મિશ્રા, બિન્દુબેન યાદવ, વાલુબેન લોચા, રોસન બાનુ, ભારતીબેન, અનીતાબેન, સાન્હાબેન મહેશ્વરી, અંજુ ભારતી, લવલીબેન પ્રજાપતી,આરહી યાદવ, નેહાબેન, સોની વર્મા, વનીતાબેન, અરૂણા માંગલીયા, હંસાબેન વગેરે ઉપસ્થીત રહયા હતા. કાર્યક્રમનું સંચાલન દશરથસિંહે જયારેઆભારવિધી વાલુબેન મારવાડા દ્વારા કરવામાં આવી હતી.

કર્મથી તપોવન સુધીની પરીચર્ચા અમીરન ઉપન્યાસની વિમોચન વિધી યોજાઈ

દિલ્હી, ગાજીયાબાદ, મુરાદાબાદ નોએડા, ગુરૂગ્રામ, ફરીદાબાદ, ભોપાલ-કચ્છથી મોટી સંખ્યામાં વશિષ્ઠ સાહિત્યકારો રહ્યા ઉપસ્થિત

ગાંધીધામ : આંતરરાષ્ટ્રીય વિશ્વ મૈત્રી મંચ દીલ્હી એકમ દ્વારા તાજેતરમાં જ આંતરરાષ્ટ્રીય વિશ્વ મૈત્રી મંચની સંસ્થાપિકા, અધ્યક્ષ અને વરિષ્ઠ સાહિત્યકાર સંતોષ શ્રીવાસ્તવની પુસ્તક કર્મ સે તપાવન તક પર પરીચર્ચાઅને કચ્છ-ગુજરાત એકમના અધ્યક્ષ સુ.શ્રી એકતા અમિત વ્યાસના પ્રથમ ઉપન્યાસ અમીરનના વીમોચનનો કાર્યક્રમનુ આયોજન દીલ્હી ખાતે કરવામા આવ્યુ હતુ. આ કાર્યક્રમની અધ્યક્ષતા હિંદી અકાદમી, દિલ્હીના ઉપસચીવ ઋષિકુમાર શર્માએ કરી હતી. સુરૂચી સાહિત્ય કલાપ રાવરના સ્થાપક મહાસચવી વરિષ્ઠ સાહિત્યકાર મદન સાહની મુખ્ય અતિથિ ની ભુમિકામા હતા. અને વરિષ્ઠ સાહિત્યકાર પત્રકાર અને પ્રકાશક દેવેન્દ્ર બહલ તથા ડો. વંદના શર્મા વિશિષ્ટ અતિથીના રૂપમાં મંચસ્થ આરૂઢ થયા હતા. અતીથીવૃંદ દ્વારા મા શારદા સમક્ષ દીપપ્રાગટય કરી અને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. નીલમ દુગલ નરગિસના સમધુર ગાયથી સરસ્વતી વંદના પ્રસ્તુત કરવામા આવી હતી. અતિથીઓનુ સ્વાગત શ્રીફળ તથા પુસ્તક આપીને કરવામા આવ્યુ હતું. કાર્યક્રમના પ્રારંભમાં દીલ્હી એકમના અધ્યવ ડો. દુર્ગા સીંહાએ સંસ્થાનો પરિચય આપ્યો હત. તેબાદ એકતા અમિત વ્યાસની પુસ્તક અમીરનનું વિમોચન કરવામાં આવ્યુ હતુ. સર્વપ્રથમ સંતોષ શ્રીવાસ્તવે પોતાની પુસ્તક કર્મ સે તપોવન સુધીનો પરિચય આપ્યો હત. તેઓએ મહાભારતના ઉદોગ પર્વની એક સંક્ષિપ્ત પંકિતને આધાર બનાવી અને તેઓએ આ ઉપન્યાસ લખ્ય છે. કર્મ સે તપોવન તક પુસ્તકની સમીક્ષા ડો. પ્રમિલા વર્મા તથા એકતા અમિત વ્યાસએ પ્રસ્તુત કરી હતી. એકતા અમિત વ્યાસે તેમની પુસ્તક અમીરનની ભુમિકા તથા તેના પ્રકાશન સબંધિત માહીતી રોચક અંદાજમાં રજુ કરી હતી. તે પુસ્તક પર ડો. રેણુ યાદવે સમીક્ષાઓ રજુ કરી હતી. મુખ્ય અતિથી પદે મદન સાહનીએ પોતાના વકતવ્યમા પ્રેમના વીશદ સપને રજુ કરી અને દેહીક આકર્ષણથી ભિન્ન દર્શાવી અને કર્મસે તપોવનના વિષયમાં પોતાના વિચારો રજુ ર્યા હતા. જયારે કે વરિષ્ઠ અતિથી દેવન્દ્ર બહલ અને ડો.વંદનાએ પુસ્તક પર પોતાના વિચાર રજુ કર્યા હતા. અધ્યક્ષ છિષીકુમાર શર્માના અધ્યક્ષથી ભાષણ પ્રેરક બન્યું હતુ. શંકુતલા મિત્તલે કાર્યક્રમનું સંચાલન કર્યુ હતુ. કાર્યક્રમના અંતમાં કવિયત્રી વીણા અગ્રવાલે આભારવીધી કરી હતી. કાર્યક્રમ બાદ સંતોષ શ્રીવાસ્તવે યુવા કવી હેમંતની સ્મૃતીમાં કેક કાર્યો સૌને ભાવવિભોર કરી દીધા હતા. વંદના રાની દયાલે હેમંતની કવિતાનુ ગાયન કર્યુ હતુ. કાર્યક્રમને સફળ બનાવવામા અર્ચના પાંડે, ડો. શુભા,કાર્નેલિયા કૌટલીયા એવમ એકતા અમિત વ્યાસ, જીયા વ્યાસનું વિશેષ યોગદાન રહ્યુ હતુ. આ પ્રસંગે ડો. સવિતા ચઢ્ઢા, ડો. કલ્પના પાંડે, શારદા મિત્તલ, વીણા અગ્રવાલ, રેણુ મીશ્રા, સવિતા સ્ટાલ, રાની શ્રીવાસ્તવ, સંતોષ સંપ્રીતી, લત્તા ઠાકુર, અંજુ દુઓ, નલીમ દગલ, ડો. વનિતા શર્મા,ડો. અંજના, અર્ચના ઉપાધ્યાય, ડો. જેની શબનમ, અમિત વ્યાસ સહિત અનેક પ્રતિષ્ઠીત સાહિત્યકારો દિલ્હી, ગાજીયાબાદ, મુરાદાબાદ નોએડા, ગુરૂગ્રામ, ફરીદાબાદ, ભોપાલ-કચ્છથી ઉપસ્થિત રહ્યા હતા.

અષાટીબીજ નિમિત્તે કચ્છીએ ભુજમાં સંગીત કાર્યક્રમ યોજાશે

ભુજ : મિલે સુર હમારા વુમન્સ કરાઓકે ગ્રુપની બહેનો દ્વારા આગામી અષાઢી બીજની પૂર્વ સંધ્યાએ પુજાબેન અયાતી તથા પ્રબોધ મુનવરના અધ્યક્ષપદે તેમજ વિશેષ અતીથિયઓની ઉપસ્થિતીમાં જીવદયાઅર્થે સંગીત કાર્યક્રમ એકમભવન સ્ટેશન રોડ, હોટલ ઈલાર્કની પાછળ તા. ૬/૭/૨૪ના સાંજે પ:૩૦ કલાકે બહેનોની ઉપસ્થીતીમાં યોજાશે તેવુ સંસ્થાની યાદીમાં જણાવાયું છે.

સુડોકુ

6	4					1		
	9			6	5		8	
		1			7	2		
				1			3	
3			5		6			1
	2			3				
		3	2			8		
	7		4	5			2	
		5					4	9

અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.

(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.

(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.

(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો

(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

ગઈકાલનો ઉકેલ

1	7	4	6	2	8	3	5	9
5	2	6	9	1	3	7	4	8
8	9	3	5	4	7	2	1	6
4	6	2	1	9	5	8	7	3
7	3	1	4	8	2	6	9	5
9	8	5	7	3	6	4	2	1
3	1	8	2	7	9	5	6	4
6	4	7	3	5	1	9	8	2
2	5	9	8	6	4	1	3	7

અવસાન નોંધ

મેઘપર કુંભારડી (તા. અંજાર) : યાકુબ ઉમર કેવર (ઉ.વ.૨૨) તે ઉમર કેવરના પુત્ર, ફૈઝાનના ભાઈ તા. ૨૮-૬ના અવસાન પામ્યા છે. જિયારત તા. ૧-૭ સોમવારે સવારે ૯થી ૧૦ વાગ્યા સુધી મહેંદી નગર મસ્જિદ, મેઘપર કુંભારડી મધ્યે.

અંજાર : મૂળ ટપ્પરના સુથાર ડાયાલાલ (ઉ.વ. ૩૫) તે સ્વ. ગોમતીબેન તથા સ્વ. હીરાલાલ વાલજીના પુત્ર, નવીનભાઈ, લતાબેન, જ્યોત્સનાબેનના ભાઈ, સ્વ. જેન્તીભાઈ, સ્વ. મોહનભાઈ, મનજીભાઈ, કાનજીભાઈના ભત્રીજા, દેવજીભાઈ (માધાપર), મુકેશભાઈ (સુમરાસર)ના સાળા તા. ૨૪-૬ના અવસાન પામ્યા છે. બેસણું નિવાસસ્થાને ભોલેનાથ નગર, અંજાર ખાતે.

ખેડોઈ (તા. અંજાર) : દયાબા (ઉ.વ. ૭૦) તે સ્વ. બહાદુરસિંહ ઉમેદસિંહ જાડેજાના પત્ની, અશોકસિંહ, અમરદીપસિંહ (ક્રિષ્ના ટ્રાવેલ્સવાળા)ના માતા, ભીખુભા જશુભા, ભરતસિંહ જશુભાના કાકી, યશદીપસિંહ, ભવદીપસિંહ, ભવ્યરાજસિંહ, જિયાન્સીબાના દાદી તા. ૨૫-૬ના અવસાન પામ્યા છે. ઉત્તરક્રિયા તા. ૬-૭ના નિવાસસ્થાન ખેડોઈ ખાતે.

રાપર : મૂળ ગેડીના મ.ક.સ.સુ. પરમાર કેસરબેન ભવાનભાઈ દરજી (ઉ.વ. ૮૫) તે સ્વ. છગનભાઈ, સ્વ. વિશનજીભાઈ, મણિબેન ધીરજલાલ ડાભી, બબીબેન રમેશભાઈ વાઘેલા (ખરણા)ના માતા, શાંતાબેન અને સંતોકબેનના સાસુ, હર્ષબેન, ચંપાબેનના દાદીસાસુ, રાજેશ, નવીન, વિપુલ, ભાવના, જાગૃતિ, નીલમના દાદી, કેશવજીભાઈ ભુરાભાઈ અને સ્વ. નારાણભાઈ ભુરાભાઈ (ભચાઉ)ના કાકી, વાઘેલા ભચીબેન ભાણજી (ડાવરી)ના પુત્રી તા. ૨૭-૬ના અવસાન પામ્યા છે. લૌકિકક્રિયા અને મોરિયા તા. ૫-૭ના શુક્રવારે દરજી સમાજવાડી, રાપર ખાતે.

ભુજ : ખત્રી અબ્દુલગફુર અબ્દુલ્લાહ (ભાછા) માધુવારા (ઉ.વ. ૫૮) તે મ. જુસબ, ઈલિયાસના ભાઈ, યાસ્મીનબેન, તન્નજીલ (અંજાર), સુફિયા અનીસ (મુંદરા)ના પિતા, મ. હુસેન અબ્દુલ્લાહ (સાભરાઈ)ના જમાઈ, મોહમ્મદ જાવેદ મોહમ્મદ તાહિરના કાકા તા. ૨૯-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧-૭ના સોમવારે સવારે ૧૧થી ૧૨ ખત્રી મુસ્લિમ જમાતખાના, ભુજ ખાતે.

ભુજ : મૂળ નાના બંદરાના શામજી આતુ મહેશ્વરી (જંજક) (ઉ.વ. ૫૮) તે ધનબાઈના પતિ, ભાવનાબેન, મગન, નીલેશ, ભાવેશ, કાનજીના પિતા, ધનજીભાઈ, બુધારામભાઈ, ખમુભાઈના ભાઈ, કુમકુમબેન, કાનજી માંગલિયાના સસરા તા. ૨૪-૬ના અવસાન પામ્યા છે. ધાર્મિકવિધિ સંત રોહીદાસ નગર, ભુજ ખાતે પૂર્ણ થઈ ગઈ છે.

સુમરાસર (શેખ) (તા. ભુજ) : ખત્રી અલીમામદ હાજી (ચકીવાલા) (ઉ.વ. ૬૯) તે રમજાન, સિધિક હાજી, હુસેનના પિતા, બસીર ઈકબાલ (અંજાર)ના સસરા તા. ૨૮-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧-૭ના સોમવારે સવારે ૧૦:૩૦થી ૧૧:૩૦ નિવાસસ્થાન સુમરાસર શેખવાળી ખાતે.

નથ્થરકુઈ (તા. ભુજ) : આયર બિજલભાઈ (ઉ.વ. ૧૦૦) તે સ્વ. વેલાભાઈ ભચાભાઈના પુત્ર, લખીબેન, હીરુબેન, કરશનભાઈ, સામજીભાઈ, રૂપાભાઈના પિતા તા. ૨૭-૬ના અવસાન પામ્યા છે. બેસણું નિવાસસ્થાને નથરકુઈ ખાતે.

દહીંસરા (તા. ભુજ) : ગુંસાઈ નાનબાઈ મંગલગર (ઉ.વ. ૮૫) તે ચંદ્રિકાબેન, શિલ્પાબેનના માતા, માધવગર ઉમેદગર (મોટી વમોટી), સુરેશગર ચેનગર (બિદડા)ના સાસુ, પરષોત્તમગર ભાણગર, ભગવાનગર નારાણગર (ગુંદિયાળી)ના ભાભી તા. ૨૫-૬ના અવસાન પામ્યા છે. સાદડી પ્રાર્થનાસભા નિવાસસ્થાન દહીંસરા ખાતે.

વર્ધમાનનગર (તા. ભુજ) : મૂળ અંજરના પુષ્કર્ણા બ્રાહ્મણ મણિબેન વાસુ (ઉ.વ. ૮૩) તે સ્વ. છગનલાલ ગોપાલજી વાસુના પત્ની, કંકુબેન વેલજી પચાણ ખોવારા (બંદરા)ના પુત્રી, દિનેશભાઈ, પ્રભુલાલના માતા, હર્ષબેનના સાસુ, રાહુલના દાદી તા. ૨૪-૬ના અવસાન પામ્યા છે. (લૌકિક વ્યવહાર રાખેલ નથી) સંપર્ક : ૯૯૭૯૨ ૯૪૬૫૬.

ફોટડી (તા. ભુજ) : ગં.સ્વ. ભાવનાબેન (ઉ.વ. ૪૦) તે સ્વ. ખેંગાર મેઘજી ચાવડાના પત્ની, શકુન અને તનવીના માતા, જસુબેન મેઘજી મનજીના પુત્રવધૂ, અરવિંદ અને મૂરજીના ભાભી, સ્વ. વાઘેલા રાજાભાઈ માલા (ખીરસરા)ના પુત્રી, વિશ્રામભાઈ અને ગાંગજીભાઈના ભત્રીજી, રમેશ, જયેશ, હંસાબેન કિરીટ (અંગિયા), પ્રેમિલાબેન જગદીશ (રવાપર), ભારતીબેન વિનોદ (દયાપર)ના મોટા બહેન, હર્ષબેન, નંદાબેનના જેઠાણી, નેનશી, જેનિકા, દીપ્તિના મોટીમા તા. ૨૩-૬ના અવસાન પામ્યા છે. ધાર્મિકવિધિ તા. ૩૦-૬ના રાત્રે સત્સંગ અને તા. ૧-૭ના પાણી (ઘડાઢોળ) સવારે ૧૦ વાગ્યે નિવાસસ્થાને.

લોરિયા (તા. ભુજ) : જાડેજા શિવુભા ગજાજી (ઉ.વ. ૫૯) (નિવૃત્ત બોર્ડરવિંગ જવાન) તે સ્વ. જાડેજા ગજાજી વેલાજીના પુત્ર, કનકસિંહ, જીતુભા, સુરતાજી, બાવુભાના પિતા, સુરાજી, ખેતાજી, રાણાજીના મોટાભાઈ, સ્વ. પૃથ્વીરાજજી વેલાજી, ભગુજી વેલાજી, દાનસંગજી તમાચીજી, પ્રાગજી તમાચીજી, નથુભા તમાચીજી, બુધુભા ખાનજીના ભત્રીજા, રતનજી પૃથ્વીરાજજી, રાણાજી ભગુજી (માસ્તર), મહેન્દ્રસિંહ નારાણજી, ખીરાજી ગગુજીના પિતરાઈ ભાઈ તા. ૨૨-૬ના અવસાન પામ્યા છે. સાદડી નિવાસસ્થાને લોરિયા ખાતે. ઉત્તરક્રિયા આગરી રાત તા. ૧-૭ના, ઘડાઢોળ તા. ૨-૭ના નિવાસસ્થાને.

મુંદરા (વાંઢ) : જીવા વજા રબારી (ઉ.વ. ૮૫) તે કરમીબેન વજા પેથાના પુત્ર, રાજુબેનના પતિ, ગીતાના પિતા, દેવશી પેથાના ભત્રીજા, ખેતા વજા, ભીખા દેવશીના ભાઈ, ધુલા વેરશી જગાના કાકા, ગગુ મમુ (ભુજપુર)ના જમાઈ, વેલા ગગુના બનેવી તા. ૨૭-૬ના અવસાન પામ્યા છે. રવિવારે આગરી અને સોમવારે ઘડાઢોળ.

પોલડિયા (તા. માંડવી) : સમેજા ઈબલા સિધિક તે મુસ્તાકના પિતા, મ. આમદ, મ. અલીમામદ, મ. મામદના ભાઈ, હિંગોરા આદમ અલીમામદ, નૂરમામદ, હાજી, કાસમના મામા તા. ૨૯-૬ના અવસાન પામ્યા છે. વાયેઝ - જિયારત તા. ૧-૭ના સોમવારે સવારે ૧૦થી ૧૧ મસ્જિદ -એ- ફૈઝે મુસ્તફા, પોલડિયા ખાતે.

ઘડાણી (તા. નખત્રાણા) : રાજેશભાઈ નારાણ સીજુ (ઉ.વ. ૪૩) તે નારાણ સીજુના પુત્ર, મેઘબાઈના પતિ, ભરતભાઈ, કાન્તાબેન (છાડુરા)ના ભાઈ, રમેશ, અરૂણા, લક્ષ્મી, ભદ્રેશના પિતા, રાહુલ, ધવલ, કપિલના મોટાબાપુ, લખુભાઈ જેઠા બળિયા (પાનેલી)ના જમાઈ તા. ૨૬-૬ના અવસાન પામ્યા છે. ધાર્મિકક્રિયા તા. ૩૦-૬ના રવિવારે આગરી અને ઘડાઢોળ (પાણી) તા. ૧-૭ના સોમવારે સવારે નિવાસસ્થાન ઘડાણી ખાતે.

વરાડિયા (તા. અબડાસા) : હાજિયાણી હવાબાઈ હાજી અલીમામદ જુમા મંધરા (ઉ.વ. ૮૩) તે હાજી નૂરમામદ, સુલેમાનના માતા, મુસ્તાક, સિકંદરના દાદી, અશરફના નાની તા. ૨૮-૬ના અવસાન પામ્યા છે. જિયારત તા. ૧-૭ના સોમવારે સવારે ૧૦ વાગ્યે જામા મસ્જિદમાં.

ડિવાઇન લાઇફ હોસ્પિટલ આદિપુર દ્વારા નિઃશુલ્ક ફાયબ્રોસ્કેન કેમ્પનું કરાયું આયોજન

ફાઈબ્રો સ્કેન એટલે શું??
સરળ, પીડારહીત તપાસની પ્રક્રિયા જેનો ઉપયોગ લીવરના સ્વાસ્થ્યનું ચોકકસ મૂલ્યાંકન કરવા માટે થાય છે.

ડો. કુશલ પટેલ (ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ)

ફાઇબ્રો સ્કેન કોને કરાવવું જોઈએ??
બીપી ,ડાયાબીટીસ, આલ્કોહોલનું સેવન કરતાં દર્દી, ફેટી લીવર, મોટાપણું, હેપેટાઈટિસ બી અને સી તથા અન્ય લીવરની સમસ્યાઓ પીડાતા દર્દીઓ માટે

ફાઇબ્રોસ્કેન કરાવવાના ફાયદા
લીવર ને લગતી ગંભીર બીમારીઓ નું નિદાન થઈ શકે છે જેથી ભવિષ્યમાં લીવરને લગતી જટીલ બીમારી તથા વધારે પડતા ખર્ચથી બચી શકાય.

ગાંધીધામ :પૂર્વ કચ્છમાં પ્રથમવાર નિઃશુલ્ક ફાયબ્રોસ્કેન (લીવર ને લગતી બીમારીનો ટેસ્ટ) ડિવાઇન લાઇફ હોસ્પિટલ આદિપુર દ્વારા તા. ૨૯ /૬/ ૨૦૨૪ ના રોજ કરવામાં આવ્યો હતો. લીવરને લગતા જટીલ રોગો થી પીડાતા કુલ ૬૦ દર્દીઓએ આ કેમ્પનો લાભ લીધો હતો ડિવાઇન લાઇફ હોસ્પિટલના ગેસ્ટો એન્ટ્રોલોજીસ્ટ ડો. કુશલ પટેલના માર્ગદર્શન હેઠળ આ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું કેમ્પમાં આવેલ તમામ દર્દીઓ ને સારવાર તથા સચોટ સલાહ આપવામાં આવી હતી વધુમાં તેમણે જણાવ્યું હતું કે બહારના જંગ ફૂડ, કેફી પીણા તથા દારૂના સેવન ઉપર કાબુ મુકવામાં આવે તો આવા રોગો પર કંટ્રોલ લાવી શરીરના મુખ્ય અંગો જેવા કે હૃદય, કિડની લીવર જેવા અંગોને ખરાબ થતાં બચાવી શકાય છે ડિવાઇન લાઇફ હોસ્પિટલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ડૉ. મૌલિક પટેલ સાહેબે દર મહિનાના ચોથા શનિવારે નિઃશુલ્ક પણે ફાયબ્રોસ્કેન કેમ્પ ચાલુ રાખવા જણાવ્યું હતું કચ્છના દર્દીઓને ફાયબ્રોસ્કેન ટેસ્ટ કરાવવા માટે અમદાવાદ ,રાજકોટ જેવા મોટા શહેરોમાં દૂર દૂર સુધી જઈ રૂપિયા ૬૦૦૦ જેટલી કિંમત ચૂકવી ટેસ્ટ કરાવવો પડતો હતો પરંતુ હવે નિઃશુલ્ક એટલે કે એક પણ રૂપિયાનું ખર્ચ કર્યા વગર ડિવાઇન લાઇફ હોસ્પિટલ આદિપુર ખાતે લોકોની સુખાકારી અને સ્વાસ્થ્યને ધ્યાનમાં લઈ આ ટેસ્ટ કરી આપવામાં આવશે.

આ ઉપરાંત ડિવાઇન લાઇફ હોસ્પિટલમાં ફુલ ટાઈમ ફરજ બજાવતા ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ ડૉ .કુશલ પટેલ દૂરબીન વડે થતી જેવી કે અપરજીઆઈ એન્ડોસ્કોપી, કોલોનોસ્કોપી, ઈ.આર.સી.પી વિથ સ્ટેન્ટિંગ, ફોરેન બોડી રીમુવલ એવી અતિ આધુનિક મશીનો તથા ફ્યુજીના એડવાન્સ એ.આઈ આધુનિક મશીનો ડિવાઇન લાઇફ હોસ્પિટલ આદિપુરમાં ઉપલબ્ધ છે લોકોની સુખાકારી તથા સ્વાસ્થ્યની જાળવણીને ધ્યાનમાં લઈ મેડિકલ ક્ષેત્રે ૮ વર્ષથી વિવિધ રોગોના નિષ્ણાત ડોક્ટરોની ટીમ દ્વારા ડિવાઇન લાઇફ હોસ્પિટલ સારવાર આપી રહ્યું છે ૬ જુલાઈ ના રોજ ડિવાઇન લાઇફ હોસ્પિટલ ૯ વર્ષમાં મંગલ પ્રવેશ કરશે તે બાબતે હોસ્પિટલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી ડોક્ટર મૌલિક પટેલ સાહેબ કચ્છના લોકોને શ્રેષ્ઠ મેડિકલ સારવાર મળી રહે તેવા ઉત્તમ વિચાર સાથે આવનારા સમયમાં અનેક એક્ટિવિટીવ , કેમ્પ, અવેરનસ હેલ્થ ટોક કરી લોકોમાં જાગૃતી લાવવા સઘળા પ્રયત્નો નિરંતર કરવા અનુરોધ કર્યો હતો આ કેમ્પને સફળ બનાવવામાં હોસ્પિટલના સેન્ટર હેડ આલાપભાઈ જોબલપુત્રા, કોર્પોરેટ મેનેજર જયેશ સોલંકી, માર્કેટિંગ મેનેજર અશોક હિરાણી, એ ભારે જહમત ઉઠાવી હતી તથા સ્ટાફ તરફથી સુખેન્દુ પ્રમાણિક ,હાર્દિક, રામેશ્વરી વગેરે સ્ટાફનો સારો સહયોગ રહ્યો હતો.

વાગડ જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક સમાજ દ્વારા સમૂહ સગાઈ-લગ્નોત્સવનું આયોજન કરાયું

ભચાઉ : કચ્છ વાગડ જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક વિશા શ્રીમાળી સાત ચોવીસી સમાજ દ્વારા સમૂહ સગાઈ તથા સમૂહ લગ્નોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવશે. પ્રમુખ ધીરજભાઈ સંઘવીના નેજા હેઠળ મળેલ અગત્યની મીટિંગમાં નિર્ણય લેવામાં આવ્યો હતો. તૃતિય સમૂહ સગાઈ ઉત્સવ તથા ૧૮ મો સમૂહ લગ્નોત્સવ તા.૨૨/૨/૨૫ના સગાઈ તથા તા.૨૩/૨/૨૫ના લગ્નોત્સવ યોજાશે. લગ્નોત્સવમાં વધારેમાં વધારે પરિવારો જોડાય તે માટે આગોતરી જાણકારી પરિવારોને આપવામાં આવી છે. જેના કારણે આ સમૂહ લગ્નોત્સવમાં જોડાઈ શકે. ઉપપ્રમુખ કાંતિભાઈ મહેતાએ જણાવ્યું હતું કે, સમૂહ લગ્નમાં સમય તથા ખર્ચનો બચાવ થાય છે તથા સૌ સાથે મળીને આ ઐતિહાસિક લગ્નોત્સવમાં જોડાવા અપીલ કરી છે. આ સમૂહ લગ્નોત્સવ વડતાલ આણંદ ખાતે યોજાશે. જેની તૈયારીઓ આરંભાઈ ચૂકી છે. વધુ જાણકારી મેળવવા તથા જોડાવા માટે અમૃતલાલ વોરા મો. ૯૮૭૯૩ ૩૩૯૫૧, ભોગીલાલભાઈ મંગવાણી ૯૮૭૯૩ ૩૬૮૪૫, રમેશભાઈ કોઠારી ૯૮૨૫૭ ૮૨૬૮૨ નો સંપર્ક કરવો તેમજ જૈન યુવા અગ્રણી ભચાઉથી મહેશ શાહે જણાવ્યું હતું.

સ્મૃતિવન ખાતે વન દિવસની ઉજવણી

ભુજ : શહેરના સ્મૃતિવન ખાતે આવેલા મિયાંવાકી ફોરેસ્ટ ગાર્ડનમાં શાંઈનીંગ કલબના ઉપક્રમે વન દિવસની ઉજવણી કરવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ ભારતીબેન શર્માએ પર્યાવરણના જતન માટે વૃક્ષોની અગત્યતા સમજાવી હતી. સંસ્થાના રેખાબેન અને જાગૃતિબેને મેડિકલ ટ્રીટમેન્ટ, વિવિધ બચત યોજનાઓ, કન્યાઓ માટે ચાલતી યોજનાઓનો લાભ કઈ રીતે મેળવી શકાય તેની સમજ આપી હતી. આ વેળાએ નૂતનબેન મહેતા, લતાબેન ઠક્કર, દિલસાદ ખોજા, પ્રિતીબેન, હેતલબેન, ચંદ્રિકાબેન, ભારતીબેન ઠક્કર, અનિષાબેન, ગોપીબેન રાઠોડ, જાસ્મિનબેન, જયશ્રીબેન, શિવાનીબેન, યોગેશ્વરીબેન, જીતાબેન, ભાવિનીબેન, રાધિકાબેન, બંસરીબેન વગેરે આયોજનમાં સહયોગી રહ્યા હતા. સંચાલન રત્નાબેન શાહ અને નૂતન મહેતાએ કર્યું હતું.

જય જગન્નાથ સેવા ટ્રસ્ટ ગાંધીધામ દ્વારા અષાઢી બીજના ભવ્ય રથયાત્રાનું આયોજન

ગાંધીધામ : જય જગન્નાથ સેવા ટ્રસ્ટ ગાંધીધામની ઉપક્રમે આગામી ૭મી જુલાઈ અષાઢીબીજના રોજ ભવ્ય રથયાત્રાનું આયોજન કરવામા આવ્યું છે. તથા તા. ૧૫મી જુલાઈના રોજ શ્રી બાહુડા યાત્રાનું આયોજન કરાયું છે. અષાઢી બીજ રવિવારના દિને સવારે ૯:૩૦ કલાકે ગુંડીચા રથયાત્રા જગન્નાથ મંદીર વર્ધમાનનગર, ગળપાદરથી શરૂ થશે અને તે ગાંધીધામ મેઈન માર્કેટથી થઈ અને રેલવે કોલોની પહોચશે. તા. ૭મી જુલાઈથી ૧૪મી જુલાઈ સુધી સાંજે સંધ્યા આરતી તથા મહાપ્રસાદનું વીતરણ શિવમંદીર રેવલે કોલોની ખાતે કરવામાં આવશે. તા. ૧૫મી જુલાઈના રોજ સવારે ૯:૩૦ કલાકે શ્રિ બાહુડા યાત્રા શિવમંદીર, રેલવે કોલોની, ગાંધીધામથી શરૂ થઈ અને તે પણ ગાંધીધામની મેઈન માર્કેટ ગળપાદર-વર્ધમાનનગર થઈ અને જગન્નાથ મંદીરમાં પહોશે. એકાદશી તથા સ્વર્ણવેશના પણ દર્શનનો લાભ મળવા પામશે. તો આ રથયાત્રા સહિતના મહોત્સવનો લાભ સૌ ધર્મપ્રેમી ભાઈ બહેનોએ લેવા માટે જય જગન્નાથ સેવા ટ્રસ્ટ ગાંધીધામની યાદીમાં જણાવાયું છે.

મુંબઈની અવસાન નોંધ

કચ્છી લોહાણા વેલજી ઠક્કર (ઉ.વ. ૭૬) તે સ્વ. કેસરબેન નારાયણ કાનજી સોમૈયાના સુપુત્ર ગામ કેરા (બેરાજા) હાલે વડાલા (મુંબઈ) તે સ્વ. લક્ષ્મીબેન મુલજી લાલજી કારિઆ ગામ કોટેશ્વરવાળાના નાના જમાઈ. તે જયશ્રીબેનના પતિ. તેજસ અને કિરણના પિતા. તે વેશાલી અને સોનલના સસરા. તે સ્વ. પ્રતાપભાઈ, ચંદ્રકાંત, જયેશ, ગોદાવરીબેન, ભાનુબેન, સ્વ. દમયંતીબેન, ઈન્દિરાબેન, સરલાબેન, શાંતાબેન, ચંદનબેનના ભાઈ શનિવાર, તા. ૨૯-૬-૨૪ના રામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૧-૭-૨૪ના પથી ૬.૩૦ સ્થળ: શ્રી રામબાગ સેવા મંડળ, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા (સે. રે.), મુંબઈ-૪૦૦૦૧૯. બેરાઓએ તેજ દિવસે આવી જવું લૌ

ગાંધીધામ ખાતે પ્રીમિયમ જ્વેલરી પ્રદર્શન ગહેનાનો મળતો આવકાર

દૃષ્ટિ ઈવેન્ટના ઉપક્રમે કચ્છમાં પ્રથમ વખત આયોજીત ત્રિ-દિવસીય પ્રદર્શને જમાવ્યું આકર્ષણ

ગાંધીધામ : દેશના મહાનગરો જેવી આધુનિક ફેશન સાથે તાલ મિલાવતા કચ્છના આર્થિક પાટનગર એવા ગાંધીધામ શહેરમાં ત્રિ-દિવસીય પ્રીમિયમ જવેલરી એક્ઝિબિશન રંગત જમાવી રહ્યું છે. મુંબઈના જાણીતા દૃષ્ટિ ઈવેન્ટસ એન્ડ પ્રમોશન પ્રા.લિ. ના ઉપક્રમે શહેરની રેડીશન હોટલ ખાતે ત્રણ દિવસ માટે જવેલરી પ્રદર્શનનું આયોજન કરાયું છે. આ પ્રદર્શનમાં ગુજરાતના નામાંકિત જવેલર્સના દાગીનાઓનું પ્રીમિયમ કલેકશન કચ્છવાસીઓને નિહાળવા મળશે.

આ ઈવેન્ટનું ડો. સુનિતા દેવયાની, ગોપિકા રોચીરામાણી અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં જવેલરી એક્ઝિબિશનનો શુભારંભ થયો હતો. તા. ૨૮ થી ૩૦ જુન સુધી ચાલતા એક્ઝિબિશનના બપોરે ૩ થી રાત્રે ૧૨ સુધી એન્ટિક ગોલ્ડ, ટેમ્પલ જવેલરી, પોલ્કી, રીયલ ડાયમંડ, જડાવ, ખાખોમોતી, લેટેસ્ટ બ્રાઈડલ કલેકશન સહિત વિવિધ પ્રકારની જવેલરીનું કલેકશન જોવા લોકો ઉમટયા હતા. ૫ હજાર કરતાં પણ વધુ ડિઝાઈનના દાગીનાઓ નિહાળી ખરીદી કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, દૃષ્ટિ ઈવેન્ટસ દ્વારા ભારતના ૧૦ અલગ અલગ શહેરોમાં અત્યાર સુધી ૩૦૦ થી વધુ એક્ઝિબિશન યોજાઈ ગયા છે. કચ્છમાં સર્વ પ્રથમ ગાંધીધામ ખાતે એક્ઝિબિશનનું આયોજન કરાયું છે.ગાંધીધામ ખાતે મલ્ટિ બ્રાન્ડસ જવેલરી એક્ઝિબિશનને ખુબ સારો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. પ્રદર્શનના પ્રથમ જ દિવસે ગુજરાતના ખ્યાતનામ જવેલર્સ દ્વારા તૈયાર કરવામાં આવેલા લેટેસ્ટ જવેલરી કલેકશનને નિહાળવા મોટી સંખ્યામાં ગાંધીધામ સંકુલવાસીઓ ઉમટી પડ્યા હતા.

પીજીવીસીએલ એમડીએ ભુજ શહેરને અવિરત વીજ પુરવઠો મળે તે માટે ફિલ્ડ મુલાકાત લીધી

ભુજ : પીજીવીસીએલના મેનેજીંગ ડિરેકટર પ્રીતિ શર્માએ ભુજ શહેરમાં વીજળી પડવાથી થયેલ લાઈન તેમજ વીજ ટ્રાન્સફોર્મરની નુકશાની અને અન્ડરગ્રાઉન્ડ કેબલ ફોલ્ટના સ્થળોની મુલાકાત લીધી હતી. તેમજ ફોલ્ડ નિવારણની કામગીરી સ્થળ ઉપર રૂબરૂ નિહાળી તાંત્રિક સુધારા માટે સૂચનો તેમજ તાત્કાલિક ધોરણે કામ કરવાની મંજૂરી આપી હતી.

શહેરના લાલન, હિલગાર્ડન, ટાઈમ સ્કવેર અને પોલીસટેકનિકલ ફીડરની રીંગ પાવરની વ્યવસ્થાનું પરીક્ષણ કરી જે તે સ્થળે ઓવરહેડ લાઈન છે તે જગ્યાની હૈયાત આશરે ૮ કિ.મી. કંડકટરને ડોગ કંડકટરમાં રૂપાંતર કરવાની સૂચના આપી હતી. તેમજ શહેરના જુદા જુદા વિસ્તારના ટ્રાન્સફોર્મરની હળવા દબાણની એરિઅલ બંચ કેબલ કે ઓવરલોડીગ અને ફલાકચ્યુએશન ન થાય તે માટે ૩૦ની જગ્યાએ ૫૦ એસક્યુએમએમનીમાં રૂપાંતર કરવા માટે કેબલ રાજકોટથી ભુજ તાત્કાલિ રવાના કરાવેલ ઝડપભેર કામગીરી કરવા સૂચના આપી હતી.

ભુજના નવા અધિક્ષક ઈજનેર બી.સી. રાઠોડને અગાઉ માંગરોળ અને રાજકોટમાં આવા પ્રકારની કામગીરીનો અનુભવ હોઈ ત્વરીત કામગીરી ચાલુ કરી દેવામાં આવી છે.

ભુજમાં વીજ સમસ્યા બનશે ભૂતકાળ

વીજ સમસ્યા નિવારવા માટે તંત્ર દ્વારા કવાયત હાથ ધરાઈ

ભુજ : વરસાદ અને વીજળીના કારણે વીજ વિક્ષેપ થયેલ અને પીજીવીસીએલના નેટવર્ક અને ટ્રાન્સફોર્મરને નુકશાની થયેલ. ભુજમાં ચોમાસા દરમ્યાન સાતત્ય પૂર્ણ વીજ પુરવઠો મળી રહે તેમજ તાંત્રિક સુધારા માટે ભુજ અર્બન ફિડરોનું માસ મેન્ટેન્સ તા.૧થી ૩ જુલાઈના હાથ ધરાશે. શહેરમાં ટ્રાન્સફોર્મરની હળવા દબાણની એરિઅલ બંચ કેબલ કે જયાં વીજભારમાં અતિશય વધારો થવાથી હયાત નેટવર્ક પુરતી ક્ષમતા મુજબનું ન હોવાથી ૫૦ એસક્યુએમેમની સાઈઝમાં અપગ્રેડ કરવાની કામગીરી સંસ્કારનગર, સત્યમ સોસાયટી, યોગીરાજ પાર્ક, ડો. જય અંજારીયાવાળી શેરી, નિશાંત પાર્ક, શિવકૃપાનગર, ઓધવ એવન્યુ-૧થી ૩, અરિહંતનગર, જયનગર, કારીતાસ, લાભશુભ, કૈલાસનગર, તોરલ ગાર્ડન, મુંદરા રિલોકેશમાં ઓવરલોડ તથા વોલ્ટેજ વધઘટની સમસ્યાના નિવારણ માટે કામગીરી કરવામાં આવશે. તો શહેર લો વોલ્ટેજની સમસ્યા નિવારવા ૧૬ ટ્રાન્સફોર્મર મોટી સાઈઝના લગાડવામાં આવશે, જેમાં ૫૦૦ કેવીએના ૪ ટ્રાન્સફોર્મર, ૨૦૦ કેવીએના ૮ ટ્રાન્સફોર્મર અને ૧૦૦ કેવીએના ૧૪ ટ્રાન્સફોર્મર મોટી સાઈના લગાડવાનું આયોજન કરાયું છે. તેમજ વીજભાર ઘટાડવા ફીડરના વિભાજનની કામગીરી હાથ ધરાશે તેવું પીજીવીસીએલની યાદીમાં જણાવ્યું છે.

ફોકિયાના ઉપક્રમે અંજારમાં ફાયર સેફટી સેમિનાર યોજાયો

ભુજ : ફેડરેશન ઓફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન દ્વારા અંજાર ખાતે ફાયર સેફટી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારમાં સ્પોર સેફટી ઈન્ડિયા લિમિટેડના હિતેશ ધરમશી મુખ્ય વક્તા તરીકે હાજર રહ્યા હતા. રાજય સરકારના ફાયર પ્રિવેન્શન અને લાઈફ સેફટી મેઝર્સ એકટ ૨૦૧૩ અને તેમાં વખતો વખત બહાર પાડવામાં આવતી નવી અધિસૂચનાઓ અને અધિસૂચનાની ફેક્ટરી એકેટ હેઠળ નોંધાયેલા અકમો તથા કોમર્શિયલ બાંધકામો જેવા કે શાળાઓ, હોટેલો, હોસ્પીટલો, કમર્શિયલ બિલ્ડીંગો દ્વારા લેવાવા જોઈતા ફાયર સેફટી માટેના પગલાઓ પર વિસ્તૃત સમજ આપી હતી. આ પ્રસંગે કચ્છમાં કાર્યરત વિવિધ પ્રકારના ઉદ્યોગો જેવા કે કેમિકલ, સ્ટીલ, ફર્ટીલાઈઝર, ઓઈલ જેટી સોપરેશનરન, ટેંક ફાર્મ, ટેકસટાઈલ, એડીબલ ઓઈલ રીફાઈનરી વગેરે માં ઉપયોગી થાય તેવા કાયર ફાઈટીંગ માટેના વિવિધ પ્રકારના સાધનો અંગે સમજ અપાઈ હતી. અમુક સાધનો સ્થળ પર પ્રદર્શન અર્થે મુકવામાં પણ આવ્યા હતા. હિતેશ ફાયર સેફટી મેળવવા માટેની પધ્ધતિ વિશે પણ સમજ આપી હતી. ઔદ્યોગિક અને વાણિજય એકમો ઉપરાંત લોકોની વધુ અવરજવર ધરાવતા તમામ સ્થળો માટે ફાયર સેફટી ના ચોક્કસ નિયમો બનાવવામાં આવ્યા છે આવા સ્થળો પર ફાયર સેફટી ના જરૂરી ઉપકરણો ઈન્સ્ટોલ થયા બાદ ફાયર એનઓસી મેળવવાની જવાબદારી એકમ સંચાલકની રહે છે કોઈપણ સ્થળ પર ફાયર સેફટી માટે યોગ્ય તકેદારી રાખવાથી દુર્ઘટનાઓ ટાળી શકાય છે. સેમિનાર ૫૦થી વધારે ઔદ્યોગિક ક્ષેત્રમાંથી ૧૫૦થી વધારે અધિકારી - કર્મચારીઓ, ઔદ્યોગિક વાણિજય એકમના પ્રતિનિધિઓ, વેપારી મિત્રો, હોટેલિયર, શૈક્ષણિક સંસ્થાઓ પ્રતિનિધિઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. સેમિનારમાં ફોકિયાના મેનેજિંગ ડિરેક્ટર નિમિશ ફડકે અને જોઈન્ટ ડિરેક્ટર શરદ ભાટિયા હાજર રહ્યા હતા. કાર્યભાર મમતા વાસાણી, અનીશ શેખ, રોનક પ્રજાપતિ, ક્રુવલ ગુક્કર અને ભરતભાઈ બારોટે તથા નફીઝ મલેકે લીધેલ હતો.

નખત્રાણા ગ્રામ પંચાયતના પૂર્વ ઉપસરપંચ દ્વારા ૨૦ અતિ કુપોષિત બાળકોને દત્તક લેવાયા

નખત્રાણા : આઈસીડીએસ ખાતે નખત્રાણા જૂથ ગ્રામ પંચાયતના પૂર્વ ઉપસરપંચ નૈતિક પાંચાણી અને એમના પત્ની નેહા પાંચાણી દ્વારા તેમના પુત્ર કર્તવ્યના જન્મ દિવસ નિમિતે ૨૦ અતિ કુપોષિત બાળકોને દત્તક લેવામાં આવ્યા હતા. ભૂતકાળમાં પણ નૈતિકભાઈ પાંચાણી દ્વારા ૨૦૦થી વધારે કુપોષિત બાળકોને દત્તક લઈને કુપોષણ મુક્ત કરવામાં મદદ કરી છે તેવું સીડીપીઓ દ્વારા જણાવ્યું હતું. કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ અધિકારીઓ દ્વારા કર્તવ્યને જન્મ દિવસની શુભેચ્છાઓ પાઠવી હતી અને ભવિષ્યમાં પણ નૈતિકભાઈ પાંચાણી દ્વારા સેવા કાર્યો કરતા રહે એવી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે નખત્રાણા ગ્રામપંચાયતના પૂર્વ સરપંચ લીલાબેન પાંચાણી પણ ઉપસ્થિત રહ્યા હતા.

બે મહિનાથી વિજધાંધિયાથી ત્રસ્ત કોઠારાની જનતાએ પીજીવીસીએલને તાળાબંધી કરતા અધિકારીઓ ભાગી છૂટ્યા

જ્યોતિગ્રામ ફીડરમાં અન્ય ગામો જોડી દેવાતા ગરમીમાં શેકાતી જનતાએ પરચો દેખાડતા ધારાસભ્ય, ડિવિઝન ઈજનેરે મધ્યસ્થી કરી સમસ્યા ઉકેલવા ખાતરી આપી

નલિયા : છેલ્લા સતત બે મહિનાથી કોઠારામાં વિજધાંધીયાથી ત્રસ્ત જનતાએ કોઠારાની પીજીવીસીએલ કચેરીને તાળાબંધી કરતા જવાબદાર અધિકારીઓ ભાગી છુટવા સાથે જનતાના રોષને જોઈ ધારાસભ્ય અને ડીવીઝન ઈજનેરને સમસ્યા ઉકેલવા ખાતરી આપતા લોકરોષ શાંત પડયો હતો. કોઠારામાં જ્યોતિગ્રામ ફીડરમાં છેલ્લા ૨ માસથી સતત વિજધાંધીયા હોઈ પ્રજા ત્રાહીમામ પોકારી ઉઠી હતી.છેવટે ગઈકાલે ત્રસ્ત બનેલા નાગરીકોએ કોઠારાની પીજીવીસીએલ કચેરીને ઘેરાવ કરી તાળાબંધી કરતા જવાબદાર અધિકારીઓ ભાગી છુટયા હતા.આ અંગે કોઠારા તથા આજુબાજુના નાગરીકોના જણાવ્યા મુજબ કોઠારાના જ્યોતિગ્રામ ફીડરમાં અન્ય ગામોને જોડી દેવાતા સમસ્યા સર્જાઈ હતી.સમયસર સમારકામ ન થતા આકરી ગરમીમાં નાગરીકો અકળાઈ ઉઠતા પીજીવીસીએલના અધિકારીઓ પ્રજાના રોષનો ભોગ બન્યા હતા.આ અંગે ભાગી છુટેલા અધિકારીઓ દ્વારા નખત્રાણા વિભાગના ડીવીઝનલ ઈજનેર શ્રી રાઠોડને જાણ કરાતા તેઓ તાબડતોડ કોઠારા પહોંચી ગયા હતા.અબડાસાના સતત સક્રીય ધારાસભ્યને પણ તેની જાણ થતા તેમણે અધીકારીઓનો ઉધડો લીધો હતો.આખરે પ્રજાકીય લડતનો જીત થઈ હતી અને ધારાસભ્ય અને પીજીવીસીએલના ઉચ્ચ અધીકારીઓ દ્વારા સમસ્યા તાત્કાલિક ઉકેલવા ખાતરી અપાતા લોકરોષ શાંત પડયો હતો.તાલુકા પંચાયત પ્રમુખ મહાવીરસિંહ જાડેજાએ પણ સ્થળ પર ધસી જઈ લોકોની સમસ્યા જાણી આશ્વાસન આપ્યું હતું.

દરમ્યાન કોઠારાના સામાજીક અગ્રણી ઈકબાલભાઈ મંધરાએ અબડાસાના પ્રાંત અધિકારીને ગત શુક્રવારે તા.૨૮ જુનના લેખીત રજુઆતમાં જણાવ્યું હતું કે કોઠારા ગામને સ્વતંત્ર ફીડર આપવામાં આવે.તેમણે પત્રમાં કોઠારા ગામ તાલુકાના વેપાર અને વસતીની દષ્ટિએ અગત્યનું ગામ હોઈ ૭ હજાર જેટલી વસતી ધરાવે છે.છેલ્લા ૧૨ મહિનાથી ગામમાં વીજળી બાબતે વારંવાર મુશ્કેલી સર્જાય છે.૫૦ ગામના લોકો પોતાના કામ અર્થે કોઠારા આવતા હોય છે અને વિજળીના લીધે વારંવાર મુશ્કેલી પડી રહી છે.એક વરસ અગાઉ કોઠારા ગામનું જ્યોતિગ્રામ યોજનાનું સ્વતંત્ર ફીડર હતું જેના લીધે પ્રશ્નો ઓછા ઉભા થતા હતા. હાલ બાર મહિનાથી કોઠારાના ફીડરને અન્ય અંદાજે સાતેક જેટલા અન્ય ગામો સાથે જોડી દેવાતા સામાન્ય વિજળીનો પ્રશ્ન ઉભો થાય તો કોઠારા ગામની વિજળી બંધ કરી દેવામાં આવે છે.તેમણે આ સમસ્યાના ઉપાય દર્શાવી કોઠારાને સ્વતંત્ર ફીડર ફાળવવા સાથે કોઠારા ફીડરમાં જોડી દેવાયેલા અન્ય ગામોની વિજ સમસ્યા પણ હળવી થાય તેવા પગલા તાત્કાલિક લેવા માંગ કરી હતી.

કેડીસીસી બેંક નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિ-માસિક ગાળામાં ૧.૧૦ કરોડનો કર્યો નફો

ભુજ : ધી કચ્છ ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો - ઓપરેટીવ બેંક લિ. દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના પહેલા કવાર્ટર્સમાં રૂા. ૧.૧૦ કરોડનો નફો કરવામાં આવ્યો છે. પાયલોટ પ્રોજેકટ અંતર્ગત સમગ્ર કચ્છના પશુપાલકોના ૨૭,૦૦૦થી વધુ ખાતા ખોલવામાં આવ્યા છે. જયાં બેંક સુધી ગ્રાહકો પહોંચી નથી શકતા તેવા છેવાડાના વિસ્તારમાં માઈક્રો એટીએમ દ્વારા બેંકની સુવિધા સમગ્ર જિલ્લામાં શરૂ કરવામાં આવી છે. ૧૦૫ માઈક્રો એટીએમ એક્ટિવ કરવામાં આવ્યા છે. નજીકના ભવિષ્યમાં ૪૦૦થી વધુ માઈક્રો એટીએમ ઈસ્યુ કરી સમગ્ર કચ્છ વિસ્તારને આવરી લેવાનો બેંકનો ટાર્ગેટ છે.

બેંકની આર્થિક પરિસ્થિતિ મજબૂત થતા બેંક દ્વારા ટૂંક સમયમાં જ જિલ્લામાં વિવિધ વિસ્તારમાં બેંકની શાખાઓ ખોલવામાં આવશે. નજીકના ભવિષ્યમાં મોબાઈલ બેંકિંગ, ઓનલાઈન બેંકિંગની સેવાઓ પણ શરૂ કરવામાં આવશે. હાલે બેંક દ્વારા ખેડૂતોને ૦ ટકા વ્યાજે કે.સી.સી. ધિરાણ તેમજ અન્ય લોન જેવી કે, પશુપાલન, ગોડાઉન લોન, સુવિધા લોન, હાઉસીંગ લોન, મોર્ગેજ લોન, ગોલ્ડ લોન, એજ્યુકેશન લોન તેમજ વાહન લોન આપવામાં આવે છે. આકર્ષક વ્યાજદરે ડિપોઝીટ પણ સ્વીકારવામાં આવે છે. સરકારના પાયલોટ પ્રોજેકટ હેઠળની કામગીરીમાં દરેક સહકારી સંસ્થાઓ તેમજ તેમના સભાસદોના એકાઉન્ટ બેંકમાં ખોલવામાં આવેલ છે. જેથી સહકારી સંસ્થાઓ પણ મજબૂત થશે. બેંકને સહકાર આપવા બદલ સૌ સહકારી આગેવાનો, બેંકના થાપણદારોના ચેરમેન દેવરાજ ગઢવીએ આભાર વ્યક્ત કર્યો હતો.

ભુજના મુન્દ્રા રિલોકેશન સાઈડમાં રોડની હાલત પહેલા વરસાદમાં ખરાબ

ભુજ : શહેરનો મોટા વિસ્તાર ધરાવતો મુન્દ્રા રિલોકેશન સાઈડના લોકોની લાંબા સમયથી રોડનું કામ નબળો થતો હોવાની ફરિયાદો છતાં નગરપાલીકાએ ધ્યાન આપ્યો નહી. હાલમાં પડેલા વરસાદથી રોડ ઉપરાંત તેની બાજુમાં લાગવામાં આવેલ ઈન્ટરલોકમાં બહાર આવી ગયા હતા. કરોડો રૂપીયાના ખર્ચ વિકાસ માટે અને ખાસ કરીને શહેરની સુખાકારી વધે એ માટે સરકાર કરોડો રૂપીયાની ગ્રાન્ટ તો ફાળવે છે. પરંતુ સમયાતરે તેમા ભષ્ટ્રાચારી આંખલાઓ ખાયકી કરતા હોવાની ફરીયાદો પણ ઉઠે છે. ઘણીવાર તો ભષ્ટ્રાચારના બોલતા પુરાવા સામે આવે છે પરંતુ કોઈ કાર્યવાહી થતી નથી અને તેથીજ હજુ પણ આવી પ્રવૃતિ અવીરત ચાલુ છે. સરકાર માને કે ન માને. ત્યારે આવાજ બોલતા પુરાવા સમાન ઘટના સામે આવી છે. ભુજમાં ગુરૂવારે થોડો વરસાદ પડ્યા બાદ અનેક સ્થળે પાણી ભરાયા હતા અને લોકોને પારાવાર મુશ્કેલી થઈ હતી ત્યારે મુન્દ્રા રિલોકેશન સાઈડમાં આવેલી સરકારી વસાહત, સિદ્ધિ વિનાયક સોસાયટી, કતીરા કોમ્પલેક્ષ માં નવો જ બનેલો રોડ વરસાદમાં જાણે તણાઈને આગળ આવી ગયો હોય તેવા તસ્વીરો સામે આવી છે. જાણે વિકાસને પગ આવ્યા હોય તેમ રોડ ચાલીને આગળ વધતો હોય તેમ ડામર ઉખડી ગયો હતો. તો ક્યાક ગાબડા પડ્યા હતા જો કે ચોમાસામાં આવા દ્રશ્યો સામાન્ય છે.પરંતુ કલેકટકથી લઈ તંત્રની વડી કચેરીઓ જયા આવેલી છે ત્યાજ આવુ નબળુ કામ ઘણુ કહી જાય છે. લોકોએ તસ્વીર સાથે સવાલો પણ ઉઠાવ્યા હતા. પરંતુ આ નબળી કામગીરી ની તપાસ થશે? કે નહી તે મોટો સવાલ છે.

કુંભારીયા-જામથડા અને નિરોણામાંથી કેબલ ચોરાયા

માનકુવામાં ચાર્જીગમાં રાખેલો મોબાઈલ ઉઠાવી જવાયો

ભુજ : જિલ્લામાં પવનચક્કીના કેબલ વાયરની ચોરીની ઘટનાઓ વધી રહી છે ત્યારે વધુ ત્રણ કિસ્સા પોલીસ ચોપડે ચડ્યા છે. માંડવી તાલુકાના ગઢશીશા પોલીસ સ્ટેશનેથી પ્રાપ્ત વિગતો મુજબ જામથડા ગામની પશ્ચિમ બાજુએ આવેલ એ.આર.એન્ટરપ્રાઈઝ સોલાર પ્રોજેકટમાંથી ચોરી થઈ હતી. કોઈ અજાણ્યા ઈસમોએ ૨૧૦૦ મીટર કોપર કેબલ વાયર કાપી લીધો હતો. જેની કિંમત ૮૦ હજાર આંકવામાં આવી છે. જે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. આ તરફ નિરોણા સીમ વિસ્તારમાં કેબલ વાયરની ચોરી થઈ હતી. બિબ્બરથી ચંદ્રનગર સીમ વિસ્તારમાં પસાર થતી સુઝલોન કંપનીની પવનચક્કીની વીજલાઈનમાંથી ૩૦ મીટર વાયર અને વીજતાર જોડવાના કન્ડકટર મળી ૪૫૦૦ ની ચોરી થઈ હતી. જેમાં પોલીસે ખારડીયાના બળવંતસિંહ સાવંતસિંહ સોઢા અને દેવીસરના અબ્દુલ હાજી ધલની અટક કરી હતી. જયારે અંજાર તાલુકાના બીટા વલાડીયા સીમમાં આવેલ પવનચક્કી નંબર જી.એમ. ૯૪ અને કુંભારીયા સીમમાં આવેલ પવનચક્કી નંબર જી.એમ. ૯૦, ૧૧૮ માંથી ચોરી થઈ હતી. નાની ખેડોઈના સુર્યદીપસિંહ ધીરૂભા જાડેજાએ નોંધાવેલી ફરિયાદ પ્રમાણે કોઈ અજાણ્યા ઈસમોએ ત્રણેય પવનચક્કીમાંથી ૪૮૦ મીટર અર્થીંગનો કોપર વાયર ચોરી ગયા હતા. જેની કિંમત ૪૦ હજાર રૂપિયા આંકવામાં આવી છે. દરમ્યાન ભુજ તાલુકાના માનકુવા ગામે ખડીયા વિસ્તારમાં આલ્ફા ફુટ મંડીની સામે ચોરીનો બનાવ બન્યો હતો. ફરિયાદી જીતેશભાઈ બાબુલાલ ચાવડા નામના યુવાને પોતાના મકાનની ચાલીમાં આવેલ મકાનની બારીમાં ચાર્જીગમાં ફોન રાખ્યો હતો. કોઈ ઈસમે ૨૫ હજારનો મોબાઈલ ચોરી લેતા માનકુવા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

ગરડા પંથક રબારી સમાજ તથા યુવા સંગઠન દ્વારા સરસ્વતી સન્માન સમારોહ

નખત્રાણા : ગરડા પંથક રબારી સમજ તથા યુવા સંગઠન ટીમ દ્વારા આજે તા ૩૦-૬ના સાંજે ૭ કલાકે વાયોર રબારી સમાજવાડી મધ્યે વિદ્યાર્થીઓને સન્માનવા સરસ્વતી સન્માન સમારોહ યોજવામાં આવશે. સમાજના શૈક્ષણિક ક્રાંતિ અને સમાજના યુવાનોમાં શિક્ષણ પ્રત્યેરૂચિ જાગે તે હેતુસર સમાજના તેજસ્વી તારલા જે સારા માર્ક્સ અને ટકા મેળવી ઉર્તિણ થયા છે. સમાજનું ગૌરવ વધાર્યું છે તેમણે સમાજ તથા યુવા સંગઠન ટીમ સન્માન કરશે

આ પ્રસંગે રબારી સમાજના ધર્મગુરૂ, સંતો-મહંતો, શિક્ષણ પ્રેમી નાત આગેવાનો મોવડીઓ યુવા ટીમ ભુવાજીઓ ઉપથિત રહેશે. આયોજનથી બાળકોમાં ઉત્સાહ વધશે અને સમાજમાં શિક્ષણનું સ્તર ઊંચું આવશે એવું યુવા સંગઠન ટીમની યાદીમાં જણાવ્યું હતું. સાંજે દિપ પ્રાગટય બાદ સમારોહ યોજવામાં આવશે.

મુંદરાની પીટીસી કોલેજ કચ્છના ટોપરની યાદીમાં

મુંદરા : ગુજરાત રાજય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રથમ અને દ્વિતીય વર્ષ ડી.એલ.એડ વર્ષ ૨૦૨૩-૨૪નું પરિણામ જાહેર કરાયું જેમાં પ્રથમ વર્ષ ૯૮.૫૮ ટકા જ્યારે દ્વિતીય વર્ષનું ૧૦૦ટકા જાહેર કરવામાં આવ્યું છે. મુંદરાની લખમશીભાઈ નપૂ. પ્રા.અધ્યાપન મંદિર (પી.ટી.સી. કોલેજ)માં કચ્છના ટોપર્સની યાદીમાં મુંદરા પીટીસી કોલેજે મેદાન માર્યું છે. ઉચ્ચ ટકાવારી સાથે ઉત્તિર્ણ થઈ કોલેજનું ગૌરવ વધારતા તાલીમાર્થીઓને આર.ડી. વરસાણી એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટી લક્ષ્મીચંદ કેનિયા તથા મેનેજમેન્ટ સમિતિના પ્રમુખ ધર્મેન્દ્ર જેસર, મંત્રી વિશ્રામભાઈ ગઢવી, કોલેજના આચાર્ય રાજેન્દ્ર કુમાવત તથા કોલેજ સ્ટાફ પરિવારે શુભેચ્છા પાઠવી હતી.

કડોલમાં વીજતંત્રની બેદરકારીએ ગાયનો ભોગ લીધો

લખપત તાલુકાના કડોલ ગામે પીજીવીસીએલની બેદરકારીથી ગાયનું મોત થયું હતું. ગામની ડીપી નીચે જીવતા વાયરના સંપર્કમાં આવી જતાં ગાયને વીજ શોક લાગ્યો હતો. વીજશોકથી ગાયનું મોત થતાં ગામના જીવદયા પ્રેમીઓમાં ભારે અરેરાટી ફેલાઈ હતી. ગ્રામજનોએ વીજતંત્રની બેદરકારી મુદ્દે આક્રોશ વ્યાપી ગયો હતો.

ભુજ નગરપાલિકા -ભુજ કચ્છ

ટાઉનહોલ ફાયર સેફટી ઈન્સટોલેશન કરવા કામે બીજો પ્રયત્ન

ભુજ નગરપાલિકા હસ્તક ટાઉનહોલમાં ફાયરસેફટી સીસ્ટમ કંમ્પલીટ ઈન્સટોલેશન કરવા કામે ટેન્ડર આમંત્રિત કરે છે જે http://www.nprocure.com પર ૧૫માં નાણાપંચ અનટાઈડ ગ્રાન્ટ વર્ષ ૨૦૨૨-૨૩ તળે તારીખ ૨૯/૦૬/૨૦૨૪ થી સુધી ઉપલબ્ધ છે તેમજ ટેન્ડર ભરવાની છેલ્લી તા.૦૬/૦૭/૨૦૨૪ તથા ફીઝીકલ ડોકયુમેન્ટ તા.૧૧/૦૭/૨૦૨૪ ૧૮:૦૦ કલાક સુધી નગરપાલિકા કચેરીએ પહોચાડવાના રહેશે. રસ ધરાવનાર કોન્ટ્રાકટરોએ ઉપરોકત વેબસાઈટ પર બાકીની માહિતી મેળવી ટેન્ડર ભરવા ભૌતીક ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી.

મુખ્ય અધિકારી
ભુજ નગરપાલિકા

(નામાનિ/કચ્છ/૧૮૦/૨૦૨૪-૨૫)

ચતુર્થ વાર્ષિક શ્રદ્ધાંજલિ

જોત જોતા માં આપની વિદાયને ચાર વર્ષ પુર્ણ થયા. આપની સાથે વિતાવેલ હરપલ યાદમાં અશ્રુ છલકાયા છે. આપની સેવા, સર્મપણ, સંસ્કાર ભર્યું જીવન અમોને હંમેશા પ્રેરણા આપતું રહેશે. ૐ શાંતિ... ૐ શાંતિ...

સ્વ.હિતેશભાઈ સુરેશભાઈ મજીઠીયા (ઠક્કર)

સ્વ.તા.૩૦/૬/૨૦૨૦, ઉ.વ.૫૨, મૂળ રાપર હાલે ગાંધીધામ

શોકમગ્ન

- સ્વ.લીલાબેન સુરેશભાઈ મજીઠીયા (માતા)
- ગં.સ્વ.પારૂલબેન હિતેશભાઈ મજીઠીયા (પત્ની)
- અ.સૌ.કમલાબેન હરિલાલ મજીઠીયા (કાકી-કાકા)
- ચિ.સ્મિત હિતેશભાઈ મજીઠીયા (પુત્ર)
- ચિ.મલય હિતેશભાઈ મજીઠીયા (પુત્ર)
- અ.સૌ.જાગૃતિબેન જેમ્સભાઈ મજીઠીયા (ભાભી-ભાઈ)
- અ.સૌ.નિમાબેન કિશોરભાઈ દાવડા (બેન-બનેવી) (અમદાવાદ)
- અ.સૌ.નિશાબેન બિમલભાઈ ઠક્કર (બેન-બનેવી) (વડોદરા)
- અ.સૌ.નેહાબેન નાવિનભાઈ માણેક (બેન-બનેવી) (આણંદ)
- અ.સૌ.આરતીબેન તુષારભાઈ આચાર્ય (બેન-બનેવી) (અમદાવાદ)
- અ.સૌ.જીલ્પાબેન હિમાંશુભાઈ પૂજારા (બેન-બનેવી) (અમદાવાદ)
- સ્વ.રામજીભાઈ દામજીભાઈ રાજદે (નાના) (બેલાવાળા)
- રસીકલાલ આણંદજી રાદે (સસરા) (મોરબી)
- હિદ્યા, ધ્યેય ના મોટાપપ્પા • ગરીમા, આયુષ, દેવ, હર્ષિલના મામા

એવમ્ સમસ્ત મજીઠીયા પરિવાર, ગાંધીધામ

:: ગાંધીધામ નગરપાલિકા ::

ઓન લાઈન ટેન્ડરની નિવિદા

માન.ધારાસભ્યશ્રીની ગ્રાંટ હેઠળ ગાંધીધામ નગરપાલિકા વિસ્તારના જુદા-જુદા વિસ્તારમા. કમ્પાઉન્ડ વોલ, રેઈન બસેરા, બેન્ચીસ તથા સી.સી.પેવર બ્લોક રોડ ના કામો તથા ગાંધીધામ ખાતે વોર્ડઃ ડીસી-૨ સ્વામીનારાયણ ગુરૂકુળ ની બાજુમાં આવેલ પંડિત દિનદયાલ ઉપાધ્યાય હોલનો ઓપરેશન અને મઈન્ટેનન્સ ની કામગીરી માટે ના ટેન્ડરો https://tender.nprocure.com ઉપર ઓનલાઈન પબ્લીશ કરવામાં આવેલ છે.

ઓન લાઈન ટેન્ડર ભરવાની અંતિમ તા. ૦૮/૦૭/૨૦૨૪ અને ફીઝીકલ ડોકયુમેન્ટ રજી.એ.ડી.પોસ્ટ થી રજુ કરવાની અંતિમ તા. ૧૫/૦૭/૨૦૨૪ ના સાંજના ૪-૦૦ કલાક રાખવામાં આવેલ છે. જેની લાગતા વળગતા કોન્ટ્રાકટરશ્રીઓને જાણ થાય.

મુખ્ય અધિકારી
ગાંધીધામ નગરપાલિકા

એજન્સીને બગાસા ખાતા પતાસું આવી ગયું કે શું ?

મુંદરામાં નોન બાસમતી ચોખા નિકાસનું કૌભાંડ ઝડપાયું: જો કે, એજન્સી સાથે તોડનું સેટીંગ

જો નોન બાસમતી ચોખાનું કૌભાંડ પકડાયું જ હોય તો તાત્કાલિક ધરપકડની છે જોગવાઈ

કાસેઝમાં દિલ્હીની પાર્ટીની સોપારીના કારસાની સાથે જ ગત રોજ મુંદરામાં મુંબઈની પાર્ટીના ઓઈલ ડીકલેરેશનની આડમાં બેઝઓઈલની તપાસની આશંકા સાથે જ મુંદરામાં બાસમતીના નામે નોનબાસમતી તથા પેરાબોઈલ રાઈસ નિકાસના ૪૦ કન્ટેનરો એજન્સીના હથ્થે ચડી ગયા : દિલ્હીની એજન્સી પાસે વિગતો પહોચતા તવાઈ બોલાવાઈ: ૪૦ કન્ટેઈનરને હોલ્ડ કરાવી ચાલતી છાનબીન

બાસમતી રાઈસ એકસપોર્ટ થાય છે, નોનબાસમતી અને પેરાબોઈલ નથી થતા, હવે કાગળ પર બાસમતી દેખાડીને નોનબાસમતી તથા પેરાબોઈલ રાઈસ કન્ટેઈનરમાથી નીકળ્યાની ચર્ચા :પંજાબની પાર્ટી દ્વારા એજન્સી સાથે સેટીગ ચાલતુ હોવાની ચર્ચા

દિલ્હી સ્થિતી એજન્સી રહે સતર્ક : બાસમતીને પેરાબોઈલ રાઇસ દેખાડીને કરી લેવાશે તોડ

૨૦ ટકા પેનલ્ટીની રકમ ભરી તાત્કાલિક ધરપકડથી બચવા પંજાબની પાર્ટીના અધમપછાડા

ગાંધીધામ : ચોખા ભારતમાંથી નિકાસ કરીશકાય છેપરંતુબાસમતી ચોખા જ કરી શકાયછે. નોન બાસમતી અને પેરાબ્રાઉલ એટલે કે ઉબાળેલા ચોખાની નિકાસ કરવા પર ૨૦ ટકા પેનલ્ટી છે. દિલ્હીની એજન્સીએ જયારે તવાઈબોલાવી દીધી છે ત્યારે હવે જાણકારો કહી રહ્યા છે કે, ૪૦ કન્ટેઈનર નોન બાસમતી ચોખા ઝડપાઈ ગયા છે ત્યારે આ કેસમાં કડક કાર્યવાહીથી બચવાને માટે કયાંક ને કયાંક પાર્ટીએ મુદરાના સીએચએ મારફતે એજન્સીસાથે એવુ સેટીગ ચાલુ કર્યુ છે કે, નોનબાસમતી ચોખાને પેરાબોઈલ ચોખા બતાવી દેવામા આવે અનેતેમાં જેર૦ ટકા ડયુટીભરવાની થાય છે તેને ભરીદેઅને તેઓ કાર્યવાહીથી બચી જાયઅનેમુદામાલ પણ તેનો એકસપોર્ટ થઈ જાય. કયાંક ને કયાંક આ મુજબ તો સેટીંગ નથી ચાલી રહ્યુ ને..?

ગાંધીધામ : કચ્છના મહાબંદરો કંડલા અને મુંદરામાં પાછલા ત્રણ દીવસથીએજન્સીઓ દ્વારા ભેજાબાજ દાણચોર તત્વોને ડામવાની દીશામાં પડાવ નખાયો હોવાના અહેવાલો એક પછી એક સામે આવવા પામી રહ્યા છે અને તેમા વધુ એક કડીરૂપ ગંભીર વાત સામે આવવા પામી રહી છે.

આ બાબતે સહેજ વિગતે વાત કરીએ તો બે રોજ પહેલા કાસેઝની એક પેઢી દ્વારા સોપારી એકસપોર્ટ દેખાડી અને તેને પલટીમારી દીધી અને તેમા માટીભરી દીધી હોવાના ત્રણ કન્ટેઈનરો ઝડપી પાડયા હતા અને તેની કડીરૂપ તપાસનો ધમધમાટ તેજ બની જવા પામ્યો હતો. જેના પગલે જગઈકાલે મુંદરામાં એજન્સીએ વધુ કેટલાક કન્ટેઈનર તપાસના રડારમાં લાવીદીધા હોવાની વાતની સાથે જ મુંબઈની અન્ય એક પાર્ટીના બેઝઓઈલના કન્ટેઈનરો પણ તપાસ હેઠળ હોવાની વાતો ફેલાવવા પામી હતીપરંતુ હકીકતમાં તો આ બન્ને સિવાય એક મોટુ પ્રકરણ મુંદરા બંદર પર મોટાપાયે દિલ્હીની એજન્સીના રડારમાં આવી ગયુ હોવાની વાત સામે આવવા પામી રહી છે.

આ મામલે જાણવા મળતી વધુ વિગતો અનુસાર પંજાબની એક પાર્ટીએ પ્રતિબંધિત એવા નોન બાસમતી ચોખાને નિકાસ કરવાનો કારસો ઘડયો હતો જે ચોકકસ બાતમી એજન્સી પાસે હોવાથીદિલ્હીની એજન્સીએ ગાંધીધામની એજન્સીને આ બાબતે વોચ રાખી તપાસ કરવાનુ કહેતા ગત રોજ આ પાર્ટીના ૪૦ જેટલા કન્ટેઈનર અટકાવી દીધા હતા અને તેની તપાસ કરવામા આવતા તેમાથીપ્રતીબંધિત અને નિકાસ કરવાની સખ્ત મનાઈ છે તેવા નોન બાસમતી ચોખા મળી આવવા પામતા ભારે દોડધામ મચી જવાપામી હતી. નોધનીયછેકે, બાસમતી ચોખા નિકાસકરીશકાયછે પરંતુ નોનબાસમતી ચોખા નિકાસ કરવા પરસ્પષ્ટ પ્રતિબંધ રહેલો છે. તેની સાથે જપેરાબોઈલ રાઈસ એટલે કે, ઉબાડેલા રાઈસ નિકાસ કરવા પર ૨૦ ટકા ડયુટી ભરવાની થતી હોય છે. આમ ૪૦ કનટેઈનરજે પકડાયા છે તેમાં બાસમતીના નામે નોન બાસમતી અનેપેરાબોઈલ રાઈસનો જથ્થો મુદરામાં પકડાઈ જવા પામ્યો છે. હવે આ સમગ્ર બાબતે આગળના ભાગમાં કેવાખુલાસા થવા પામી રહ્યા છે તે તરફ સાના મીટ મંડાયલા છે. આ પ્રકારની કાર્યવાહી પાછળા ત્રણ દીસવથીઅહી થવા પામતી હોવાથી દાણચોર ટાળકીમાં ફફડાટ જ ફેલાઈ જવા પામ્યો છે.

પંજાબની પાર્ટીનું એજન્સીથી સેટીંગ કરાવી રહેલ મુંદરાનો CHA કોણ?

ગાંધીધામ : મુંદરામાં બાસમતી ચોખા દેખાડી અને નોન બાસમતીડીકલેર કરવાના કારસા પર એજન્સી ત્રાટકી છે ત્યારે જાણકારો કહી રહ્યા છે કે, પંજાબની પાર્ટીએ આ કૃત્ય આચર્યુ છે અને તેમાં મુંદરાનો કોઈ સીએચએ હાલમા એજન્સી સાથે તોડ કરાવવાની ગોઠવણીઓ કરી રહ્યો છે. આ સીએચએની ભૂમિકામાં કોણ રહેલુ છે?

નાક કપાયા બાદ કાસેઝ કસ્ટમનું નાટક..!

કાસેઝ બહાર મળેલા પાંચ કન્ટેઈનરમાં એજન્સીને કંઈ હાથ નહી લાગે : પાર્ટી પાડે છે મોટો ખેલ.!

મુંદરાથી સોપારી ડીકલેર કરેલી છે, અને તે જ કન્ટેઈનર અટકાવ્યાછે, તેમાં ડીકલેર ગુડઝ જ નીકળશે તોકસ્ટમ શું પગલા લેશે

ગાંધીધામ : બે રોજ પહેલા કાસેજ કસ્ટમમાંથી એકસપોર્ટના નામે પલટી મારેલી સોપારીની ઘટના સામે આવી હતી તે અમદાવાદ ડીઆરઆઈએ પકડી પાડતા સ્થાનિક કસ્ટમ વિભાગ દ્વારા નાક કપાઈ જતા હવે કાસેઝ બહાર આ જ પાર્ટીના પાંચ વધુ કન્ટેનર અટકાવી તપાસનુ નાટક કરવામા આવી રહ્યુ છે. જાણકારોકહે છેકે, આ કન્ટેઈનર મુંદરાથી આયાત થયા છે, તેમાં સોપારી જ ડીકલેર કરી છે અને સોપારી જ નીકળશે, આજે તેનુ કદાચ એકઝામિનેશન કરવામા આવનાર છે, ડીકલેર ગુડઝ જ નીકળશે તો પછી કંડલા કાસેજ કસ્ટમ પાર્ટીનુ શુ બગાડશે? આ પાર્ટી વિદેશથી સોપારી આયાત કરી ઝોનમાં લાવી, રી એકસપોર્ટ દેખાડી અને તેને પલટી મારવાનો ખેલ ખેલે છે. એટલે હાલમાં જે કન્ટેઈનર અટકાવાયા છે તેમાથી કસ્ટમને કઈ જ નહી મળે સિવાય કે નાક કપાયા બાદ કાર્યવાહી કરી હોવાના સંતોષથી.

મેઘરાજાનો ટી૨૦ સમો મિજાજ : કચ્છમાં ધોધમાર વરસાદ

ભુજ : શનિવારે રાતે ટી૨૦ વર્લ્ડકપમાં ભારતના ભવ્ય જીતની મેઘરાજાએ પણ ઉજવણી કરી હોય તેમ આજે સવારે જિલ્લા મથક ભુજ - ગાંધીધામ સહિત કચ્છના વિવિધ વિસ્તારોમાં ધોધમાર વરસાદ થયો હતો. મેઘરાજાએ ટી-૨૦ જેવા મીજાજ સાથે હેત વરસાવ્યું હતું. સવારે ૧૧ વાગ્યાના અરસામાં જિલ્લા મથક ભુજમાં અષાઢી માહોલ વચ્ચે વરસાદ શરૂ થયો હતો. પવનના પાંખે ખેંચાઈ આવેલા વરસાદથી જોતજોતામાં શહેર પાણી પાણી થઈ ગયું હતું. રવિવારના રજાના દિવસે થયેલા વરસાદથી ભુજવાસીઓમાં આનંદ છવાઈ ગયો હતો. રવિવારના રજાના દિવસે મેઘમહેર વરસતા બાળકો અને યુવાનો વરસાદની મજા માણવા નિકળી પડયા હતા. જો કે ધોધમાર વરસાદના પગલે જયુબીલી ગ્રાઉન્ડ, બસ સ્ટેશન અને વાણીયાવાડ વિસ્તારમાં જળભરાવ થતા રાહદારીઓ અને વાહન ચાલકોને હાલાકી ઉઠાવવી પડી હતી. અનેક ટુ વ્હીલર વાહનો પાણી ભરાઈ જતા બંધ પડી ગયા હતા. શહેરના નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ જતા લોકોને હાલાકી વેઠવી પડી હતી. ભુજ ઉપરાંત ભુજોડી, કુકમા, મિરજાપર,

રવિવારે મેઘરાજાએ જિલ્લા મથક ભુજ પર મનમુકીને વરસાવ્યું હેત : શહેરમાં ઠેરઠેર થયો જળભરાવ : ગાંધીધામમાં પણ મેઘરાજાની તોફાની બેટીંગ : મુંદરા - માંડવી પંથકમાં પણ વરસ્યું કાચું સોનુ : અંજારમાં ઝાપટા સ્વરૂપે વરસાદે પુરાવી હાજરી

સુખપર, સામત્રા, કુરબઈ વગેરે ગ્રામ્ય વિસ્તારોમાં પણ કાચુ સોનું વરસ્યું હતું.

સામત્રા પાસે થયેલા ભારે વરસાદના પગલે ભુજ - નખત્રાણા હાઈવે પર પાણી ફરી વળ્યા હતા. દેશલપર, વાંઢાય સહિતના વિસ્તારમાં ભારે વરસાદી ઝાપટાંથી પાણી વહી નિકળ્યા હતા. પૂર્વ કચ્છના ગાંધીધામ શહેરમાં પણ ભારે વરસાદી ઝાપટાંથી નિચાણવાળા વિસ્તારોમાં જળભરાવ થયો હતો. રજાના દિવસે થયેલા વરસાદને માણવા સંકુલવાસીઓ નિકળી પડયા હતા. અંજાર પંથકમાં પણ સવારથી જ ઝાપટાં સ્વરૂપે વરસાદનો દોર શર થયો હતો. મેઘાડંબર અને ભારે બફારા વચ્ચે વરસાદ થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

કાંઠાળ પટ્ટીના મુંદરા - માંડવી વિસ્તારમાં પણ મેઘરાજાએ હાજરી પુરાવી હતી. માંડવી તાલુકાના બાયઠ, લાયજા, બાડા, મકડા ઉપરાંત મુંદરા તાલુકાના ફાચરીયા, વડાલા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી ઝાપટાથી માર્ગ અને ખેતરમાં પાણી વહી નિકળ્યા હતા. માંડવી તાલુકાના ગઢશીશા પંથકમાં પણ વરસાદી ઝાપટાં વરસ્યા હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે.

કચ્છભરમાં જુન મહિનાના અંતિમ દિવસે અષાઢી માહોલ છવાયો છે. વાદળછાયા વાતાવરણ વચ્ચે વધુ વરસાદ થવાની આશા બંધાઈ છે. કચ્છના નૂતન વર્ષ અષાઢી બીજને આડે હવે એક અઠવાડિયું જ બાકી રહ્યું છે ત્યારે અષાઢી બીજ પૂર્વે જ કચ્છ પર મેઘરાજાએ હેત વરસાવતા કચ્છવાસીઓમાં આગોતરો આનંદ છવાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાછલા એક અઠવાડિયાથી અસહ્ય ગરમી અને બફારાથી કચ્છવાસીઓ મેઘરાજા સચરાચરી મેઘ મહેર વરસાવે તેવી વીનવણી કરી રહ્યા છે. આદ્રા નક્ષત્રના પ્રારંભ સાથે કચ્છમાં ચોમાસુ વરસાદની શરૂઆત થઈ છે. પરંતુ મેઘરાજા મન મુકીને વરસતા ન હોવાથી ગરમી અને બફારો યથાવત રહ્યા છે ત્યારે આજે સવારે ભુજમાં એકાદ કલાક સુધી વરસેલા ધોધમાર વરસાદના પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. જો કે વરસાદ શરૂ થતા જ શહેરના વિવિધ વિસ્તારોમાં રાબેતા મુજબ વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો.

શાબાશ છે, વાગડના વીર વિરેન્દ્રસિંહને..!

રાપરના ધારાસભ્યની રજુઆત ફળી : આજે સવારથી અંતે કચ્છ શાખા નહેરમાં નર્મદા મૈયાના નીર વહેતા થયા

કચ્છઉદય દ્વારા પણ એકાદ સપ્તાહ પૂર્વે રાજકીય જગતને આગળ આવી, સરકાર તબક્કે રજુઆત કરવાની મુકાઈ હતી ટહેલ : વિરેન્દ્રસિંહ જાડેજાએ મુખ્યપ્રધાનને રૂબરૂમાં મળી રજુઆત કર્યા બાદ નર્મદા નીર છોડવામાં આવતા ખેડુતોમાં ખુશીની લહેર

ગાંધીધામ : કાળાજળ ગરમી અને તેમાંય વરસાદ ખેંચાવવાની સર્જાયેલી સ્થિતીને જોતા આજથી એકાદ પખવાડીયા પહેલા કચ્છ શાખા નહેરમાં નર્મદા મૈયાના નીર છોડવા માટેની પ્રબળ માંગણીઓ ખેડુત વર્ગમાથી ઉઠવા પામી હતી જે અંગે રાપરના ધારાસભ્યશ્રીએ સરકાર તબક્કે રજુઆત કરતા આજ રોજ અંતે નર્મદા નીર છોડવામા આવતા ખેડુતોમાં ખુશીની લહેર ફરી વળવા પામી છે.

નોધનીય છે કે, કચ્છ શાખા નહેર આધારિત પીવા, વાપરવા તેમજ સિંચાઈ માટે અતિ જરૂરી નર્મદાના નીર કચ્છ શાખા નહેરમાં છોડાવવા વાગડ વિસ્તારના અસંખ્ય ગામોમાં આગેવાનોની રૂબરમાં ફોન પર તેમજ લેખિતમાં માંગણીઓ ધ્યાને લઈને રાપર મત વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય શ્રી વિરેન્દ્રસિહ જાડેજા દ્વારા મુખ્યપ્રધાનશ્રીને રૂબરૂમાં મળી અને રજુઆત કરી હતી. સ્થાનિકની સ્થિતીનો તાગ તેઓએ સરકાર તબક્કે ધારદાર રીતે રજુ કર્યો હતો અને તે બાદ સીએમશ્રીએ તરત જ આ બાબતે સબંધિત અધિકારીઓને જરૂરી સુચનો સાથે માર્ગદર્શન આપ્યુ હતુ. રાપર મત વિસ્તારના જાગૃત ધારાસભ્ય શ્રી જાડેજાના અથાગ પ્રયાસોથી આજે તારીખ ૩૦મી જુનના રોજ સવારે મુખ્ય નહેરમાંથી કચ્છ શાખા નહેરમાં નર્મદા મૈયાના નીર વહેતા કરવામા આવ્યા છે. અને તેથી લાભાન્વિત થનાર ખેડુતોમાં ખુશીની લહેર ફરી વળી છે.

નોધનીય છે કે, કેબીસીમાં નર્મદા નીર વહેલાસર છોડવામા આવે, વરસાદ ખેંચાઈ રહ્યો છે અને આ માટે જરૂરી એવી રજુઆત સરકારના કાને પહોચાડવા માટે કચ્છનું રાજકીય જગત આગળ આવે તેવી ટહેલ કચ્છઉદય દ્વારા પણ આજથી આઠ-દસ દીવસ પૂર્વે કરવામાં આવી હતી.